પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨
તા. ૧૨-૨-૨૦૨૬, ગુરૂવાર
વર્ષ: ૧૪, અંક: ૨૮૬
Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

વ્યકિત સારી લાગે તેના કરતાં વ્યકિત મારી લાગે ને ત્યારે સંબંધ સાચો બાકી બધો સ્વાર્થનો સંબંધ છે.

**સરકારને ઢંઢોળવા ગાંધીનગરમાં સોમવારે કોંગ્રેસની જંગી સભા**

(વાંચો છેલ્લા પાને)

### વિકાસ કરનારાઓને કોઈપણ જાતની મંજૂરીની જરૂરિયાત નથી

# ટીપી કે એન.એ. ન થયું હોય તો પણ જરૂરિયાત હોય તો જમીનનો ઉપયોગ કરી શકાશે

## નવા નિર્ણયથી રહેણાંક, વ્યાપારી અને ઔદ્યોગિક પ્રોજેક્ટ્સ માટેની પ્રક્રિયા ઘણી સરળ અને ઝડપી બનશે: રાષ્ટ્રીય રિયલ એસ્ટેટ કંપનીઓ ગુજરાતમાં પ્રવેશ કરશે

**અબતક, રાજકોટ**

સરકાર રાજ્યમાં પ્રોજેક્ટ્સ ઝડપથી પૂર્ણ થાય અને વહીવટી પ્રક્રિયા સરળ બને તે માટે એક ક્રાંતિકારી ફેરફાર કરવા જઈ રહી છે. તાજેતરમાં સરકારે ટાઉન પ્લાનિંગ સ્કીમ હેઠળ આવતા વિસ્તારોમાં બિન-ખેતી પ્રમાણપત્ર મેળવવાની ફરજિયાત જરૂરિયાતને નાબૂદ કરવા પર સક્રિયપણે વિચારણા બાદ હવેપરમિટેડ ટિલ પ્રોહિબિટેડ પોલિસી અંગે વિચારણા કરી રહી છે. આ એક મોટો અને મહત્વપૂર્ણ ફેરફાર છે જે રિયલ એસ્ટેટ, શહેરી વિકાસ અને જમીન વપરાશના નિયમોમાં આવી શકે છે.એટલે હવે વિકાસ કરનારાઓને કોઈપણ જાતની મંજૂરીની જરૂરિયાત નથી. ટીપી કે એનએ ન થયું હોય તો પણ જરૂરિયાત હોય તો જમીનનો ઉપયોગ તાકીદે કરી શકાશે.



આ નિર્ણયથી રહેણાંક, વ્યાપારી અને ઔદ્યોગિક પ્રોજેક્ટ્સ માટેની પ્રક્રિયા ઘણી સરળ અને ઝડપી બનશે.

ગાંધીનગરમાં મળેલી ઉચ્ચ સ્તરની બેઠકમાં કેન્દ્ર સરકારના અધિકારીઓ અને રાજ્યના તમામ વિભાગોના સચિવો હાજર હતા. ગુજરાત સરકારે કેન્દ્ર સરકારને ખાતરી આપી છે કે ટાઉન પ્લાનિંગ સ્કીમો (ડ્રાફ્ટ અને ફાઈનલ બંને) હેઠળ આવતા વિસ્તારોમાં એનએ પ્રમાણપત્ર લેવાની ફરજિયાત જોગવાઈને દૂર કરવાની સાથે કેન્દ્ર સરકારની ભલામણોને આધારે ગુજરાત સરકાર ડિમાન્ડ-ડ્રિવન લેન્ડ યુઝ (માંગ આધારિત જમીન વપરાશ) અને 'પરમિટેડ અનટિલ પ્રોહિબિટેડ' સિદ્ધાંત અપનાવવાનું વિચારી રહી છે. આનો અર્થ એ થાય છે કે જમીન પર કોઈપણ પ્રકારનો વિકાસ અથવા બાંધકામ મંજૂર માનવામાં આવશે, સિવાય કે તેને સ્પષ્ટપણે પ્રતિબંધિત કરવામાં

(અનુ. આઠમા પાને)

**શું ફાયદાઓ થશે**

૧. રહેણાંક, વ્યાપારી, ઔદ્યોગિક પ્રવુતિઓને પ્રોત્સાહન મળશે.
૨. માસ્ટર પ્લાન તૈયાર થઈ રહ્યો હોય ત્યારે પણ બાંધકામ શરૂ કરી શકાશે.
૩. નોન-એગ્રીકલ્ચર પરમિટની જરૂરિયાત ટાઉન પ્લાનિંગ વિસ્તારોમાં ઘટાડવાની દિશામાં પગલાં લેવામાં આવી રહ્યા છે જેથી રિયલ એસ્ટેટ વેગવંતો બનશે.

# "ભારત બંધ"ની ગુજરાતમાં કોઈ અસર નહીં: બેન્ક હડતાલથી કરોડોના વ્યવહાર ખોરવાયા

## અમેરિકા સાથેની ટ્રેડ ડીલમાં ખેડૂત સંગઠનો અને ટ્રેડ યુનિયન દ્વારા અપાયું છે ભારત બંધનું એલાન: ૪ લેબર કોડ રદ કરવાની માંગ સાથે રાજયની ૩૬૭૮ બેન્કોની શાખાના ૨૫૦૦૦ કર્મચારીઓ હડતાલમાં જોડાયા: સુત્રોચ્ચાર

**અબતક, રાજકોટ**

ભારત અને અમેરિકા વચ્ચે થયેલી ટ્રેડ ડીલથી દેશના ખેડુતોને ભારે નુકશાની થવાની ભીતિના વિરોધમાં આજે વિવિધ ખેડુત સંગઠનો અને દેશના ૧૦ મુખ્ય ટ્રેડ યુનિયન દ્વારા ભારત બંધનું એલાન આપવામાં આવ્યું છે. જેની ગુજરાત પર કોઈ અસર જોવા મળી નહતી. સરકારી કચેરીઓમાં બંધની અસર થોડા ઘણા અંશેજોવા મળી હતી. પરંતુ બજારો ખૂલ્લી રહી હતી. બીજી તરફ ચાર લેબર કોડ રદ કરવાની માંગ સાથે આજે બેંક કર્મચારીઓની હડતાલથી રાજયમાં કરોડો રૂપીયાના વ્યવહાર ખોરવાય ગયા હતા. બેંક કર્મચારીઓ અને એલઆઈસી કર્મચારીઓએ સુત્રોચ્ચાર પોકાર્યા હતા. વીજ કર્મચારીઓ પણ અર્ધા કલાક માટે હડતાલમાં જોડાયા હતા. જોકે વીજ પુરવઠા પર કોઈજ અસર પડી ન હતી.

કેન્દ્ર સરકારની આર્થિક નીતિઓ ભારત અને અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલથી ખેડુતોને મોટી નુકશાની થવાની દહેશત, નવા શ્રમ કાયદાના વિરોધમાં આજે સંયુકત કિસાન મોરચા ઉપરાંત દેશના ૧૦ મુખ્ય ટ્રેડ યુનિયન જેવા કે આઈએનટીયુસી, એઆઈટીયુસી, સીઆઈટીયુ અને એચએમએસ દ્વારા ભારત બંધનું એલાન આપવામાં આવ્યું છે. બંધ દરમિયાન કરોડો કામદારો વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. ભારત બંધની ગુજરાતમાં કોઈજ અસર દેખાય ન હતી. સરકારી અને અર્ધ સરકારી કચેરીઓ બંધ જોવા મળી હતી પરંતુ મુખ્ય બજારો ખૂલ્લી જ




રહી હતી. બંધનું એલાન ગુજરાતમાં એકંદરે નિષ્ફળ રહ્યું હતુ. બીજી તરફ નવા શ્રમ કાયદાના વિરોધમાં આજે બેંક કર્મચારીઓ પણ હડતાલ પર ઉતર્યા છે. ચાર લેબર કોડને રદ કરવાની માંગ કરી રહ્યા છે. રાજયમાં અલગ અલગ બેંકોની ૩૬૭૮ શાખાના ૨૫ હજારથી વધુ કર્મચારીઓ હડતાલમાં જોડાયા હતા. ૧૫ હજાર કરોડથી વધુના વ્યવહારો ખોરવાય ગયા હતા.

બેંક યુનિયનો દ્વારા આપવામાં આવેલા દેશ વ્યાપી બેંક હડતાલ સંદર્ભે આજે સવારે રાજકોટમાં બેંક ઓફ બરોડાની મુખ્ય બ્રાન્ચ ખાતે બેંક કર્મચારીઓ એકત્રીત થયા હતા. અને ઉગ્ર દેખાવો કર્યા હતા. જયારે ભારત બંધના એલાન સંદર્ભે સેન્ટ્રલ ટ્રેડ યુનીયન અને એલઆઈસીના કર્મચારીઓએ સાથે મળી સીવીલ હોસ્પિટલ ચોક ખાતે ધરણા કાર્યક્રમ યોજાયો હતો. બીજી તરફ ખાનગીકરણના વિરોધમાં આજે વિજ કર્મચારીઓ પણ હડતાલ પર છે. ગુજરાતના ૪૫ હજારથી વધુ વીજ કર્મચારીઓએ બપોરે અર્ધા કલાક પ્રતિકાત્મક વિરોધ કર્યો હતો જોકે વિજ પુરવઠો ચાલુ રાખવામાં આવ્યો હતો.

# સીધા કરવેરાએ સરકારની તિજોરી આશરે રૂ.૧૯.૪૪ લાખ કરોડથી છલકાવી દીધી



## ડાયરેક્ટ ટેક્સ કલેકશનમાં ૯.૪%નો ઉછાળો: કોર્પોરેટ ટેક્સની આવકે પર્સનલ ઈન્કમ ટેક્સને પાછળ રાખ્યો, અર્થતંત્રમાં તેજીના સ્પષ્ટ સંકેત: બજેટ અંદાજનો ૮૭% લક્ષ્યાંક અત્યારથી જ પૂર્ણ

**અબતક, નવી દિલ્હી**

ભારતીય અર્થતંત્રની મજબૂતી અને વેપાર-ઉદ્યોગમાં જોવા મળી રહેલી તેજીના પરિણામે ચાલુ નાણાકીય વર્ષમાં સરકારની આવકમાં જબરદસ્ત વધારો નોંધાયો છે. આવકવેરા વિભાગ દ્વારા જાહેર કરાયેલા તાજેતરના આંકડા મુજબ, ૧૦ ફેબ્રુઆરી સુધીમાં દેશનું નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન (પ્રત્યક્ષ કરવેરાની આવક) ૯.૪% વધીને રૂ. ૧૯.૪૪ લાખ કરોડના ઐતિહાસિક સ્તરે પહોંચી ગયું છે. આ આંકડા સરકાર માટે અત્યંત રાહતરૂપ છે કારણ કે કોર્પોરેટ જગતની કમાણીમાં થયેલો વધારો સીધો ટેક્સ કલેક્શનમાં પ્રતિબિંબિત થઈ રહ્યો છે.

- કુલ નેટ કલેક્શન : રૂ. ૧૯.૪૪ લાખ કરોડ
- વૃદ્ધિ દર : ૯.૪%
- ગ્રોસ કલેક્શન : રૂ. ૨૨.૩૬ લાખ કરોડ
- રિફંડ ઈશ્યુ કરાયા : રૂ. ૨.૯૨ લાખ કરોડ
- બજેટ લક્ષ્યાંક સિદ્ધ : ૮૬.૯%

આ વખતના આંકડામાં સૌથી રસપ્રદ બાબત એ છે કે કોર્પોરેટ ટેક્સ કલેકશનની વૃદ્ધિ પર્સનલ ઈન્કમ ટેક્સ કરતા વધુ રહી છે. સામાન્ય રીતે વ્યકિતગત કરવેરાનો ફાળો વધુ જોવા મળતો હોય છે, પરંતુ આ વર્ષે કંપનીઓના નફામાં થયેલા વધારાને કારણે કોર્પોરેટ ટેક્સમાં મજબૂત ઉછાળો આવ્યો છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસના ડેટા સૂચવે છે કે ગ્રોસ કોર્પોરેટ ટેક્સ કલેક્શન ૧૦% થી વધુ વધ્યું છે, જે ભારતીય કંપનીઓની આર્થિક સદ્ધરતા દર્શાવે છે.

બજેટના લક્ષ્યાંકની નજીક પહોંચતી સરકાર

નાણામંત્રી નિર્મલા સીતારમણે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ડાયરેક્ટ ટેક્સનો કુલ લક્ષ્યાંક રૂ. ૨૨.૦૭ લાખ કરોડ રાખ્યો હતો. હાલમાં રૂ. ૧૯.૪૪ લાખ કરોડની આવક સાથે સરકારે આ લક્ષ્યાંકના આશરે ૮૬.૯% જેટલો

(અનુ. આઠમા પાને)

**શું સૂચવે છે આ તેજી?**


- **મજબૂત કોર્પોરેટ કમાણી:** કોર્પોરેટ ટેક્સમાં ઉછાળો એ સાબિત કરે છે કે ભારતીય કંપનીઓના નફામાં મોટો વધારો થયો છે.
- **રિફંડમાં ઝડપ:** કરદાતાઓને સમયસર રિફંડ મળવાથી સિસ્ટમ પરનો ભરોસો વધ્યો છે, જેના કારણે ટેક્સ ભરવાનું પ્રમાણ વધ્યું છે.
- **ફિસ્કલ ડેફિસિટમાં રાહત:** સરકારની તિજોરી ભરાતા રાજકોષીય ખાધ નિયંત્રણમાં રાખવામાં મદદ મળશે, જે દેશના વિકાસ કાર્યો માટે જરૂરી ભંડોળ પૂરું પાડશે.

# લાલ કિલ્લા ઉપરનો હુમલો પાકિસ્તાન સ્થિત જૈશ-એ-મોહમ્મદ આતંકવાદીએ જ કર્યો હતો

## પાકિસ્તાન માત્ર જૈશ-એ-મોહમ્મદ જેવા સંગઠનોને જ સક્રિય જ નથી કરતા પણ તેમાં મહિલાઓને જોડી રહ્યા છે

**અબતક, દિલ્હી**

સંયુક્ત રાષ્ટ્રના એક લેટેસ્ટ રિપોર્ટમાં પાકિસ્તાનની પોલ ખુલી પડી ગઈ છે. પાકિસ્તાન સ્થિત આતંકી સંગઠન 'જૈશ-એ-મોહમ્મદ' હજુ પણ જીવંત છે અને તે ભારતમાં આતંકી હુમલાઓમાં સામેલ છે. રિપોર્ટ મુજબ દિલ્હીના લાલ કિલ્લા પર થયેલા હુમલામાં જૈશ-એ-મોહમ્મદનો હાથ હતો. આતંકી મૌલાના મસૂદ અઝહરે 'જમાત-ઉલ-મોમિનાત' નામની ખાસ મહિલા



આતંકી પાંખ બનાવવાની જાહેરાત કરી છે, જેનો હેતુ હુમલાઓમાં મદદ કરવાનો છે. પાકિસ્તાને આ રિપોર્ટનો જોરદાર વિરોધ કર્યો અને જૂઠું બોલ્યું કે આ સંગઠન હવે ખતમ થઈ ગયું છે. પરંતુ દુનિયાના અન્ય દેશોએ ભારતની વાત માની છે.

પાકિસ્તાન ઈચ્છતું હતું કે બલોચ લિબરેશન આર્મી ને આતંકી જાહેર કરવામાં આવે, પણ યુએન એ પુરાવા વગર એ માનવાની ના પાડી દીધી. એકતરફ પાકિસ્તાન દુનિયાને કહે છે કે તેની ધરતી પર કોઈ આતંકીઓ નથી, જ્યારે બીજી તરફ સંયુક્ત રાષ્ટ્રના પુરાવા કહે છે કે જૈશ-એ-મોહમ્મદ જેવા સંગઠનો માત્ર સક્રિય જ નથી, પણ હવે મહિલાઓને પણ

(અનુ. આઠમા પાને)

# છેલ્લા પાંચ વર્ષમાં સાયબર ગુનાની ફરિયાદોની સંખ્યા ૬૬ લાખ: લોકોએ રૂ.૫૫૦૦૦ કરોડથી વધુ ગુમાવ્યાં

## સાયબર પોલીસ સતર્કતાથી ૮,૦૦૦ કરોડથી વધુની રકમ બ્લોક કરી લોકોના નાણાં સુરક્ષિત કર્યા

**અબતક, નવી દિલ્હી**

ભારતમાં ડિજિટલ ટ્રાન્ઝેક્શનની સાથે સાયબર છેતરપિંડીના બનાવોમાં પણ ભયજનક વધારો થયો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા રાજ્યસભામાં રજૂ કરવામાં આવેલા તાજેતરના આંકડા મુજબ, છેલ્લા પાંચ વર્ષમાં દેશભરમાં સાયબર ફ્રોડની કુલ ૬૫.૯ લાખ ફરિયાદો નોંધાઈ છે. આ છેતરપિંડીઓમાં ભારતીય નાગરિકોએ કુલ ₹૫૫,૬૫૯ કરોડ જેટલી માતબર રકમ ગુમાવી છે.

ગૃહ રાજ્ય મંત્રી બંડી સંજય કુમારે લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, સાયબર ગુનાઓનું પ્રમાણ દર વર્ષે વધી રહ્યું છે.વર્ષ



૨૦૨૧માં માત્ર ૨.૬ લાખ ફરિયાદો હતી, જે વર્ષ ૨૦૨૫માં વધીને ૨૪ લાખને પાર કરી ગઈ છે.વર્ષ ૨૦૨૧માં નાણાકીય નુકસાન ₹૫૫૧ કરોડ હતું, જે ૨૦૨૫માં વધીને ₹૨૨,૪૯૫ કરોડ સુધી પહોંચ્યું છે.

જોકે, સાયબર પોલીસ અને 'ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર' (I4C) ની સક્રિયતાને કારણે મોટી સફળતા પણ મળી છે નેશનલ સાયબર

(અનુ. આઠમા પાને)

### ફ્લેમિંગોએ ઘર બદલ્યા

# નળસરોવરમાં યાયાવર પક્ષીઓની સંખ્યા ૭ લાખથી વધુ: ફ્લેમિંગોએ કચ્છને પોતાનું ઘર બનાવ્યું

## થોળમાં ૭૪,૪૦૦ પક્ષીઓ જોવા મળ્યા છે, જે છેલ્લા ૧૫ વર્ષમાં સૌથી વધુ અને ફ્લેમિંગો આ વખતે નળસરોવર અને થોળમાં માત્ર ૧,૬૨૨ જ જોવા મળ્યા

**અબતક, અમદાવાદ**

કુદરત હંમેશા શાંતિ અને સુરક્ષાની શોધમાં હોય છે. ગુજરાતના સુપ્રસિદ્ધ રામસર સાઈટ્સ એવા નળસરોવર અને થોળમાં આ વર્ષે પક્ષીઓની સંખ્યાએ ઐતિહાસિક સપાટી વટાવી છે. માનવીય ખલેલ ઓછી થતા પક્ષીઓએ આ જળાશયોને પોતાનું ઘર તો બનાવ્યું, પરંતુ કુદરતની કરામત જુઓ કે જે ફ્લેમિંગો આ તળાવોની શાન ગણાતા, તેમણે આ વખતે રણની મધરાતે ખીલતા ગુલાબી આકાશ જેવું કચ્છનું રણ પસંદ કર્યું છે.

**શા માટે ફ્લેમિંગો માટે 'કચ્છ' ફેવરિટ બન્યું?**

**કૃત્રિમ માળાઓની કમાલ:** વન વિભાગે ૨૦૨૦-૨૧માં કચ્છમાં ૧૦ મોટા પ્લેટફોર્મ બનાવ્યા. આ પ્લેટફોર્મને કારણે ભારે વરસાદમાં પણ પક્ષીઓના ઈંડા ધોવાઈ જતા નથી અને સુરક્ષિત રહે છે. જો વરસાદ ઓછો હોય અને પાણી સુકાવા લાગે, તો વન વિભાગ ટેન્કર દ્વારા પાણી ભરીને પક્ષીઓ માટે જળાશય જીવંત રાખે છે. આ મહેનતને કારણે કચ્છમાં લાખોની સંખ્યામાં ફ્લેમિંગોના બચ્ચાઓનો ઉછેર થયો છે. સુરક્ષિત ઘર અને પૂરતો ખોરાક મળતા ફ્લેમિંગો હવે નળસરોવરને બદલે કચ્છને વધુ પસંદ કરી રહ્યા છે.



પક્ષીઓના આ બદલાયેલા મૂડ પાછળના કારણો રોમાંચક પણ છે અને વિચારતા કરી દે તેવા પણ છે. નળસરોવરના ઈતિહાસમાં ક્યારેય ન જોયા હોય તેટલા ૬.૪૨ લાખ પક્ષીઓના કલરવથી આખું વાતાવરણ જીવંત બન્યું છે. જોકે, આ આંકડાકીય ખુશીની વચ્ચે પક્ષીપ્રેમીઓ માટે એક માઠા સમાચાર એ છે કે, જેમના માટે પ્રવાસીઓ નળસરોવરની વાટ પકડતા હતા, એવા 'સુરખાબ' (ફ્લેમિંગો) એ આ વખતે અમદાવાદને બદલે કચ્છના રણને પોતાની કર્મભૂમિ બનાવી છે.

અમદાવાદ નજીક આવેલા વિશ્વવિખ્યાત નળસરોવર અને થોળ પક્ષી અભયારણ્યમાં કુલ મળીને ૭.૨ લાખ જેટલા પક્ષીઓ નોંધાયા છે, જે એક મોટો રેકોર્ડ છે. જોકે, આ આનંદની વચ્ચે એક ''હાર્ટબ્રેક'' સમાચાર એ છે કે આ બંને જગ્યાએથી આ વખતે 'ફ્લેમિંગો' (સુરખાબ) ગાયબ જોવા મળ્યા છે. અહીં ૬.૪૨ લાખ પક્ષીઓ નોંધાયા છે, જે અત્યાર

(અનુ. આઠમા પાને)

**નળસરોવર-થોળમાં પક્ષીઓ કેમ વધ્યા?**

વડોદરાની હરણી હોડી દુર્ઘટના બાદ નળસરોવરમાં બોટિંગ બંધ કરવામાં આવ્યું છે. પ્રવાસીઓ અને હોડીઓનો ઘોંઘાટ ઘટતા પક્ષીઓને ત્યાં વધુ સુરક્ષિત અને શાંતિનો અનુભવ થયો. જ્યારે માણસોની અવરજવર ઓછી હોય, ત્યારે પક્ષીઓ લાંબો સમય રોકાય છે અને મોટી સંખ્યામાં એકઠા થાય છે. નળસરોવરનો રેકોર્ડબ્રેક આંકડો સાબિત કરે છે કે કુદરતને જો ખલેલ ન પહોંચાડવામાં આવે, તો પક્ષીઓની સંખ્યા આપોઆપ વધે છે.

### નિયમિત આલિંગન રોગપ્રતિકારક શક્તિ વધારે

# માત્ર શબ્દો પૂરતા નથી હોતા, ક્યારેક હૃદયની વાત કહેવા માટે એક ''હગ'' જ કાફી: હેપ્પી હગ ડે

## આલિંગન કરતી વખતે શરીરમાં ઓક્સીટોસિન નામનું હોર્મોન છૂટે છે, જેને ''લવ હોર્મોન'' પણ કહેવામાં આવે છે: આ હોર્મોન બ્લડ પ્રેશર ઘટાડે છે અને હૃદયના ધબકારા સામાન્ય રાખે છે

દુનિયાભરમાં ફેબ્રુઆરી મહિનો પ્રેમનો મહિનો ગણાય છે. યુવા વર્ગ વેલેન્ટાઈન સપ્તાહ ઉજવણીમાં ઉમંગ સાથે ભાગ લેતા હોય છે. વિવિધ દિવસે ઉજવણીમાં પોતાના ગમતા પાત્રની સાથે ઉજવણી કરે છે. આજે હગ ડે છે, ત્યારે માતા બાળકનું હગ દુનિયાની શ્રેષ્ઠ પળ હોય છે.

આલિંગન દિવસ એ માત્ર એક દિવસ નહીં, પરંતુ લાગણીઓની ઉષ્માને વ્યક્ત કરવાનો એક સુંદર અવસર છે. એક સાદું આલિંગન દિલની ઘણી વાતો કહી જાય છે. શબ્દો વગર પણ પ્રેમ, વિશ્વાસ અને નજીકપણું અનુભવી શકાય છે. જ્યારે કોઈ ખાસ વ્યક્તિ તમને પ્રેમથી ભેટી પડે છે, ત્યારે જીવનની તમામ ચિંતાઓ થોડા પળ માટે ગાયબ થઈ જાય છે અને હૃદયમાં માત્ર સુખદ શાંતિ છવાઈ જાય છે.

હગ ના શારીરિક ફાયદા પણ છે, આલિંગન કરતી વખતે શરીરમાં ઓક્સીટોસિન નામનું હોર્મોન છૂટે છે, જેને ''લવ હોર્મોન'' પણ કહેવામાં આવે છે. આ હોર્મોન બ્લડ પ્રેશર ઘટાડે છે અને હૃદયના ધબકારા સામાન્ય રાખે છે. નિયમિત આલિંગન રોગપ્રતિકારક શક્તિ વધારે છે અને શરીરને ચેપ સામે લડવાની તાકાત આપે છે.




તણાવના સમયે કોર્ટિસોલ નામનું હોર્મોન ઘટે છે, જેનાથી શરીર વધુ રાહત અનુભવે છે. આ દિવસ આપણને યાદ અપાવે છે કે આલિંગન આપણને એક બીજા સાથે જોડાયેલા, પ્રેમભર્યા અને ટેકો આપનાર બનાવે છે. આલિંગન આપણા આત્માને ઉત્તેજીત કરી શકે છે અને આરામ આપી શકે છે, જે આ દિવસને દરેક માટે હૃદયસ્પર્શી ઉજવણી બનાવે છે. ૧૯૮૬માં રાષ્ટ્રીય આલિંગન દિવસનો વિચાર રજૂ કરવાનો શ્રેય રેવ કેવિન ઝાબોર્નીને જાય છે. ચેઝના ઈવેન્ટ્સના કેલેન્ડરમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન, મીડિયામાં આલિંગનના વિકલ્પો પર ભાર મૂકવામાં આવ્યો હતો. આલિંગનના શારીરિક અને માનસિક સ્વાથ્ય માટેના ફાયદા પણ છે. આલિંગન મગજમાં સેરોટોનિન અને ડોપામિન જેવા સુખદ રસાયણો ઉત્પન્ન કરે છે, જે મૂડ સુધારે છે અને ડિપ્રેશન ઘટાડે છે. એકલતા અને અસુરક્ષાની લાગણી ઓછી થાય છે. પોતાપણું અને આત્મવિશ્વાસ વધે છે. આલિંગન બાળકોના વિકાસ માટે ખૂબ જરૂરી છે - તેમને ભાવનાત્મક સુરક્ષા અને સ્થિરતા મળે છે.

આલિંગન એ સંબંધોની મીઠાશ વધારતું એક નિર્ભર પ્રતિક છે. તેમાં કોઈ દેખાવ નથી, માત્ર સચ્ચાઈ અને લાગણી હોય છે. એક પ્રેમાળ ભેટી લેવાથી દિલ વધુ નજીક આવે છે અને સંબંધોમાં નવી તાજગી ફૂંકાય છે. રાષ્ટ્રીય આલિંગન દિવસ આપણને યાદ અપાવે છે કે પ્રેમ વ્યક્ત કરવા માટે ક્યારેક શબ્દો નહીં, પરંતુ એક હળવું અને હૃદયસ્પર્શી આલિંગન પૂરતું હોય છે. નિયમિત આલિંગન પરિવાર અને મિત્રો સાથેના સંબંધો મજબૂત બનાવે છે. વિશ્વાસ અને સાનિધ્ય વધે છે. શબ્દો વગર પ્રેમ અને કાળજીનો સંદેશ પહોંચાડી શકાય છે. નિષ્ણાતો સૂચવે છે કે દિવસમાં ઓછામાં ઓછા ૪-૫ આલિંગન તંદુરસ્તી માટે ફાયદાકારક છે. આ એક સરળ અને કુદરતી રીત છે સ્વાસ્થ્ય સુધારવાનો રસ્તો છે.



આલિંગન એ પ્રેમ, સ્નેહ અને આરામની પ્રાચીન અભિવ્યક્તિ છે, જે માનવ સંસ્કૃતિના શરૂઆતથી જ અસ્તિત્વમાં છે. આ શબ્દના ઉદ્ભવ'આલિંગન' શબ્દ અંગ્રેજી 'હગ' પરથી આવ્યો છે, જે જૂના નોર્સ ભાષાના 'હગ્ગા' શબ્દ ઉપરથી ઉદ્ભવ્યો છે, જેનો અર્થ થાય છે આરામ આપવો. ૧૭મી સદીમાં કુસ્તીની પકડ દર્શાવવા માટે વપરાતો હતો, પરંતુ ૧૬૫૦ના દાયકામાં તેનો વર્તમાન સ્નેહનો અર્થ સ્થાપિત થયો. પ્રેમી જયારે પણ એકબીજાની નજીક આવે છે, ત્યારે તેમની વચ્ચે હવાને પણ સ્થાન નથી મળતું. સાંસ્કૃતિક મહત્ત્વ માનવ ઈતિહાસમાં આલિંગન પ્રેમ અને લાગણીનું પ્રતીક રહ્યું છે, જેમ કે માતા-બાળકનું આલિંગન પૃથ્વીનું સૌથી સુંદર દ્રશ્ય ગણાય છે. વૈશ્વિક સ્તરે 'ઈન્ટરનેશનલ હગિંગ ડે' જુલાઈના ત્રીજા સોમવારે ૨૦૦૮થી ઉજવાય છે, જે મિશેલ નિકોલ્સન દ્વારા તેમના પુત્રના અવસાન પછી શરૂ થયો હતો. આજનો દિવસ એટલે આલિંગન દ્વારા સાથીને પ્રેમની અનુભૂતિ કરવવાની હોય છે, અને આ દિવસ એટલે ગાઢ આલિંગન આપવાનો દિવસ. હેપી હગ ડે એ માત્ર શબ્દો કે વસ્તુઓ દ્વારા જ ઉજવવામાં નથી આવતો પરંતુ, આ દિવસને પોતાના સાથીને એક ગાઢ આલિંગન આપીને પ્રેમની વિશ્વાસનિયતાનો ખ્યાલ કરવવાનો આવે છે. ભારતીય સંસ્કૃતિમાં આલિંગન પરંપરાગત રીતે મર્યાદિત છે, જ્યાં નમસ્કાર જેવા અસ્પર્શીય અભિવાદનને વધુ પ્રાધાન્ય મળે છે, પરંતુ તે કુટુંબીય સ્નેહ અને તહેવારોમાં મહત્વ ધરાવે છે. પરંપરાગત મર્યાદા ભારતીય સંસ્કૃતિમાં આલિંગનને વ્યક્તિગત જગ્યા અને સંયમના કારણે ઓછું સ્વીકારવામાં આવે છે, ખાસ કરીને વિપરીત લિંગ વચ્ચે કે જાહેર સ્થળોએ. ગ્રામીણ વિસ્તારો અને વડીલો પેઢીમાં નમસ્કાર અથવા હાથ મિલાવવાની પ્રથા વધુ પ્રચલિત છે, જે માન-સન્માન અને શિષ્ટાચારને દર્શાવે છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

કુટુંબ અને તહેવારોમાં તેની ભૂમિકામાં કુટુંબમાં, ખાસ કરીને માતા-બાળક કે નજીકના સંબંધીઓ વચ્ચે આલિંગન પ્રેમ, આરામ અને સુરક્ષાનું પ્રતીક છે. તહેવારો જેમ કે ઈદ, દિવાળી કે હોળીમાં તે આનંદ, માફી અને એકતાને વ્યક્ત કરે છે, જેમ કે ઈદમાં મુસ્લિમ સમુદાયમાં ભાઈચારો દર્શાવવા માટે. આધુનિક પરિવર્તનના યુગમાં શહેરી વિસ્તારોમાં પશ્ચિમી અસર, બોલિવુડ અને સોશિયલ મીડિયાને કારણે યુવા પેઢીમાં આલિંગન વધુ સ્વીકાર્ય બન્યું છે, ખાસ કરીને મિત્રો અને કોલેજીઓમાં ક્રેઝ વધતો જોવા મળે છે. જો કે, વ્યક્તિગત સંમતિ અને સંદર્ભને હંમેશા ધ્યાનમાં લેવું જરૂરી બને છે. એક હગ ભલે નાનું હોય, પણ તેમાં આખી દુનિયાનો પ્રેમ સમાયેલો હોય છે. ગમતા પાત્રને ગળે મળવાથી જે સુકૂન મળે છે, તે દુનિયાની કોઈ બીજી વસ્તુમાં નથી. આલિંગન એક એવું વર્તન છે જેનાથી નાના બાળકોને તેની માતા આત્મવિશ્વાસ આપે છે, એક પિતા તેની પુત્રીને દુનિયાની સૌથી મોટી ખુશીનો આહેસાસ કરાવે છે, જ્યારે આ જ આલિંગન પ્રેમમાં ખૂબ મહત્વનુ સ્થાન ધરાવે છે, જેમાં સાથીને કોઈ વસ્તુ કે શબ્દો દ્વારા નહીં પરંતુ પોતાના પ્રેમભર્યા સ્પર્શ એને ગાઢ આલિંગન દ્વારા પ્રેમની અનુભૂતિ કરાવે છે. આ રીતે જે પ્રેમીઓ પ્રેમના પારખા નથી કરતાં તે એકબીજામાં પૂરો વિશ્વાસ રાખે છે, તેઓ માત્ર આ રીતે એક બીજાને એક ચુસ્ત આલિંગન આપી લાગણી વ્યક્ત કરતાં હોય છે.

**વેલેન્ટાઈન વીકની ઉજવણી ઉપરાંત ૨૧મી જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય હગ દિવસ અને જુલાઈના ફર્સ્ટ વિકમાં વૈશ્વિક દિવસ ઉજવાય છે**

# વંદે માતરમને રાષ્ટ્રગાન જેટલું જ સન્માન આપવાના નિર્ણયને વધાવતું રાજકોટ જીલ્લા ભાજપ



**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનીકેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય ગીત વન્દેમાતરમ રાષ્ટ્રગાન જન ગણ મન જેટલું જ સન્માન આપવા અને સત્તાવાર કાર્યક્રમોમાં તેને પૂર્ણ સન્માન સાથે ગાવાના પ્રોટોકોલને અમલી બનાવવાના ઐતિહાસિક નિર્ણયને વધાવતારાજકોટ જિલ્લા ભાજપ અધ્યક્ષશ્રી અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયા તથા તમામ કાર્યકર્તાઓ દ્વારા હર્ષભેર આવકારવામાં આવ્યો છે. આ ગીત ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામનું જીવંત પ્રતીક રહ્યું છે અને આઝાદીની લડાઈમાં લાખો દેશભક્તો માટે પ્રેરણાનું ઝરણું બન્યું છે. ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદે ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ ના રોજ બંધારણ સભામાં જાહેર કર્યું હતું કે ''જન ગણ મન'' ની જેમ જ ''વંદે માતરમ્'' ગીતને પણ સમાન દરજ્જો અને સન્માન આપવામાં આવશે.વંદે માતરમના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે કેન્દ્ર સરકાર દ્વારા જે નવી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે, તેનાથી હવે તમામ સત્તાવાર કાર્યક્રમોમાં વંદેમાતરમ્ ગાતી વખતે પણ રાષ્ટ્રગાન જેટલો જ શિષ્ટાચાર અને સન્માન જાળવવામાં આવશે. આ નિર્ણયથી રાષ્ટ્રભક્તિની ભાવના વધુ પ્રબળ બનશે.

ઐતિહાસિક મહત્વબંકિમચંદ્ર ચેટર્જી દ્વારા૧૮૭૫માં રચાયેલું આ ગીત ભારતની આઝાદીની લડતમાં એક શક્તિશાળી સૂત્ર અને રાષ્ટ્રીય ઓળખનું પ્રતિક બની રહ્યું છે.

# સુત્રાપાડા: પંડિત દીનદયાલને પૂર્વ મંત્રી જશાભાઈ બારડે આપી પૂષ્પાંજલી

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

એકાત્મ માનવદર્શનના પ્રણેતા અને સમાજના છેવાડાના માનવીના ઉત્થાન માટે 'અંત્યોદય'નો મંત્ર આપનાર મહાન ચિંતક પંડિત દીનદયાળ ઉપાધ્યાયની પુણ્યતિથિ નિમિત્તે સુત્રાપાડા ખાતે ગુજરાત સરકાર ના પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.



લોકકલ્યાણનો માર્ગ પંડિતદીનદયાળ ઉપાધ્યાયજીએ ગરીબો અને વંચિતોના ઉત્કર્ષ માટે જે વિચારો રજૂ કર્યા હતા, તે આજે પણ સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓ માટે મુખ્ય પ્રેરણારૂપ બની રહ્યા છે.

અંત્યોદયનો સંકલ્પ સમાજના છેલ્લા સ્તરના વ્યક્તિ સુધી વિકાસના ફળ પહોંચે તેવો તેમનો 'અંત્યોદય'નો મંત્ર આજે સાચા અર્થમાં ચરિતાર્થ થઈ રહ્યો છે.

રાષ્ટ્રવાદ અને સાદગી તેમનું સાદગીપૂર્ણ જીવન અને રાષ્ટ્રની એકતા તથા અખંડિતતા માટેનું સમર્પણ આપણા સૌ માટે સદાય પ્રેરણાપુંજ બની રહેશે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૨-૦૨-૨૦૨૬ ગુરુવાર**
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ફક્ત પુરુષો માટે)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રજવાડી ઢોકળી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.ફાલ્ગુની સુરેજા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ગુજ્જુભાઈ બન્યા દબંગ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૩-૦૨-૨૦૨૬ શુક્રવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

# અમરેલીમાં શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સુવિધા ઉપલબ્ધ

**અબતક પ્રદીપ ઠાકર, અમરેલી**

રાજયભરમાં ફેબ્રુઆરી, માર્ચ ૨૦૨૬માં યોજાનારી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને, વિદ્યાર્થીઓમાં પરીક્ષાનો ભય ઓછો થાય અને તેઓ મૂંઝવણ મુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે અમરેલી જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા વિશેષ પહેલ કરવામાં આવી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓ માટે ૧૮૦૦-૨૩૩-૫૫૦૦ ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર કાર્યરત કરવામાં આવ્યો છે. આ સુવિધા ૧૨ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ, ૨૦૨૬ સુધી, સવારે ૧૧:૦૦ થી સાંજે ૬:૦૦ કલાક દરમિયાન ઉપલબ્ધ રહેશે. તેજ અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓના વિદ્યાર્થીઓને સ્થાનિક સ્તરે માર્ગદર્શન મળી રહે તે માટે અનુભવી આચાર્યો અને શિક્ષકોની નિમણૂક કરવામાં આવી છે જેમાં બગસરા: વિપુલભાઈ ભટ્ટ (એલ.કે.બાબરીયા હામાપુર) - ૯૪૨૭૭ ૪૨૨૭૧, વડીયા: કીરીટભાઈ જોટવા (સુ. સા. હાઈસ્કૂલ) - ૯૮૯૮૪ ૬૭૯૯૯, જાફરાબાદ: વી.બી.અગ્રાવત (પારેખ અને મહેતા હાઈસ્કૂલ) - ૯૪૨૬૯ ૮૫૭૩૫, સાવરકુંડલા: સોનલબેન મશરુ (સનરાઈઝ હાઈસ્કૂલ) - ૯૪૨૭૨ ૩૧૮૨૫, ધારી: પી.ડી.પટાટ (જી.એન. દામાણી હાઈસ્કૂલ) - ૯૮૨૫૭ ૩૬૫૫૦, ખાંભા: ધર્મેન્દ્રભાઈ કનાળા (જનતા વિદ્યાલય તાતણીયા) - ૯૯૯૮૩ ૨૦૦૪૫, લીલીયા: હસમુખભાઈ કરડ (અમૃતબા વિદ્યાલય) - ૯૪૨૮૮ ૩૬૮૩૬, રાજુલા: અનિલભાઈ પરમાર (સરકારી માધ્યમિક શાળા દેવકા) - ૭૫૬૭૦ ૩૧૩૩૩, અમરેલી જિલ્લા શિક્ષણાધિકારીની યાદીમાં જણાવ્યા અનુસાર, વિદ્યાર્થીઓ અને વાલીઓ પરીક્ષાને લગતા કોઈપણ પ્રશ્નો કે માનસિક તણાવના નિવારણ માટે ઉપરોક્ત નિષ્ણાંતોનો સંપર્ક કરી શકે છે.

# બગસરામાં એસટી બસના આડેધડ બદલાતા રસ્તાથી મુસાફરો પરેશાન

**બગસરા, સમીર વિરાણી, અબતક**

બગસરામાં એસટી તંત્ર દ્વારા વારંવાર શહેર માંથી પસાર થતી એસટીની બસોના રસ્તા બદલાવી નાખતા મુસાફરોને ભારે હાલાકી થઈ રહી છે

એસટી ડેપોમાં પેસેન્જર દ્વારા અનેકવાર રજૂઆત કરવા છતાં પરિસ્થિતિ બદલાતી નથી બગસરામાં માર્કેટિંગ યાર્ડ વાળા રસ્તેથી કેટલીક બસ ચાલી જાય છે અને કુકાવાવ નાકે આ ૨૦૦ જતી ન હોવાથી લોકોને ભારે પરેશાની થાય છે. બગસરા એસટી ડેપોમાં પૂછપરછ માં પણ મુસાફરોને યોગ્ય માહિતી મળતી ન હોવાની ફરિયાદ ઉઠી છે, બગસરા પંથકના અશિક્ષિત અને મહિલા મુસાફરોને પૂછપરછમાં યોગ્ય જવાબ મળતા નથી



શહેરમાંથી પસાર થતી બસ ના રસ્તા મનસ્વી રીતે બદલાવી દેવામાં આવે છે કુકાવાવ નાકા તરફ થી પસાર થતી બસો માર્કેટિંગ યાર્ડ થઈ ચાલી જાય છે અને મુસાફરો કુકાવાવ નાકે રાહ જોતા રહી જાય છે બગસરામાં એસટી તંત્ર ની બેદરકારી જો દુરસ્ત નહીં થાય તો નાગરિકોને ઉચ્ચ કક્ષાએ ફરિયાદ કરવાની ફરજ પડશે તેવું જાગૃત નાગરિકો દ્વારા જણાવ્યું હતું.

## અબતક પંચાગ

**તા. ૧૩-૨ -૨૦૨૬ શુક્રવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ**: ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** મહા વદ અગીયારસ વિજય એકાદશી
**નક્ષત્ર** મુળ
**યોગ** વ્રજ **કરણ**: બાલવ
**સુર્યોદય** ૭.૨૦ **સુર્યાસ્ત**: ૬.૪૨
**ચંદ્ર રાશી** ધન
**રાશિ અક્ષર** ભ.ફ.ધ.
**દિશાશૂળ** પશ્ચિમ દશા તરફ
**રાહુકાળ** સવારે ૧૦.૩૦ થી ૧૨
**દિવસનાચોઘડીયા** ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ
**રાત્રીનાચોઘડીયા** રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૯ થી ૧.૨૪

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૫૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૩ | ૯ | | ૭ | ૮ | ૨ | |
| | ૯ | | ૫ | | ૩ | | ૭ | |
| | | | ૪ | | ૮ | | | |
| ૧ | ૩ | | | | | ૬ | | ૨ |
| | ૮ | ૨ | | ૩ | | ૫ | | ૭ |
| ૯ | | | ૨ | | | | ૩ | |
| | | ૬ | | ૭ | | ૨ | | |
| | ૨ | | | | ૯ | | ૫ | ૮ |
| | | | | | | ૩ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૫૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૫ | ૧ | ૭ | ૬ | ૩ | ૮ | ૯ |
| ૭ | ૯ | ૮ | ૪ | ૨ | ૩ | ૧ | ૬ | ૫ |
| ૩ | ૧ | ૬ | ૫ | ૯ | ૮ | ૭ | ૨ | ૪ |
| ૫ | ૬ | ૯ | ૨ | ૧ | ૭ | ૪ | ૩ | ૮ |
| ૨ | ૭ | ૪ | ૮ | ૩ | ૫ | ૯ | ૧ | ૬ |
| ૮ | ૩ | ૧ | ૯ | ૬ | ૪ | ૨ | ૫ | ૭ |
| ૬ | ૫ | ૭ | ૩ | ૪ | ૨ | ૮ | ૯ | ૧ |
| ૧ | ૮ | ૩ | ૭ | ૫ | ૯ | ૬ | ૪ | ૨ |
| ૯ | ૪ | ૨ | ૬ | ૮ | ૧ | ૫ | ૭ | ૩ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૩.૨.૨૦૨૬, શુક્રવાર, સંવંત ૨૦૮૨, મહા વદ અગિયારસ, મૂળ નક્ષત્ર, વજ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે**

**મેષ (અ,લ,ઈ)** : ભાગ્ય ની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, મહત્વના કાર્ય સ્વર બાજુ કરવા.

**વૃષભ (બ,વ,ઉ)** : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, દિવસ મધ્યમ રહે.

**મિથુન (ક,છ,ઘ)** : ભાગીદારીમાં કામ હોય તો લાભ મેળવી શકો, દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.

**કર્ક (ડ,હ)** : શત્રુઓ થી સાવધાન રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે, અંગત લોકોમાં મતભેદ રહી શકે.

**સિંહ (મ,ટ)** : સંતાન અંગે સારું રહે, અંગત સંબંધો સુધારી શકો,મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ)** : જમીન મકાન વાહન સુખ સારું રહે,પ્રોપર્ટી બાબતે નિર્ણય કરી શકો, આગળ વધવાની તક મળે.

**તુલા (ર,ત)** : નોકરિયાતવર્ગને સારું રહે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, નવા કાર્ય માં લાભ મેળવી શકો.

**વૃશ્ચિક (ન,ય)** : આર્થિક બાબતો માં સારું રહે,બેન્ક બેલેન્સ વધારી શકો, ધાર્યા કામ પાર પાડી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : મિત્રોની મદદ મળી રહે, કામકાજમાં સફળતા મળે, દિવસ પ્રગતિકારક રહે.

**મકર (ખ,જ)** : ખર્ચ પર અંકુશ રાખવો જરૂરી, બજાર બાબતનું ગણિત સંભાળી ને કરવું,વધુ વિશ્વાસે ના ચાલવું.

**કુંભ (ગ,સ,શ)** : સગા સ્નેહી મિત્રોથી સારું રહે, કાર્યમાં પ્રગતિ કરી શકો, નવી દિશા ખુલતી જણાય.

**મીન (દ,ચ,ઝ,થ)** : નવા કાર્ય અંગે ઠોસ કદમ ઉઠાવી શકો, આશાનું કિરણ જોવા મળે, પ્રગતિકારક દિવસ.

## ૧૭ ફેબ્રુઆરીએ કંકણાકૃતિ સૂર્યગ્રહણ આવી રહ્યું છે



**જ્યોતિષાચાર્ય રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨**

અગાઉ અત્રે લખ્યા મુજબ ૧૭ ફેબ્રુઆરીએ કંકણાકૃતિ સૂર્યગ્રહણ આવી રહ્યું છે અને પાંચ ગ્રહોની યુતિ થઈ રહી છે વળી શનિ અને નેપ્ચ્યુન સમાન ડિગ્રી પરથી પસાર થઈ રહ્યા છે ત્યારે અનેક ઘટના દરિયો અને ધરતી ધ્રૂજવાથી લઈને થાઈલેન્ડમાં ડે કેર સેન્ટરમાં ગોળીબારીમાં ૨૨ બાળકો સહીત ૩૪ લોકોના મૃત્યુ થયા છે જે ગોચર ગ્રહોની ગતિવિધિ સમજાવે છે તો આંતરિક ગેંગવોરથી લઈને ફરી એક વખત ગુન્હાખોરી માથું ઉંચકી રહી છે કેમકે ગ્રહણ દરમિયાન પાંચ ગ્રહોની યુતિ રાહુ અને કેતુની અસરમાં આવી રહી છે ધનિષ્ઠા નક્ષત્રમાં આ યોગ બની રહ્યો છે ત્યારે સુર તાલ નૃત્ય અને વાદન સાથે સંકળાયેલ દિગ્ગજ વ્યક્તિ પોતાની ઈનિંગ પુરી કરતા જોવા મળે વળી કુંભ રાશિમાં આ અસર હોવાથી ઘણા જુના સંબંધો પર અચાનક પૂર્ણવિરામ આવતું પણ જોવા મળશે. ખેલજગતમાં પણ ખેલાડીઓ વિષે અત્રે લખ્યા મુજબ વિવાદ સામે આવે અને વૈશ્વિક ખેલ બાબતે પણ અંટસ જોવા મળે. ૧૭ ફેબ્રુઆરીના કંકણાકૃતિ સૂર્યગ્રહણ અને ત્યારબાદ ૩ માર્ચ ૨૦૨૬ ના ખગ્રાસ ચંદ્રગ્રહણ આવી રહ્યું છે જે બે ગ્રહણની અસર અને ગોચારગ્રહો દુનિયાભરની અર્થવ્યવસ્થામાં મોટા ફેરફાર લાવી રહી છે અને આતંકી ગતિવિધિથી લઈને યુદ્ધ મોરચે નવાજુની કરી રહી છે.

# ખેડૂતોની આવક બમણી કરશે રૂદ્ર સોલાર ડ્રાયર: બગડી જતી ખેતપેદાશો હવે એક વર્ષ સુધી રહેશે સુરક્ષિત

## ગ્રામ્ય મહિલાઓ માટે ઘરે બેઠા પાપડ, મસાલા અને હર્બલ પ્રોડક્ટ્સ દ્વારા સ્વરોજગારનું ઉત્તમ સાધન





**અબતક, રાજકોટ**

આજના આધુનિક યુગમાં જ્યારે ખેડૂતો પરંપરાગત ખેતીમાંથી બહાર નીકળીને કંઈક નવું કરવા મથામણ કરી રહ્યા છે, ત્યારે અમદાવાદના દશકોઈ તાલુકાના તામતવણ ગામમાં આવેલી રુદ્ર સોલાર એનર્જી કંપની ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. છેલ્લા ૧૦-૧૫ વર્ષથી ખેડૂતો સાથે ખભેખભો મિલાવીને કામ કરતી આ કંપનીએ પોસ્ટ હાર્વેસ્ટ લોસ એટલે કે કાપણી પછી થતા બગાડને અટકાવવા માટે સોલાર ડ્રાયરના ક્ષેત્રમાં ક્રાંતિ સર્જી છે.

સોલાર થર્મલ ટેકનોલોજીનો અદભૂત ઉપયોગ

રુદ્ર સોલાર એનર્જી દ્વારા નિર્મિત મશીનો સંપૂર્ણપણે સોલાર થર્મલ ટેકનોલોજી પર આધારિત છે. જે રીતે સૂર્યના કિરણો શરીર પર પડતા ગરમીનો અનુભવ થાય છે, તે જ કુદરતી ઉર્જાનો ઉપયોગ કરીને આ મશીનો બનાવવામાં આવ્યા છે. જે રીતે સોલાર કુકર સૂર્યપ્રકાશથી રસોઈ બનાવે છે, તેમ આ સોલાર ડ્રાયર કોઈપણ પ્રોડક્ટમાંથી કુદરતી રીતે પાણીનો અંશ () દૂર કરે છે, જેથી ખોરાકના પોષક તત્વો જળવાઈ રહે છે.

અબતક સાથેની વાતચીતમાં દેવાંગ જોશીએ જણાવ્યું હતું કે ખેતીમાં સૌથી મોટી સમસ્યા એ છે કે ફળ અને શાકભાજી બે-ત્રણ દિવસમાં બગડી જાય છે. રુદ્ર સોલાર ડ્રાયર આ સમસ્યાનો જડમૂળથી ઉકેલ લાવે છે. પ્રોડક્ટમાંથી ભેજ ઉડી ગયા પછી, તેની શેલ્ફ લાઈફ એટલે કે ટકવાની ક્ષમતા ૨-૩ દિવસથી વધીને સીધી એક વર્ષ સુધી થઈ જાય છે. આ ટેકનોલોજીને કારણે ખેડૂતોને હવે તેમનો માલ સડી જવાની ચિંતા કરવાની જરૂર રહેતી નથી.

ઘણીવાર બજારમાં બિન-મોસમી વરસાદ કે વધુ ઉત્પાદનને કારણે ખેડૂતોને પાકના ખૂબ જ ઓછા ભાવ મળે છે. સીઝનલ પ્રાઈસ વેરીએશન ખેડૂતોની કમર તોડી નાખે છે. ઉદાહરણ તરીકે, શિયાળામાં આદુ કે કેરીની સીઝનમાં જ્યારે પુષ્કળ આવક હોય ત્યારે ભાવ ગગડી જાય છે. જો ખેડૂત આ પ્રોડક્ટને સોલાર ડ્રાયરમાં સુકવીને સાચવી રાખે, તો તે ઓફ-સીઝનમાં જ્યારે કિંમતો ઊંચી હોય ત્યારે વેચીને બમણો નફો મેળવી શકે છે.

બજારમાં ઘણીવાર દેખાવમાં થોડા નબળા એવા બી કે સી ગ્રેડના ફળો (જેમ કે સફરજન કે કેરી) કચરાના ભાવે વેચવા પડે છે. રુદ્ર સોલાર ડ્રાયર દ્વારા આવા ફળોને સુકવીને તેમાંથી ડ્રાય ફ્રૂટ્સ કે પાવડર બનાવી શકાય છે. આમ, જે ઉત્પાદન ફેંકી દેવા જેવું હતું, તે મૂલ્યવર્ધન ( ) દ્વારા કિંમતી બની જાય છે અને ખેડૂતનું માર્જિન અનેકગણું વધી જાય છે.

આ ડ્રાયર સંપૂર્ણપણે સૂર્ય ઉર્જા પર ચાલતા હોવાથી તેમાં વીજળી કે ડીઝલનો કોઈ પણ વધારાનો ખર્ચ થતો નથી. આ એક ગ્રીન ટેકનોલોજી છે જે પર્યાવરણને કોઈ નુકસાન પહોંચાડતી નથી. સ્વચ્છ અને હાઈજેનિક રીતે મસાલા, ફૂલ, ઔષધીય પાક અને અનાજને સુકવી શકાતા હોવાથી તેની ગુણવત્તા બજારના સામાન્ય ઉત્પાદનો કરતા શ્રેષ્ઠ રહે છે.

રુદ્ર સોલાર એનર્જી માત્ર ખેડૂતો જ નહીં, પણ ગ્રામીણ મહિલાઓ માટે પણ નવી આશા લઈને આવ્યું છે. ગ્રામ્ય મહિલાઓ ઘરે બેઠા અથવા સખી મંડળો દ્વારા સોલાર ડ્રાયરનો ઉપયોગ કરીને પાપડ, શાકભાજીના પાવડર અને હર્બલ પ્રોડક્ટ્સ બનાવી શકે છે. આ ટેકનોલોજી મહિલાઓને આત્મનિર્ભર બનાવી ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવાનું કામ કરી રહી છે.

છેલ્લા દોઢ દાયકાથી કાર્યરત રુદ્ર સોલાર એનર્જીના પ્રયાસોથી આજે અનેક પરિવારો આર્થિક રીતે સધ્ધર બન્યા છે. ખેતીમાં નુકસાન ઘટાડીને રોજગારનું સર્જન કરવું અને ખેડૂતને માત્ર ઉત્પાદક નહીં પણ એક ઉદ્યોગ સાહસિક બનાવવો એ જ આ કંપનીનો મુખ્ય હેતુ છે. આ આધુનિક સાધન આવનારા સમયમાં ખેતીની નવી પરિભાષા લખશે તેમાં કોઈ શંકા નથી.

### રૂદ્ર સોલાર એનર્જી ગ્રામીણ મહિલાઓને સ્વરોજગાર આપશે: દેવાંગ જોશી

અબતક સાથેની વાતચીતમાં દેવાંગ જોશીએ જણાવ્યું હતું કે સામાન્ય રીતે ટામેટા, આદુ, કેરી કે અન્ય શાકભાજી કાપણીના થોડા જ દિવસોમાં બગડવા લાગે છે. સોલાર ડ્રાયર આ ઉત્પાદનોમાંથી માત્ર ભેજને દૂર કરે છે, જેનાથી તેની 'શેલ્ફ લાઈફ' વધીને એક વર્ષ સુધી થઈ જાય છે. આ ટેક્નોલોજીની ખાસિયત એ છેકે તે સૂર્યના તાપનો ઉપયોગ કરે છેપરંતુ ખોરાકના કુદરતી રંગ, સ્વાદ અને પોષક તત્વોને જાળવી રાખે છે. જ્યારે સીઝનમાં પાકની પુષ્કળ આવક થાય ત્યારે ભાવ તળિયે બેસી જાય છે. આવા સમયે ખેડૂતો મજબૂરીમાં માલ વેચવાને બદલે તેને સોલાર ડ્રાયરમાં સુકવી શકે છે. ઉદાહરણ તરીકે, શિયાળામાં સસ્તા ભાવે મળતા આદુ કે શાકભાજીને સુકવીને ઓફ-સીઝનમાં જ્યારે ભાવ આસમાને હોય ત્યારે વેચીને ખેડૂતો ૪૦% થી ૫૦% વધુ નફો મેળવી રહ્યા છે. આ ટેક્નોલોજી માત્ર ખેડૂતો જ નહીં, પણ ગ્રામીણ મહિલાઓ માટે પણ વરદાન છે. મહિલાઓ સખી મંડળો દ્વારા ફળ-શાકભાજીના પાવડર, વેફર, પાપડ અને ઔષધિઓ સુકવીને પોતાનો લઘુ ઉદ્યોગ શરૂ કરી શકે છે. ઝીરો ઈલેક્ટ્રિસિટી બિલ અને ઓછી મહેનતે તૈયાર થતા આ ઉત્પાદનો 'આત્મનિર્ભર ભારત'ના સપનાને સાકાર કરી રહ્યા છે.




પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ

શ્રધ્ધાંજલિ

સ્વ.ભરતભાઈ મનસુખભાઈ બારાઈ

સ્વ.12-2-25

વર્ષો આવશે અને વીતી જશે, સ્મરણો અમારા હૃદયમાં ભુતકાળ બનીને નહીં, પરંતુ સ્મરણીય બનીને સદાય અમર રહેશે. હયાતીનો અહેસાસ હજુયે લાગે છે.

પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના.

બારાઈ પરીવારનાં જય દ્વારકાધીશ, જય જલારામ

— અવધેશ એજન્સીઝ - અવધેશ લુબ્રીકેન્ટસ —

જી.એન.બારાઈ & કું. ઓખા | જી.એન.બારાઈ & કું. IOC પંપ, દ્વારકા | બારાઈ એન્ટરપ્રાઈઝ મીઠાપુર


# રાજુલામાં કટારીયા ઈન્ફ્રા પ્રોજેક્ટ લિમિટેડ કંપની સાથે ખેડૂતોના વિવાદમાં પોલીસની "વરવી ભૂમિકા"ની રાવ ઉઠી

## ખેડૂતો પાસેથી સંપાદિત લીધેલી જમીન બિન ઉપયોગી રહેતા હેતુફેરનો મામલો ખેડૂતોને માલિકીની જમીનમાં જતા અટકાવતા હોવાની ફરિયાદ



**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

રાજુલાના પીપાવાવ પોર્ટમાં આવેલ પીએસએલ હોલ્ડિંગ કંપનીએ ૩૦ વર્ષથી જમીનો ખરીદીને કોઈપણ જાતનો પ્રોજેક્ટ શરૂ કર્યો નથી અને જમીન ઉપર બેંક લોન લઈ લીધી હોવાથી બેંક દ્વારા કબજો લઈને જમીનની જાહેર હરાજી કરી હતી, હરાજી માંથી કટારીયા ઈન્ફ્રા પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ અને ખાનગી આસામીઓએ જમીન ખરીદી હતી, ત્યારે જમીન આપનાર ખેડૂતોના વિરોધ સામે કંપનીએ ખેડૂતોને રોજગારી ધંધા આપવાની બાંહેધરી આપી હતી અને લેખિત કરારો અને પત્રો આપ્યા હતા આ જમીન સામે ખેડૂતોનો લેખિત વાંધો હોવા છતાં કંપનીએ મનસ્વી રીતે હરાજી પાર પાડી હતી.

કંપની સાથેના વિવાદમાં નકશા મુજબ ખેડૂતોને ખેતરમાં જવાનો રસ્તો પણ અપાયો નથી, આ અંગે ખેડૂતોએ વિરોધ કરતા માલિકીના ખેતરમાં કંપનીના માણસોએ અવરોધ ઊભો કરી, માલિકીના ખેતરમાં ચાલવા નો રસ્તો આપવાનો ઈનકાર કરી પોલીસને હાથો બનાવતા પીએસઆઈ ચાવડાએ ખેડૂતોને અપમાનિત કરી ખેતરમાં ચાલવાની મનાઈ કરી દીધી હોવાના આક્ષેપો થયા છે. કંપની દ્વારાપોલીસ સત્તાનો દુરુપયોગ કરી ખેડૂતો માટે મુશ્કેલી ઉભી કરતી હોવાના આક્ષેપો કરી ખેડૂતોએ જો આ મામલે ન્યાય નહીં મળે તો જિલ્લા કોર્ટમાં આ અંગે કેશ દાખલ કરી જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની જાહેરાત કરતા ભારે ચકચાર જાગી છે.

કટારિયા ઈન્ફ્રા પ્રોજેક્ટ લિમિટેડ કંપની દ્વારા પોલીસ નો દુસ્પયોગ કરી દાદાગીરી સામે ખેડૂતોએ અવાજ ઉઠાવી ન્યાયની માંગણી કરી છે.

# વેરાવળમાં શિક્ષક કોલોની પીક અપ બસ સ્ટેન્ડ ફરી કાર્યરત કરવા રજૂઆત

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

વેરાવળ ગીર સોમનાથ જીલ્લામાં વેરાવળ શહેરમાં વિકાસકાર્યો અંતર્ગત રાતોરાત બજાજ શો રૂમની સામે શિક્ષક કોલોની પીક અપ બસ સ્ટેન્ડ દુર કરી નાખવામાં આવતા હજારો સીનીયર સીટીઝનો વિદ્યાર્થીઓ માટે આશિર્વાદ સમાન આ બસ સ્ટેન્ડ એક ઝાટકે દુર કરી નાખવામાં આવતા આ બાબતે ગુજરાત પ્રદેશ મહીલા મોરચા મહામંત્રી અને સ્વ સોની હીરાબેન પ્રભુદાસ સતીકુવર સેવા ટ્રસ્ટ અધ્યક્ષ મીના બા જાદવ દ્વારા નગરપાલિકા ચીફ ઓફિસર ડેપ્યુટી કલેકટર જીલ્લા કલેકટર ઉપાધ્યાય ને પત્ર પાઠવી અભ્યાસ કરી રહેલા વિધાર્થીઓ સીનીયર સીટીઝનો માટે આ બસ સ્ટેન્ડ ફરી બસ સ્ટેન્ડ ની સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુથી રજુઆત કરી


**નામ બદલાવેલ છે**

હું નીચે સહી કરનાર **વેકરિયા સરોજબેન જયંતિભાઈ** આથી જાહેર કરું છું કે મારું જૂનું નામ **વેકરિયા સરોજ જેન્તિલાલ** હતું અને મેં મારું નવું નામ **વેકરિયા સરોજબેન જયંતિભાઈ** કરેલ છે. હવેથી મને **વેકરિયા સરોજબેન જયંતિભાઈ** તરીકે ઓળખવામાં આવશે.

**સરનામું: પ્રાઇમરી સ્કૂલ પાસે, કેરાળા, સરપદડ, રાજકોટ, ગુજરાત - 360110**



## દુ:ખદ અવસાન-બેસણું



**સ્વ. દડુભાઈ નાનાભાઈ ખુમાણ**

(ગામ-હાલ રાજકોટ.)(પરબ વાવડી)

દિલગીરી સાથ જાણવાનું છે કે અમારા નાના ભાઈ. સ્વ.દડુભાઈ નાનાભાઈ ખુમાણ

સ્વ. દડુભાઈ નાનાભાઈ ખુમાણ (ઉ.વર્ષ.-૫૪)

સ.૨૦૮૨ મહાવદ આઠમ સ્વ.તા.૧૦-૦૨-૨૦૨૬ને મંગળવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે પરમ કૃપાળુ પરમાત્મા એમનાં દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના... ઓમ શાંતિ

**શોકસભા**

તા. ૧૨-૦૨-૨૦૨૬ ને ગુરુવાર સાંજે ૦૪ થી સાંજે ૦૬ કલાકે જે ૪૧૦ લક્ષ્મણ ટાઉનશિપ જીવરાજ પાર્ક સોસાયટી નાના મોવા રોડ રાજકોટ

**શોકાકુલ પરિવારજનો**

જીલુભાઈ નાનાભાઈ ખુમાણ (ભાઈ) : ૯૯૭૪૨૨૩૧૮૭

સોમભાઈ નાનાભાઈ ખુમાણ (ભાઈ) : ૮૪૬૯૮૪૯૩૧૪

મુળુભાઈ નાનાભાઈ ખુમાણ(ભાઈ) : ૯૦૧૬૦૦૨૫૬૬

**ખુમાણ પરિવારના રામ રામ**



## રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.

(મલ્ટીસ્ટેટ શેડયુલ્ડ બેંક)

**કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)**

રજી. અને હેડ ઓફિસ : 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય', ૧૫૦' રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ. ફોન : ૨૫૫૫૭૧૬

અમો નીચે સહી કરનાર અધિકૃત અધિકારી રાજકોટ નાગરિક સહકારી બેન્ક લી. એ સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) તથા સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ અન્વયે મળેલ અધિકારની રૂએ કરજદાર **દેવમુરારી હર્ષદભાઈ બાવનદાસ ને તા.૨૦/૦૫/૨૦૨૫** ના રોજ રજી.એડી. પોસ્ટ દ્વારા તેમજ **તા.૦૯/૦૬/૨૦૨૫** નાં રોજ અંગ્રેજી દૈનિક **"ધ ઈન્ડિયન એકસપ્રેસ"** તથા ગુજરાતી દૈનિક **"સાંજ સમાચાર"** માં પ્રસિધ્ધ કરાયેલ જાહેર ડીમાન્ડ નોટીસમાં બેન્કની બાકી લેણી રકમ **રૂા.૧૨,૯૮,૧૫૨=૭૬ (અંકે રૂપીયા બાર લાખ અઠાણું હજાર એકસો બાવન અને છોતેર પૈસા પુરા) + તા.૩૦/૦૪/૨૦૨૫** થી ચડત બાકી વ્યાજ નોટીસ મળ્યા તારીખથી **૬૦ દિવસ**માં ભરપાઈ કરી આપવા જણાવેલ. ઉપરોકત કરજદાર નોટીસ મુજબ રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી બેન્કે ઉપરોકત કાયદાની કલમ ૧૪ અન્વયે આ મિલ્કતનો કબજો લઈને બેન્કને સોંપી આપવા માટે માનનીય ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટને દરખાસ્ત કરેલ તેના અનુસંધાને તેઓએ **તા.૦૫/૦૧/૨૦૨૬** નાં રોજ કરેલ હૂકમ અન્વયે માનનીય કોર્ટ કમિશ્નરશ્રીએ નીચેના વર્ણનવાળી મિલ્કતનો **તા.૦૮/૦૨/૨૦૨૬**નાં રોજ કબ્જો લઈને બેન્કના અધિકૃત અધિકારીને સોંપેલ છે. તેની કરજદાર, જામીનો તેમજ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. આથી ઉપરોકત કરજદાર તથા જાહેર જનતાને સજાગ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલ્કત સંબંધમાં કોઈપણ જાતનો વ્યવહાર કોઈએ કરવો નહી, તેમ છતાં જો કરવામાં આવશે તો તે રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ.,ની **તા.૨૮/૦૧/૨૦૨૬** ના રોજ ની બાકી લેણી રકમ **રૂા.૧૩,૮૩,૨૫૮=૭૬ (અંકે રૂપીયા તેર લાખ ત્યાંસી હજાર બસો અઠાવન અને છોતેર પૈસા પૂરા) + તા.૨૯/૦૧/૨૦૨૬** થી ચડત બાકી વ્યાજ વિગેરેના બોજાને આધિન રહેશે. દેવાદારને ખાસ ધ્યાન દોરવાનું કે સરફેસી કાયદાના એકશન ૧૩(૮)ની જોગવાઈ અનુસાર આપેલ સમયમર્યાદામાં કાયદા મુજબ તેમની સલામત મિલ્કત પાછી મેળવી શકે છે.

**કબ્જે લીધેલ મિલ્કતનું વર્ણન**

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના હાલ રાજકોટ મ્યુની. કોર્પો. સમાવેશ થયેલ ગામ કોઠારીયાના રેવન્યુ સર્વે નં. ૧ પૈકી ૧ ની રહેણાંક હેતુ માટેની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૬ તથા પ્લોટ નં. ૭ ની જમીનના સબ પ્લોટસ પૈકી સબ-પ્લોટસ નં. ૬+૭/૧+૨+૩/૨ ની કુલ જમીન ચો.મી.આ. ૨૩૪-૮૩ ઉપર આવેલ રહેણાંક હેતુ માટેની લો- રાઈઝ બીલ્ડીંગ કે જે "પ્રમુખરાજ પેલેસ-૨" ના નામથી ઓળખાતા બીલ્ડીંગ માંહેના ફીફથ ફલોરમાં આવેલ ફલેટ નં. ૫૦૨ જેનો બીલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૩૬-૯૮ બરાબર ચો.ફુટ આ. ૩૯૮-૦૦ છે જે રજી.વે.દ.નં.૧૩૪૦, તા.૦૪/૦૩/૨૦૨૨ નાં રોજ થી દેવમુરારી હર્ષદભાઈ બાવનદાસ ના નામે છે તે મિલ્કત.

**ચતુર્દીશા : ઉત્તરે :-** તે તરફ અન્ય માલીકીની મીલકત આવેલ છે.
**દક્ષિણે :-** તે તરફ ફલેટ નં. ૫૦૧ ની મીલકત આવેલ છે.
**પુર્વે :-** તે તરફ અન્ય માલીકીની મીલકત આવેલ છે.
**પશ્ચિમે :-** તે તરફ કોમન પેસેઝ, સીડી તથા લીફટ આવેલ છે. જેમાં આ ફલેટનો દરવાજો આવેલ છે.

**મિલ્કતનું સરનામુ :-** ફલેટ નં. ૫૦૨, પાંચમો માળ, પ્રમુખરાજ પેલેસ-૨, પ્રમુખરાજ સોસાયટી, શેરી નં. ૩, કોઠારીયા ગામ પાસે, કોઠારીયા રોડ, રાજકોટ-૩૬૦૦૨૨.

**તા. ૧૧/૦૨/૨૦૨૬**
**રાજકોટ.**

**અધિકૃત અધિકારી,**
**રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. હેડ ઓફિસ, રીકવરી વિભાગ, રાજકોટ**



## પશ્ચિમ રેલવે રાજકોટ ⇌ લાલકુઆન વચ્ચે સાપ્તાહિક ખાસ ટ્રેન દોડાવશે

| ટ્રેન નંબર | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૫૦૪૬ | રાજકોટ - લાલકુઆન | ૦૨/૦૩/૨૦૨૬ થી ૩૦/૦૩/૨૦૨૬ | ૨૨:૩૦ કલાકે (સોમવાર) | ૦૫:૧૫ કલાકે (બુધવાર) |
| ૦૫૦૪૫ | લાલકુઆન - રાજકોટ | ૦૧/૦૩/૨૦૨૬ થી ૨૯/૦૩/૨૦૨૬ | ૧૨:૩૫ કલાકે (રવિવાર) | ૧૮:૧૦ કલાકે (આગામી દિવસ) |

**હોલ્ટ્સ:** વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાટણ, ભીલડી, ધાનેરા, રાણીવારા, મારવાડ ભીનમાલ, મોદરન, જાલોર, મોકલસર, સમધારી, લુની, જોધપુર, ગોતાન, મેર્તા રોડ, દેગાણા, મકરાણા, કુચમન સિટી, નવા સિટી, ફુલેરા, જયપુર, દૌસા, ભરતપુર, મથુરા, મથુરા કેન્ટ, હાથરસ સિટી, કાસગંજ, સોરોન શુકર, બદાઉન, બરેલી, બરેલી સિટી, ઇજ્જતનગર, ભોજી પુરા, બહેરી અને કિછા સ્ટેશન બંને દિશામાં.

**રચના:** એસી - ૨ ટાયર, એસી - ૩ ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર ૦૫૦૪૬ માટે બુકિંગ ૧૩/૦૨/૨૦૨૬ થી બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને અમને ફોલો કરો:
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને બધી આરક્ષિત ટિકિટોની સાથે પોતાનો સાચો પરિચય પત્ર પણ સાથે રાખવો.



## જાહેર સમન્સ

ઓર્ડર ૫, રૂલ ૨૦

રાજકોટના મહે.ચીફ/એડી.સ્મોલ જજ સાહેબ,સ્મોલ કોર્ટ સમક્ષ,રાજકોટ

આથી નીચે મુજબના પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. ના સીટી સર્કલના સબ ડીવીઝનના નીચે લખ્યા પ્રતિવાદીઓ(બાકીદારો) ને આ જાહેર સમન્સથી જાણ કરવામા આવે છે કે વાદી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. ના નીચે લખ્યા સબ ડીવીઝનના નીચે દર્શાવેલ પ્રતિવાદીઓ સામે તેમના વીજ વપરાશના બીલની લેણી રકમ વસુલ મેળવવા માટે દાવો દાખલ કરેલ છે જેથી તમામ પ્રતિવાદીઓને **તા.૧૬/૩/૨૦૨૬**ના રોજ **સવારે ૧૦:૪૫** કલાકે નીચે જણાવેલ સ્થળે જાતે અગર વકીલશ્રી,મુખત્યાર મારફત હાજર રહેવુ. જો તમો હાજર નહી થાવ તો તમારી ગેરહાજરીમા દાવો સાંભળીને તેનો નિકાલ કરવામા આવશે.

ચીફ સ્મોલ કોઝ કોર્ટ :- શ્રી આર.કે.ત્રીવેદી સાહેબની કોર્ટ , નવી ડીસ્ટ્રીકટ કોર્ટ બીલ્ડીંગ, ત્રીજો માળ, રૂમ નં.૩૦૭, એફ.સી.આઈ. ગોડાઉનની બાજુમા,રાજકોટ

એડવોકેટશ્રી:- પ્રફુલભાઈ એન.પંડયા

| ક્રમ | દાવા નંબર/વર્ષ | પ્રતિવાદીનુ નામ | સબ ડીવીઝન | દાવાની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૭૭૮/૨૫ | ૧. ઘુસાભાઈ કાબાભાઈ (માલીક) | પ્રહલાદ પ્લોટ | ૧૪,૮૩૩-૪૯ |

એડવોકેટશ્રી:- જાગૃતિબેન એસ. વિઠલાણી

| ક્રમ | દાવા નંબર/વર્ષ | પ્રતિવાદીનુ નામ | સબ ડીવીઝન | દાવાની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૮૯૮/૨૫ | ૧.હરીસિંહ અમરસિંહ પરમાર(માલીક) ૨.બારડ શૈલેષભાઈ તખુભા (વપરાશકર્તા) | ખોખડદળ | ૩૧,૬૪૬-૦૪ |
| ૨ | ૧૦૫૦/૨૫ | અકબર અબ્દુલ ખિયાણી | બેડીનાકા | ૨,૨૭,૪૩૦-૧૧ |

એડવોકેટશ્રી:- અશ્વિનભાઈ એસ ભટ

| ક્રમ | દાવા નંબર/વર્ષ | પ્રતિવાદીનુ નામ | સબ ડીવીઝન | દાવાની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧૦૫૬/૨૫ | રાંક પ્રકાશભાઈ છગનભાઈ | વાવડી અર્બન | ૩૧,૧૨૩-૦૫ |
| ૨ | ૧૦૫૮/૨૫ | વઘાસીયા પ્રશાંતભાઈ પરસોતમભાઈ | વાવડી અર્બન | ૩૬,૦૫૬-૬૨ |
| ૩ | ૧૦૬૦/૨૫ | ધનાભાઈ રઘુભાઈ જોગરાણા | વાવડી અર્બન | ૧૯,૮૦૫-૨૧ |

એડવોકેટશ્રી:- કેતન જી.વોરા

| ક્રમ | દાવા નંબર/વર્ષ | પ્રતિવાદીનુ નામ | સબ ડીવીઝન | દાવાની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૨૨૪/૨૫ | અમી કિશોરભાઈ શાહ(ભાડુઆત) સંજય કાનજી ચાવડા(મકાન માલીક) | બેડીનાકા | ૧૪,૧૨૭-૫૮ |
| ૨ | ૬૩૬/૨૫ | મેનાબેન રણજીતભાઈ સોવાસીયા | રૈયા રોડ | ૧,૪૩,૨૫૮-૮૬ |

એડી. સ્મોલ કોઝ કોર્ટ :- શ્રી પી.જી.ગોસ્વામી સાહેબની કોર્ટ , નવી ડીસ્ટ્રીકટ કોર્ટ બીલ્ડીંગ, ત્રીજો માળ, રૂમ નં.૩૧૨, એફ.સી.આઈ. ગોડાઉનની બાજુમા,રાજકોટ

એડવોકેટશ્રી:- પ્રફુલભાઈ એન.પંડયા

| ક્રમ | દાવા નંબર/વર્ષ | પ્રતિવાદીનુ નામ | સબ ડીવીઝન | દાવાની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૭૭૫/૨૫ | ચેતનકુમાર મગનલાલ ગણાત્રા | પ્રહલાદ પ્લોટ | ૬,૦૫૪-૫૪ |
| ૨ | ૭૧/૨૬ | વિજયાબેન અરવિંદભાઈ ચારોલીયા | રૈયા રોડ | ૯,૩૫૨-૧૪ |

એડવોકેટશ્રી:- જાગૃતિબેન એસ. વિઠલાણી

| ક્રમ | દાવા નંબર/વર્ષ | પ્રતિવાદીનુ નામ | સબ ડીવીઝન | દાવાની રકમ |
|---|---|---|---|---|
| ૧. | ૯૦૧/૨૫ | ૧.પ્રાગજીભાઈ માવજીભાઈ ગોહિલ (માલીક) ૨.વિજયભાઈ ડાયભાઈ ડાભી (વપરાશકર્તા) | ખોખડદળ | ૮,૭૮૧-૬૫ |
| ૨. | ૯૦૫/૨૫ | પ્રેમજીભાઈ માણંદભાઈ ચૌહાણ | ખોખડદળ | ૯,૮૭૬-૦૨ |
| ૩ | ૯૦૭/૨૫ | દિપકભાઈ રમેશભાઈ વાઘેલા | ખોખડદળ | ૮,૪૭૯-૯૭ |
| ૪ | ૬૩/૨૬ | પ્રકાશભાઈ મગનભાઈ પટેલ | ખોખડદળ | ૨૫,૧૦૪-૩૦ |

એડવોકેટશ્રી:- અશ્વિનભાઈ એસ ભટ

| ક્રમ | દાવા નંબર/વર્ષ | પ્રતિવાદીનુ નામ | સબ ડીવીઝન | દાવાની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧૦૫૧/૨૫ | જોમાબેન રઘુભાઈ કાનાભાઈ ભરવાડ | વાવડી અર્બન | ૧૫,૨૯૪-૯૯ |
| ૨ | ૧૦૫૩/૨૫ | સોરા ઉમરભાઈ અલીભાઈ | વાવડી અર્બન | ૫૨,૫૮૪-૪૫ |
| ૩. | ૧૦૫૯/૨૫ | રાંક પ્રવિણભાઈ વીરજીભાઈ | વાવડી અર્બન | ૩૦,૩૧૧-૦૦ |
| ૪. | ૫૫૮/૨૫ | રમેશભાઈ બીજલભાઈ રાઠોડ | આજી-૧ | ૧,૧૧,૦૨૧-૭૬ |
| ૫. | ૫૬૦/૨૫ | વિશાલભાઈ વિજયભાઈ રાઠોડ | આજી-૧ | ૧,૩૫,૮૩૧-૬૭ |
| ૬. | ૫૬૪/૨૫ | રમેશભાઈ વલ્લભભાઈ સોલંકી | આજી-૧ | ૧,૪૩,૨૬૬-૮૯ |
| ૭ | ૭૯/૨૬ | પુનમબેન અશોકભાઈ ગોંડલીયા | વાવડી અર્બન | ૬૦૪૪-૫૪ |
| ૮ | ૮૧/૨૬ | વહીદાબેન બશીરભાઈ શાહમદાર | વાવડી અર્બન | ૩૫,૦૯૯-૯૯ |

એડવોકેટશ્રી:- ભવેન એ. બક્ષી

| ક્રમ | દાવા નંબર/વર્ષ | પ્રતિવાદીનુ નામ | સબ ડીવીઝન | દાવાની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૮૧૭/૨૫ | દુર્ગાબેન મનજીભાઈ ચૌહાણ | રણછોડ નગર | ૧૧,૧૬૭-૮૯ |
| ૨ | ૮૧૫/૨૫ | કાન્તાબેન છગનભાઈ વાઘેલા | રણછોડ નગર | ૧૦,૫૯૧-૯૯ |
| ૩ | ૭૦૯/૨૫ | રમેશભાઈ દુદાભાઈ ધાયા | મોરબી રોડ | ૮૫,૫૯૯-૮૬ |

એડવોકેટશ્રી:- કેતન જી. વોરા

| ક્રમ | દાવા નંબર/વર્ષ | પ્રતિવાદીનુ નામ | સબ ડીવીઝન | દાવાની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૩૧/૨૩ | સુનીલભાઈ બી ભરડવા | રૈયા રોડ | ૧૦,૯૦૨-૧૯ |

આજ તા.૧૦/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સીકકો કરી આપ્યો

કોર્ટનો સિક્કો

| | | | | |
|---|---|---|---|---|
| તૈયાર કરનાર | તૈયાર કરનાર | મુકાબલ કરનાર | મુકાબલ કરનાર | હુકમથી |
| (એન.એચ.તન્ના) | ( એસ.જી.સિંધવ) | (કે.જી.વાધેલા ) | (જે.એ.ઘેટીયા) | (વિ.વિ. ભુત ) |
| આસીસ્ટન્ટ | આસીસ્ટન્ટ | સુપ્રિટેન્ડન્ટ | સુપ્રિટેન્ડન્ટ | રજીસ્ટ્રાર ✓ |
| ચીફ સ્મોલ કોઝ કોર્ટ | એડી.સ્મોલ કોઝ કોર્ટ | ચીફ સ્મોલ કોઝ કોર્ટ | એડી.સ્મોલ કોઝ કોર્ટ | સ્મોલ કોઝ કોર્ટ |

તંત્રી લેખ

# ગુજરાત શહેરોના વિકાસમાં પણ મોડલ રાજ્ય

શહેરી વિકાસ વર્ષમાં ગુજરાત ટકાઉ શહેરી આયોજન અને વિકાસનું મોડલ તરીકે ઉભરી આવ્યું છે.મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં ૯૦ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. શહેરી વિસ્તારોમાં ૨૪૦ હેક્ટરથી વધુ નવા ગ્રીન સ્પેસ વિકસાવવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યમાં શહેરી સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપન માટે ૧૮૨૩થી વધુ પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે. ગુજરાત સરકારે 'અર્નિંગ વેલ, લિવિંગ વેલ'ના સંકલ્પ હેઠળ ગુજરાતના શહેરોને શ્રેષ્ઠ સુવિધાયુક્ત બનાવવા તેમજ નાગરિકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત જીવન પ્રદાન કરવાના ઉદ્દેશ સાથે વર્ષ ૨૦૨૫ને 'શહેરી વિકાસ વર્ષ' જાહેર કર્યું હતું.શહેરી વિસ્તારોમાં વરસાદી પાણીના સંગ્રહની ક્ષમતા વધારવા માટે કેચ ધ રેઈન પહેલ શરૂ કરી છે. આ અંતર્ગત રાજ્યની ૧૭ મહાનગરપાલિકાઓ અને ૧૫૨ નગરપાલિકાઓમાં કુલ આશરે ૨,૯૦૦ રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ વિકસાવી છે, જેના કારણે શહેરોમાં વરસાદી પાણી સંગ્રહ કરવાની ક્ષમતામાં આશરે ૪.૧૯ લાખ કિલોલિટરનો વધારો થયો છે. આ ઉપરાંત, ૨,૬૦૩ પ્રોજેક્ટ્સ હાલ અમલમાં છે, ૧,૨૩૦ પ્રોજેક્ટ્સ ટેન્ડરના તબક્કામાં છે અને ૬,૬૪૨ નવા પ્રોજેક્ટ્સ આયોજન હેઠળ છે.

આ સાથે તળાવોના રિડેવલપમેન્ટ અને પુનઃસ્થાપન પર પણ વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ અંતર્ગત કુલ ૧૪૦ લેકફ્રન્ટ પ્રોજેક્ટ્સનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે, જેમાંથી ૫૪ પ્રોજેક્ટ્સ પૂર્ણ થઈ ચૂક્યા છે, ૫૭ પ્રોજેક્ટ્સ હાલ ચાલી રહ્યા છે, ૯ પ્રોજેક્ટ્સ ટેન્ડરના તબક્કામાં છે અને ૨૦ પ્રોજેક્ટ્સ આયોજન હેઠળ છે.

રાજ્ય સરકારે ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા માટે રાજ્યભરમાં ૨૮૫થી વધુ સોલાર પ્રોજેક્ટ્સ શરૂ કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે, જેથી શહેરોમાં નવનીકરણીય ઊર્જાનો ઉપયોગ વધારી કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરી શકાય. વર્ષોથી પડેલા કચરાના વૈજ્ઞાનિક નિકાલ દ્વારા પર્યાવરણ સુરક્ષા, જાહેર આરોગ્ય અને શહેરી વિકાસને મજબૂત બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે. આ અંતર્ગત રાજ્ય સરકારે માર્ચ ૨૦૨૬ સુધીમાં રાજ્યના શહેરોમાં ૧૦૦% લેગસી વેસ્ટનો નિકાલ કરવાનો મહત્વકાંક્ષી લક્ષ્યાંક નક્કી કર્યો છે. રાજ્યના શહેરી વિસ્તારોમાં કુલ ૩૦૪.૦૯ લાખ મેટ્રિક ટન લેગસી વેસ્ટની ઓળખ કરવામાં આવી છે, જેમાંથી અત્યાર સુધીમાં ૨૮૧.૮૦૨ લાખ મેટ્રિક ટન કચરાનો વૈજ્ઞાનિક રીતે નિકાલ કરવામાં આવ્યો છે. ટકાઉ શહેરી આયોજન અને વિકાસને પ્રોત્સાહન આપતી આ દરેક પહેલ વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના લક્ષ્યને સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# ધોરાજી પોલીસના લોક દરબારમાં રાત્રે નાસ્તાની લારીઓ ચાલુ રાખવા નાગરિકોની રજુઆત

## તેરા તુજકો અર્પણમાં લાખોની ખોવાયેલી રકમ મુળ માલીકોને પરત કરાય





**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી પોલીસ ડિવિઝન વિસ્તારના સીટી પોલીસ સ્ટેશન અને તાલુકા પોલીસ સ્ટેશન વિભાગનો લોક દરબાર યોજવામાં આવ્યો હતો જેમાં જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર ઉપસ્થિત રહ્યા હતા.

યોજાયેલ લોક દરબારમાં તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત સાયબર તેમજ છેતરપિંડી ન ભોગ બનેલા અરજદારના સાડા સાત લાખ રૂપિયા જેવી માતબર રકમ પોલીસના પ્રયાસોથી પરત અરજદારને આપવામાં આવી હતી આ ઉપરાંત દોઢ લાખની કિંમતના ૧૦ જેટલા ખોવાયેલા અને ચોરાયેલા મોબાઈલ પોલીસે ટેકનોલોજી શોધી અરજદારો ને પરત મેળવી આપ્યા હતા.

જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે જણાવેલ કે હેલ્મેટ પહેર્યા વિનાના અકસ્માતોમાં એક વર્ષમાં જિલ્લા વિસ્તારમાં ૧૫૦ થી વધારે લોકોના જીવ ગયા છે ત્યારે હેલ્મેટ પ્રત્યે અવરનેસ રાખી પોતાનો જીવની સુરક્ષા કરવાની જવાબદારી નાગરિકો સમજે ધોરાજી શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા મામલે પણ દુરસ્ત કરવાની આવશ્યકતા છે શાળાએ જતા નાના બાળકોને વાહનો ચલાવવા આપવા ન જોઈએ

આ ઉપરાંત તાજેતરમાં આટકોટ ખાતે નાની બાળકી સાથે થયેલ દુષ્કર્મની ઘટનામાં ધોરાજીના એએસપી સિમરન ભારદ્વાજ દ્વારા સમગ્ર કેસની તપાસ કરવામાં આવી હતી જેમાં માત્ર ૪૦ દિવસના ટૂંકા ગાળામાં તપાસ પૂર્ણ કરી કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજૂ કરી દેવામાં આવતા નામદાર કોર્ટ દ્વારા પણ ૪૦ દિવસના ગાળામાં આરોપીને પાસેની સજા સુનાવી દેવામાં આવી હતી જે બદલ તપાસનીશ સધીકારી સિમરન ભારદ્વાજની કામગીરીને બિરદાવી હતી.

નાગરિકો માંથી પણ પોલીસે સુજાવ લીધા હતા અને પ્રશ્નો સાંભળ્યા હતા જેમાં સામાન્ય ટ્રાફિક અને નાસ્તાની લારીઓ મોડે સુધી ખુલ્લી રાખવા દેવા માટે નાગરિકો દ્વારા માગણી કરવામાં આવી હતી.

# જામજોધપુર: આંગણવાડીને અપાયા નવા રંગરૂપ




**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

ગુજરાત સરકારના મહિલા અને બાલ વિકાસ વિભાગ દ્વારા રાજીના આંગણવાડી કેન્દ્રોને વધુ સુદ્રઢ, સુરક્ષિત અને આધુનિક બનાવવાના હેતુથી તા. ૧૬ જાન્યુઆરી થી ૧૬ ફેબ્રુઆરી,૨૦૨૬ દરમિયાન આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાનાં આંગણવાડી કેન્દ્રો પૈકી પોતાના મકાન ધરાવતા આંગણવાડી કેન્દ્રોમાં આ ઝુંબેશ અંતર્ગત રંગકામ, નાના- મોટા સમારકામ, અંદર બહારના સ્વછતા અને સૌંદર્યકરણની કામગીરી કરવામાં આવી રહી છે. જેથી આંગણવાડી કેન્દ્રોના ભૌતિક માળખાને મજબુત અને બાળકો માટે આકર્ષક વાતાવરણ ઊભું થાય. આંગણવાડી કેન્દ્રો એ સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) નો આધારસ્તંભ છે. બાળકોને પોષણ, પૂર્વ-પ્રાથમિક શિક્ષણ અને માતૃત્વ સહાય જેવી સેવાઓ વધુ અસરકારક રીતે મળી રહે તે માટે આ કેન્દ્રોની ભૌતિક માળખાકીય સુવિધાઓ મજબુત કરવી અનિવાર્ય છે. આ ઝુંબેશમાં સરકારી ગ્રાન્ટ ઉપરાંત લોકભાગીદારી ફંડનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

# ધોરાજીના નાગવદર શાળાના બાળકોને કરાવાયું રાત્રિ આકાશ દર્શન

## વિદ્યાર્થીઓને આભામંડળ, ગ્રહો વિશે અપાયું જીવંત માર્ગદર્શન

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**



ધોરાજીના નાગવદર પ્રાથમિક શાળામાં જેતપુર કેન્દ્રીય વિદ્યાલયના શિક્ષકોના માર્ગદર્શન બાળકોને રાત્રિ આકાશ દર્શન કરાવાયું હતું.

નાગવદર પ્રાથમિક શાળામાં ખગોળશાસ્ત્રના પ્રખર જાણકાર ધીરેન સર દ્વારા નાગવદર તાલુકા શાળામાં રાત્રે આકાશદર્શ યોજવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૮૦ થી વધુ બાળકો જોડાયા હતા અને સાંજના ૭ વાગ્યાથી રાત્રિના ૧૨ વાગ્યા સુધી વિવિધ ગ્રહો, નક્ષત્રો તારા મંડળો રાશિઓ ઉપગ્રહો તારાઓની ઓળખ ચંદ્રની ધરતી વગરે બાબતોનો લાઈવ અભ્યાસ કર્યો હતો અને બાળકોએ આતુરતાથી આજીવન યાદ રહે એવી રીતે અસરકારક શિક્ષણ મેળવ્યું હતું.

શાળાના બાળકોની જીજ્ઞાશાવૃતિથી શિક્ષક ધીરેનભાઈ પણ પ્રભાવિત થયા હતા બાળકોએ ખગોળશાસ્ત્રને લગતા ૨૦૦થી વધુ પ્રશ્નો પૂછ્યા હતા. દુનિયાની વિશાળતા પૃથ્વીથી ચંદ્ર, તારાઓ બધાનું અંતર વગેરે બાબતો ઉપગ્રહો, લઘુ ગ્રહો શોધવા અંગેનું જ્ઞાન પણ મેળવ્યું હતું અને બાળકો માટે આ સતત બીજા વર્ષે રોચક અને યાદગાર અનુભવ રહ્યો હતો. શાળા પરિવારમાંથી એસએમસી દ્વારા અને શાળાના આચાર્ય નિલેશ મકવાણા દ્વારા ધીરેન સરની નિઃસ્વાર્થ સેવા અને ખગોળપ્રેમને બિરદાવ્યો હતો અને એમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ધોરાજીના દાતારવાડીથી મોટી પરબડી જતા રસ્તાને મેટલ રોડ બનાવવા માંગ

## ખેડૂત ખાતેદારો દ્વારા મામલતદારને આવેદન અપાયું - તંત્રની અરજદારોને હૈયાધારણા

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**



ધોરાજીના દાતારવાડીથી મોટી પરબડી જતો રસ્તો ગ્રામીણ સડક યોજના-કૃષિ સડક યોજના હેઠળ મેટલ રોડ બનાવવાની માંગણી ઉઠાવી વિઠ્ઠલભાઈ હિરપરા તેમજ ખેડૂત ખાતેદારોએ ધોરાજી તાલુકા મામલતદારને આવેદન સુપ્રત કરી રજૂઆત કરી છે.

ગુજરાત સરકારની ગ્રામીણ સડક યોજના કૃષિ સડક યોજના હેઠળ ધોરાજી શહેરમાં દાતારવાડીથી રેલવે ફાટક નં. ૬૬-સી૧-ઈથી મોટી પરબડી ગામે જતો રસ્તો ગોંડલ સ્ટેટના વખતથી આશરે એક સાંકળ એટલે કે ૩૩ ફૂટની પહોળાઈનો આવેલ છે જે મામલતદાર કચેરીના રેવન્યુ રેકર્ડમાં પણ દર્શાવેલ છે.

આ રાજમાર્ગ આજે ઘણાં જ વર્ષોથી રીપેરીંગના અભાવે બિલકુલ જર્જરીત હાલતમાં ફેરવાય ગયેલ છે તેમજ કાદવ-કિચડથી ખદબદે છે તેમજ આ રસ્તાની બન્ને સાઈડમાં ઝાડી-ઝાંખરા ઉગી નીકળેલા છે તેના કારણે આ રસ્તો બીલકુલ સાંકળો થઈ ગયેલ છે.આજે બળદ ગાડાથી થતી ખેતી વાડીના કામકાજ હવે થતાં નથી તેના બદલે આધુનિક યાંત્રિક સાધનોથી ખેડ-વાવણી અને કાપણી થાય છે, યાંત્રિક વાહનો જે અવરજવરમાં તેમજ ખેત ઉત્પાદનની જણસીના વહનમાં પણ મોટી સાઈઝના યાંત્રિક વાહનોને પણ ભારે અચડણ થાય છે અને એક બીજા વાહનોને માર્ગ આપી શકતા નથી. ત્યારે આ પ્રશ્નને તત્કાલ પગલા લેવા તેઓએ માંગણી ઉઠાવી છે.

# ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા બાકી વેરાની વસુલાત માટે કડક કાર્યવાહી



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા વેરાની વસૂલાત માટે લાખો રૂપિયાના બાકી બિલો અંગે કરદાતાઓને નોટિસ આપવામાં આવી હોવા છતાં બિલ ભર્યા ન હતા.ગતરોજથી મહાનગરપાલિકા દ્વારા કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. મોટી રકમ જેની બાકી છે તેવા બાકીદારોને ત્યાં મિલકત સીલની કામગીરી શરૂ કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ અત્યાર સુધી ૨૧ કરોડથી વધુ રકમની વસૂલાત થઈ ચૂકી છે. હજુ કરોડો રૂપિયાની વસૂલાત બાકી છે તેવા સમયે માર્ચ એન્ડિંગના પગલે હવે લાલ આંખ કરવાનો નિર્ણય લીધો હોય તેમ જણાય છે. સેકટર ૯માં પ્લોટ નંબર ૫૬માં ૧૭.૧૩ લાખની વસૂલાત બાકી હતી. જે અંગે મહાનગરપાલિકાની ટેક્સ વિભાગની ટીમ દ્વારા સ્થળ પર જઈને મિલકત સીલની કામગીરી શરૂ કરી હતી.

# અમરેલીમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયના નિર્વાણ દિને અપાય ભાવવંદના

## સમર્પણ દિને ભાજપ કાર્યાલયે પૂષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**



ભારતીય જનતા પાર્ટીના આદર્શ, જનસંઘનાં સ્થાપક, એકાત્મ માનવ દર્શન તેમજ અંત્યોદય વિચારધારાનાં વાહક પં. દીનદયાળ ઉપાધ્યાયજીની પુણ્યતિથિએ અમરેલી જીલ્લા ભાજપ કાર્યાલયે ભાજપ આગેવાનો દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

૧૯૬૮ની સાલમાં ૧૧ ફેબ્રુઆરીએ ટ્રેન મુસાફરી દરમિયાન ભેદી સંજોગોમાં પંડિતજીનું નિધન થયેલ હતુ.

અમરેલી જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીનાં માર્ગદર્શનમાં પ્રદેશ ભાજપ અગ્રણી અને ભાવનગર મહાનગરનાં પૂર્વ પ્રમુખ અભયસિંહ ચૌહાણ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં અને પં. દીનદયાળજીના જીવન-કવન વિશે તેમજ તેમણે બાળપણથી વેઠેલ કપરી પરિસ્થિતિ, જીવનભર સંઘર્ષ છતાં સંગઠન પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા વિશે કાર્યકરોને ઉદાહરણ સહિત પ્રેરક સંબોધન કર્યુ હતું.

ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ આગામી સમયમાં થનાર સંગઠનના કાર્યક્રમો, વર્ગો તેમજ વીબી જીરામજી યોજનાની ગ્રામ્ય સ્તરે જાગૃતિ લાવવા અંગે માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં અમરેલી જીલ્લા પંચાયતનાં પ્રમુખ સૂરેશભાઈ પાથર, અમરેલી જીલ્લા ભાજપનાં મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, ખજાનચી અને કાર્યક્રમનાં ઈન્ચાર્જ દિપકભાઈ વઘાસિયા, પ્રદેશ બક્ષીપંચ મોરચાના મંત્રી મયુરભાઈ માંજરિયા, મનોજભાઈ મહીડા, રેખાબેન માવદિયા, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલિયા, વિપુલભાઈ ભટ્ટી, અલકાબેન ગોંડલિયા, રેખાબેન પરમાર, કોમલબેન રામાણી, આરતીબેન અટારા, કિરણબેન પડાયા, કાશ્મીરાબેન વ્યાસ, જીલ્લા પંચાયત સદસ્ય મૂકેશભાઈ બગડા, શહેર ભાજપનાં ઉપપ્રમુખ નાથુભાઈ ધાધલ, મૌલિકભાઈ ઉપાધ્યાય, ચલાલા મંડળ પ્રમુખ જીતુભાઈ કાથરોટિયા, પ્રકાશભાઈ કારિયા, ભયલુભાઈ વાળા, અશોકભાઈ ચૌહાણ, નગરપાલિકાનાં સદસ્ય ચિરાગભાઈ ત્રિવેદી, તાલુકા ભાજપનાં મધુભાઈ હરખાણી, કાળુભાઈ વાળા, દીનદયાળજીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી,

# ગોંડલના યુવા એડવોકેટ વિજયરાજસિંહ જાડેજાનો આજે જન્મદિવસ



ગોંડલ સહિત સૌરાષ્ટ્ર ભરની અદાલતોમાં ક્રિમિનલ અને સિવિલ કેસની પ્રેક્ટિસ કરતા યુવા એડવોકેટ વિજયરાજસિંહ જાડેજાનો આજે જન્મદિવસ છે.

પડધરી તાલુકાના છલા જોધપુર ગામના વતની અને ગોંડલને કર્મભૂમિ બનાવનાર જાણીતા યુવા એડવોકેટ વિજયરાજસિંહ સુધીરસિંહ જાડેજાનો આજે જન્મદિવસ છે. તેઓએ કાયદાનો અભ્યાસ કરી બી. કોમ અને એલએલબીની ડિગ્રી પ્રાપ્ત કરી વર્ષ ૨૦૦૯થી વકીલાતની સનદ મેળવી પોતાની પ્રેક્ટિસ શરૂ કરી હતી.હાલ ક્રિમિનલ અને સિવિલ પ્રેક્ટિસ માટે સૌરાષ્ટ્ર ભરમાં જાણીતા એડવોકેટ છે. જે પછી અનેક ચર્ચાસ્પદ કેસમાં પોતાના અનેક અસીલોને ન્યાય અપાવવા સફળતા પૂર્વકની કામગીરી કરી છે. વિજયરાજસિંહ જાડેજા અનેક સામાજિક સંસ્થાઓ સાથે જોડાઈને પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવી રહ્યા છે.આજે તેમના જન્મદિવસ નિમિતે સિનિયર જુનિયર એડવોકેતો સગા સંબંધી અને મિત્ર વર્તુળો તેમજ ક્ષત્રિય સમાજના અગ્રણીઓ દ્વારા તેમના મો.નં.૯૫૬૯૧ ૪૪૪૪૪ ઉપર શુભેચ્છાઓ મળી રહીં છે.

# કોડીનારમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની મળી બેઠક

## ખેડુતોને કૃષિ વિષયક માહિતી માટે તજજ્ઞ વૈજ્ઞાનિકો દ્વારા કરાય ચર્ચા વિચારણા



**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કોડીનાર ખાતે સમિતિના ચેરમેનશ્રી ચંદ્રકાંત કુંભાણીના અધ્યક્ષશ્રીના સ્થાને વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઈ. જેમાં ડો. એન. બી. જાદવ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી જુકૃયુ, જુનાગઢ, ડી. બી. વઘાસિયા, જનરલ મેનેજર- અંબુજા ફાઉન્ડેશન, ડો. પી. કે. સ્વર્ણકાર, ડી. ડી. એ. (તાલીમ), ગીર સોમનાથ, ડો. પી. એસ. સ્વાતિલક્ષ્મી, આઈસીએઆર-સીએમએફઆરઆઈ, ડો. આશિષ જહા, સિનિયર સાઈન્ટિસ્ટ એન્ડ હેડ, આઈસીએઆર-સીઆઈએફટી-વેરાવળ, વિ. વિ. પટેલ, ઈનચાર્જ, ડીએઓ-ગીર સોમનાથ, કિરીટ જસાણી, મેનેજર પ્રોગ્રામ- અંબુજા ફાઉન્ડેશન, ડો, વિપુલ સોલંકી, પ્રોજેક્ટ ઓફિસર-સાબરમતી આશ્રમ ગૌશાળા-કોડીનાર, બરખાબેન બારડ, બાગાયત અધિકારી-કોડીનાર, મનુભાઈ ગોહિલ, સુપરવાઈજર- સાબરમતી આશ્રમ ગૌશાળા કોડીનાર અને ડો એમ. ડી. રાઠોડ, વેટરનરી ઓફિસર-કોડીનાર, એસ. જે. વાઢેલ, ખેતીવાડી અધિકારી-એમએસઆરએસ-કોડીનાર, બારડ રવિસિંહ, ફિશરિજ વિભાગ-કોડીનાર અને ૭ પ્રગતિશીલ ખેડૂત ભાઈ-બહેનો તેમજ એફપીઓના પ્રતિનિધિ હારીભાઈ ડોડીયા, અને હંસાબેન સોલંકી અન રમેશભાઈ રામએ હાજરી આપી હતી.

આ મિટિંગમાં કેવિકે દ્વારા ગત વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન થયેલી કામગીરીનો અહેવાલ કેવિકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, શ્રી જિતેન્દ્ર સિંહ અને તમામ ટીમે રજૂ કર્યો હતો. તેમજ આગામી વર્ષ ૨૦૨૬-૨૭ માં થનાર કામગીરીનો અહેવાલ કેવિકેના વિષય નિષ્ણાંતોએ રજૂ કર્યો હતો

# હિંમતનગર નગરપાલિકાના સ્વદેશી મેળો અને શોપિંગ ફેસ્ટિવલનો આરંભ

## સાબરકાંઠાના વિવિધ સખી મંડળોના ૫૦ સ્ટોલ, ૨૦ ફેબ્રુઆરી સુધી ધમધમશે



**અબતક, સંજય દીક્ષીત, સાબરકાંઠા**

હિંમતનગરમાં નગરપાલિકા દ્વારા આયોજિત 'સ્વદેશી મેળો અને શોપિંગ ફેસ્ટિવલ ૨૦૨૬'ને હિંમતનગર ધારાસભ્ય વી.ડી. ઝાલાએ રીબીન કાપીને મેળાને ખુલ્લો મૂક્યો હતો આ મેળો ૧૧ ફેબ્રુઆરીથી ૨૦ ફેબ્રુઆરી સુધી ચાલશે.ગુજરાત શહેરી આજીવિકા મિશન અંતર્ગત હિંમતનગર નગરપાલિકા દ્વારા આ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે તેનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક કારીગરો,સખીમંડળની બહેનો, લોકલ ઉત્પાદકો,કલા સર્જકો અને નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાનો છે'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી' અને 'લોકલ ફોર વોકલ'ના સૂત્ર સાથે આયોજિત આ મેળો સવારે ૧૦ થી રાતના ૧૦ દરમિયાન મુલાકાતીઓ માટે ખુલ્લો રહેશે સાબરકાંઠા જિલ્લાના વિવિધ સખી મંડળોના કુલ ૫૦ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે જેમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ૨૦ અને નગરપાલિકાના ૩૦ સખી મંડળના સ્ટોલનો સમાવેશ થાય છે આ પ્રસંગે હિંમતનગર નગરપાલિકા પ્રમુખ વિમલ ઉપાધ્યાય,હિંમતનગર નાગરિક બેંકના ચેરમેન દિલીપ શાહ,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક, નગરપાલિકાના ચીફ ઓફિસર ઉપેન્દ્ર ગઢવી તેમજ પાલિકાના વિવિધ સમિતિના ચેરમેન,સદસ્યો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા 'કૃષિ સખી' અને ખેડૂતો માટે યોજાઇ વિશેષ તાલીમ શિબિર

## ખેડુતોને પ્રાકૃત્તિક ખેતીથી થતા ફાયદાની અપાય 'સમજણ'



**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

ગુજરાત સરકારના પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા અમરેલી ખાતે ખેતીમાં પરિવર્તન લાવવાના ઉમદા હેતુ સાથે એક દિવસીય તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. લીલિયા અને અમરેલી તાલુકાની 'કૃષિ સખી' માટે આયોજિત આ શિબિરમાં પ્રાકૃતિક ખેતીના વિવિધ પાસાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં નિષ્ણાતો દ્વારા ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. પ્રોજેક્ટ ડિરેક્ટર મહેશ ઝીડ દ્વારા પ્રાકૃતિક ખેતીથી ખેડૂતોની આવકમાં થતા વધારા અને તેના પર્યાવરણીય મહત્વ વિશે વિસ્તૃત સમજૂતી આપવામાં આવી હતી. તેમજ કૃષિ વૈજ્ઞાનિકોએ પ્રાકૃતિક ખેતીના પાંચ મુખ્ય આધારસ્તંભો, બિયારણની પસંદગી અને પોષણ વ્યવસ્થાપન વિશે તકનીકી માહિતી આપી હતી.

ટીપીએમ તૃષાબહેન બોરીસાગર અને રોશન ભંડેરીએ ગ્રામ્ય સ્તરે ચાલી રહેલી પ્રવૃત્તિઓની સમીક્ષા કરી હતી.

# વિંછીયાના વ્યાજખોર પ્રદિપ ધાંધલે રાક્ષસી ૨૦% વ્યાજ વસુલી જરૂરિયાતમંદો પર કહેર વર્તાવ્યો

## દેવધરી ગામના યુવાન મુનાભાઈ શેખએ ફરિયાદ નોંધાવ્યા બાદ પ્રકાશભાઈ ખોખર અને પ્રશાંતભાઈ આચાર્યએ પણ આપવીતી વર્ણવી વ્યાજંકવાદી વિરૂદ્ધ ગુનો નોંધાવ્યો

## કમ્મરતોડ વ્યાજ વસુલી વધુ નાણાની ઉઘરાણી કરી ભોગ બનનારાઓને માર માર્યો : વ્યાજખોરની શાન ઠેકાણે પાડી દેવા એસપી વિજયસિંહ ગુર્જર મેદાને, ત્રણ ગુના નોંધી શોધખોળ શરૂ કરાઈ

**અબતક, રાજકોટ**

વિંછીયાના આંકડીયાનો વ્યાજખોર પ્રદીપ ધાંધલે જરૂરિયાતમંદોને ગેરકાયદે નાણા ધીરી ૨૦% નું રાક્ષસી વ્યાજ વસુલી મારકૂટ કર્યાના ત્રણ બનાવ સામે આવ્યા છે. જેની સામે એસપી વિજયસિંહ ગુર્જર એક્શનમાં આવ્યાં હતાં અને ત્રણ ગુના નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

બનાવ અંગે વિંછીયાના દેવધરી રોજાસરા ગામે રહેતાં પ્રકાશભાઈ ઉકાભાઈ ખોખર (ઉ.વ.૩૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કુખ્યાત વ્યાજખોર પ્રદિપ નનકુ ધાંધલ (રહે. આંકડીયા) નું નામ આપતાં વિંછીયા પોલીસે મનીલેન્ડ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ મજુરીકામ કરે છે. બે વર્ષ પહેલા ગામના કલ્પેશભાઈ ગોહીલ સનાળી દેવધરી ચોકડી પાસે દુકાને બેઠા હતા ત્યારે ત્યા તેની સાથે આંકડીયા ગામના પ્રદિપ ધાધલ પણ હોય અને જેને કહેલ કે, તારે પૈસા જરૂર હોય તો મને કહેજે હુ ૨૦ % લેખે વ્યાજમાં આપુ છું, તારે જેટલા જોઈ એટેલા કહેજે. એકાદ મહિના બાદ ફરીયાદીના મોટા દિકરા અવીરાજભાઈને બીમારી માટે દવાખાને સારવાર માટે રૂપીયાની જરૂરત હોય, જેથી પ્રદિપ ધાધલ પાસેથી એક લાખ રૂપીયા ૨૦ ટકા લેખે વ્યાજે લીધેલ હતા.

એક લાખનું દર મહીને વીસ હજાર વ્યાજ આપવાનુ નક્કી કરેલ હતુ. આજ સુધી ફરીયાદીએ બે લાખ રૂપીયા આપી દિધેલ છે, વ્યાજમાં પૈસા લીધેલના છ મહીના બાદ પૈસા માટે દબાણ કરતા હોઈ જેથી કોરા ચેક આરોપીને આપેલ હતા. ગઈ તા. ૧૦ ના બપોરના સમયે તેઓ ઘરે હતો ત્યારે આરોપી પ્રદિપનો ફોન આવેલ કે, તારે મને રૂ.૧૦ લાખ વ્યાજ સાથે દેવાના બાકી છે. તો તેને કહેલ કે, આટલા બધા રૂપીયા વ્યાજના ન થાય, તો પ્રદિપને ગાળો દેવા લાગેલ અને ધમકાવેલ કે, મારુ વ્યાજ આપી દેજે નહિ તો જાનથી મારી નાખીશ તેમ કહી પઠાણી ઉઘરાણી અવાર-નવાર કરતા હોય જો તુ ફરીયાદ કરીશ તો સારાવાટ નહિ રહે તેમ કહી વ્યાજે આપેલ રૂપીયાની અવાર નવાર બળજબરી પુર્વક પઠાણી-ઉઘરાણી કરી ધમકી આપતાં ફરીયાદ નોંધાવી હતી.

જયારે અન્ય વધું એક વ્યાજખોર પ્રદિપ ધાંધલનો ભોગ બનનાર દેવધરી રોજાસરા ગામના પ્રશાંતભાઈ અનીલભાઈ આચાર્ય (ઉવ.૨૯) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, એક વર્ષે પહેલા ગામના ભાવેશભાઈ કુંભાર દેવધરી બેલડા ચોકડી પાસે પુલ ઉપર બેઠા હતા ત્યારે ત્યા તેની સાથે આંકડીયા ગામનો પ્રદિપ ધાધલ પણ હોય અને તેને કહેલ કે, તારે પૈસા જરૂર હોય તો મને કહેજે હુ ૨૦% લેખે વ્યાજમાં આપુ છું, તારે જેટલા જોઈ એટેલા કહેજે.

પંદર દિવસ બાદ યુવાનને લોનનો હપ્તા ભરવા માટે પૈસાની જરૂર હોય જેથી પ્રદિપ ધાધલ પાસેથી રૂ.૧૫ હજાર ૨૦ ટકા લેખે વ્યાજે લીધેલ હતા. દર મહીને ત્રણ હજાર વ્યાજ આપવાનુ નક્કી કરેલ અને આજ સુધી રૂ.૫ હજાર વ્યાજ આપેલ હતુ. બાદ પૈસાની ખેંચ હોય જેથી આરોપીને વ્યાજ આપી શકેલ નહી, પાંચ-છ મહીના વિત્યા બાદ આરોપી પ્રદીપ દેવધરી મળેલા અને તેમણે કહેલ કે, તુ કેમ વ્યાજ આપતો નથી, હવે તારે વ્યાજ સાથે ૮૦ હજાર આપવાના થાય છે, તારે હવે મને દર મહીને ૧૫ હજાર રૂપીયા વ્યાજ આપવુ પડશે.

જેથી તેને કહેલ કે, હું તમારા પૈસા થોડા દીવસમા ચુકવી દઈશ, જેથી તે જતા રહેલ બાદ ગઈ તા.૩૦/૦૧/૨૦૨૬ ના રોજ પ્રદીપ વિંછીયા ખાતે મળેલા અને કહેલ કે, તારે હવે મને વ્યાજ અને પૈસા આપવાના નથી ? જેથી તેને કહેલ કે, મારી પાસે સગવડ નથી થોડા દીવસમા લોન પાસ થઈ જાય એટલે હુ તને પૈસા આપી દઈશ. જેથી તેને કહેલ કે, તારે ૮૦ હજારના મને વ્યાજ સાથે રૂ.૨.૭૦ લાખ આપવાના થાય છે. જેથી યુવાને કહેલ કે, આટલા બધા કેમ થઈ ગયા તો તેને કહેલ કે, વ્યાજ અને પેનલ્ટી સાથે આટલા થયેલ છે, તેમ કહીને ગાળો આપી એક પાટુ મારેલ અને કહેલ કે, મારા પૈસા નહી આપ તો તને જીવતો રહેવા દઈશ નહી તેમ કહી તે જતા રહેલ બાદ દેવધરી ખાતે અવાર નવાર બળજબરી પુર્વક પૈસાની પઠાણી-ઉઘરાણી કરી ધમકી આપતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી વિંછીયા પોલીસે બંને ગુનાના આધારે વ્યાજખોર વિરુદ્ધ કુલ ત્રણ ગુના નોંધી પોલિસે વ્યાજખોરની શાન ઠેકાણે પાડી દેવા તેની શોધખોળ આદરી છે.

# ઉપલેટાના અરણી ગામે વાડીમાં જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

## રૂ.૨૪,૮૫૦ની રોકડ કબ્જે: ભાયાવદર પોલિસની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

ઉપલેટાના અરણી ગામે વાડીમાં જુગાર રમતા પાંચ શખ્સોને દબોચી ભાયાવદર પોલિસે રૂ. ૨૪ હજારની રોકડ કબ્જે કરી હતી.



જુગારના દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર અને મદદનીશ પોલીસ અધિક્ષક સિમરન ભારદ્વાજ દ્વારા દારૂ જુગારની ગેરકાયદેસર પ્રવૃતિને નેસ્ત નાબૂદ કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને ભાયાવદર પોલીસ મથકના પી.આઈ. વી સી પરમારના માર્ગદર્શન હેઠળ કર્મચારીઓ પેટ્રોલિંગમાં હતા. દરમિયાન અરણી ગામની મેલાણ સીમમાં આવેલ વિપુલભાઈ મેઘજીભાઈ સખીયાની વાડીએ લીમડાના વૃક્ષ નીચે ખુલ્લામાં જુગાર રમતા પાંચ શખ્સોને દબોચી લેવામાં આવ્યા હતા. ભાયાવદર પોલીસની ટીમએ વાડીમાં પત્તા ટીચતા વિપુલ મેઘજીભાઈ સખીયા, પરેશ વિઠ્ઠલભાઈ સાવલિયા, હર્ષદ નારણભાઈ હિરપરા, નાગજી કરસનભાઈ સખીયા અને સુભાષ મોહનભાઈ કટારીયા (રહે તમામ અરણી ગામ, ઉપલેટા, રાજકોટ)ની ધરપકડ કરી રોકડ રૂ.૨૪,૮૫૦ કબજે કરી હતી.

આ કામગીરી ભાયાવદર પોલીસ મથકના પી.આઈ. વી સી પરમાર, એએસઆઈ શક્તિસિંહ જાડેજા, વિરમભાઈ વાણવી, કોન્સ્ટેબલ વિપુલભાઈ મેટાળીયા, સત્યપાલસિંહ જાડેજા અને એલઆરડી જવાન અજયભાઈ સોરઠીયા દ્વારા કરવામાં આવી હતી.

# ભાવનગર કલેકટરનો સપાટો, પાંચ શખ્સો સામે પાસા હેઠળ કાર્યવાહી

## ત્રણ બુટલેગર, માથાભારે મળી પાંચ શખ્સોની અટકાયત કરી રાજ્યની અલગ અલગ જેલમાં ધકેલવામાં આવ્યા

**અબતક**
**આનંદ રાણા, સિહોર**

ભાવનગર જીલ્લા પોલીસ દ્વારા''ગૌ માંસ રાખી વેચાણ કરનાર અને ઈંગ્લીશ દારૂની ગેરકાયદે પ્રવૃત્તિમાં સંડોવાયેલ બુટલેગરો અને માથાભારે શખસ મળી પાંચ શખ્સોની પાસા હેઠળ અટકાયત કરી અલગ-અલગ જેલમા ધકેલવામાં આવ્યા છે.

ભાવનગર રેન્જના પોલીસ મહાનિરીક્ષક ગૌતમ પરમાર, ભાવનગર પોલીસ અધિક્ષક નિતેશ પડિય, લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં પોલીસ ઈન્સ. એ.આર.વાળાને ગૌ માંસ રાખી વેચાણ કરનાર ઈંગ્લીશ દારૂ, મિલ્કત સંબંધી અને શરીરસંબંધી ગુન્હાઓને લગતી અસામાજિક પ્રવૃતિઓમાં સંડોવાયેલ શખ્સો વિરૂધ્ધ દરખાસ્ત કરી જીલ્લા મેજીસ્ટ્રેટને મોકલી આપવામાં આવી હતી.જે અંગે જીલ્લા મેજીસ્ટ્રેટએ પાસા દરખાસ્તને મંજૂરીની મહોર મારતા પાસા વોરંટ ઈશ્યુ કર્યું હતું.પાસા વોરંટની બજવણી કરી ઈરફાન ઉર્ફે ઈનો કાસમભાઈ લાખાણી( રહે. અજય ટોકીઝ, કામળફળી ચોક, મટન માર્કેટ, જમાતખાના પાસે, ભાવનગર) ને ભુજ, હર્ષિલ ઉર્ફે ભુરો ઉર્ફે ગલ્લો અરવિદભાઈ દવે (રહે.ફ્લેટ નં-૧૦૧, શ્યામસુંદર ફ્લેટ,ટી.વી.કેન્દ્ર પાસે, ધોધા સર્કલ, ભાવનગર)ને મધ્યસ્થ જેલ,સાબરમતીઅમદાવાદ ,હરેશ ઉર્ફે ભયલું ધનજીભાઈ બારૈયા ( રહે. મફતનગર, રામદેવપીર વાળો ખાંચો, ઘોઘા જકાતનાકા, પેટ્રોલ પંપ પાછળ, ભાવનગર )ને મધ્યસ્થ જેલ વડોદરા, મેહુલ પરશોત્તમભાઈ બારૈયા ( રહે.પ્લોટ વિસ્તાર,પાંચવડા રોડ, સોનગઢ તા.શિહોર જી.ભાવનગર)ને મધ્યસ્થ જેલ લાજપોર અને સંજયભાઈ ઉર્ફે ગણીયો દેવરાજભાઈ ગોહેલ ( રહે.ઘોઘા રોડ, શીતળા માંના મંદીર પાસે, રામનગર,ભાવનગર હાલ-ત્રણ માળીયા, આનંદનગર, ભાવનગર) ને મધ્યસ્થ જેલ, રાજકોટ ખાતેલોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અટકાયત કરી ધકેલવામાં આવ્યા છે

# રાજકોટ-સિકંદરાબાદ ટ્રેનમાંથી ૧૬ કિલો ગાંજા સાથે બે શખ્સો ઝડપાયા

## સુરત રેલવે પોલિસ ટીમની કાર્યવાહી રૂ.૯.૨૪ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, રાજકોટ**

રાજકોટ-સિકંદરાબાદ ટ્રેનમાંથી સુરત પોલીસે ૧૬ કિલો ગાંજા સાથે બે શખ્સોને ઝડપી લીધા છે.

સુરતમાં ૧૬.૧૦૫ કિલોગ્રામ ગાંજા સાથે બે આરોપી ઝડપાયા છે, સિકંદરાબાદ-રાજકોટ એક્સ.ટ્રેનમાંથી ગાંજો ઝડપાયો અને ગાંજા સહિત કુલ ૯.૨૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને આરોપીની અટકાયત કરવામાં આવી છે.સુરત રેલવે પોલીસે ગાંજાના જથ્થા સાથે બે આરોપીને ઝડપ્યા છે અને આરોપી ગાંજો ટ્રેનમાં લઈને આવી રહ્યાં હતા તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી અને તે બાતમીના આધારે ગાંજાનો જથ્થો ઝડપી પાડયો છે, ૧૬.૧૦૫ ગ્રામ ગાંજાના જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે અને જેની કિંમત રૂપિયા ૮.૦૫.૨૫૦ થાય છે.



# રાજકોટમાં બળાત્કાર ગુનામાં મોરબીનો સાગર મકવાણાને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા

**અબતક, રાજકોટ**

શહેરના યુનિવર્સિટી પોલીસ મથક વિસ્તારની ૧૭ વર્ષને ૬ માસ વાળી સગીરાને આ પ્રેમ જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી દુષ્કર્મ ગુજારવાના ગુના નો કેસ ચાલી જતા સ્પેશિયલ પોક્ષો અદાલતે સાગર મકવાણા ને ફેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ

શહેરના યુનિવર્સિટી પોલીસ મથક વિસ્તારમાં રહેતી સગીરા સાથે નવરાત્રી દરમિયાન સાગર મનસુખ મકવાણા નામના શકશે ફ્રેન્ડશીપ રાખી મોબાઈલ નંબર મેળવી વ્ફતિંફા તેમજ સોશિયલ મીડિયા મારફતે સવાર-વનવાર સંપર્કો કરી પ્રેમ જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી અપહરણ કરી અવારનવાર શરીર સબંધની ભોગ બનનારના માતાની ગાધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ સ્ટેશન સાગર મનસુખભાઈ મકવાણા સામે ફરીયાદ નોંધાવી હતી. પોલીસે સાગર મકવાણાની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યો હતો.કાયદાકીય તપાસમાંપર પુરતા પુરાવાઓ મેળવી પી.આઈ. એ. બી. જાડેજા દવારા કોર્ટમા ચાર્જશીટ દાખલ કરવામા આવેલ હતુ.

આ કેસમા ફરીયાદ પક્ષે કુલ ૧૧ સાહેદો તપાસીને ૧૬ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરીને સરકારી વકીલ પ્રશાત પટેલએ આ કેસના સાહેદો -પચોને તપાસીને પુરાવાઓની કડીઓ મેળવીને કેસમા પોતાની દલીલ રજુ કરીને ફરીયાદ પક્ષનો કેસ પુરવાર કરેલ છે.

આ કેસમા સરકારી વકિલ પ્રશાત પટેલએ રજુઆત કરેલ હતી કે, ભોગ બનનાર બાળકી તેની જુબાની વખતે બનાવની સમગ્ર ઘટના જણાવીને આરોપીને ઓળખી બતાવેલ છે અને ફરીયાદીના કેસને સમર્થન આપેલ છે . ભોગ બનનાર ની મેડીકલ તપાસ કરનાર ડોકટર અને આરોપીની મેડીકલ તપાસ કરનાર ડોકટરે પ્રોસીકયુશના કેસને સમર્થન આપેલ છે. આ આરોપી બાળકી સાથે ગુન્હો કરવાનો ઈરાદો ધરાવતો હોવાથી ભોગ બનનાર સાથે દુષ્કર્મ કરેલ છે. જેથી આરોપીનો ગુન્હો કરવાનો ઈરાદો સ્પષ્ટ થાય છે તથા ફરિયાદ પક્ષે રજુ થયેલા પુરાવાઓ જોતા આરોપી વિરૂધ્ધ કેસ પુરવાર થતો હોય અને પોકસો એકટ જેવા ગભીર ગુન્હામા આરોપીને મહતમ સજા કરવી જોઈએ જેથી સરકારી વકિલની દલીલો માન્ય રાખી સ્પેશ્યલ પોકસો કોર્ટ કોર્ટે સાગર મનસુખભાઈ મકવાણાને તકસીરવાન ઠરાવી પોકસો એકટની કલમ - ૬ મુજબ ૨૦ વર્ષની સખ્ત કેદની સજા તથા રૂા.૫,૦૦૦ નો દડ ફરમાવેલ છે. ગુજરાત વિકટીમ કમ્પન્સેશન સ્કીમ અન્વયે ભોગ બનનાર બાળકની રૂા.૭,૦૦,૦૦૦/- ચુકવવાનો આદેશ આપેલ છે.આ કેસમા સરકાર પક્ષે એ.પી.પી. પ્રશાત પટેલ અને સહાયક તરીકે રાજન ટીબા, મુસ્કાન સમા રોકાયેલા હતા.

# મોરબી : મહેન્દ્રા ચોકડી નજીકથી યુવકનો શકાસ્પદ મૃતદેહ મળ્યો

## અકસ્માત-આપઘાત-કે અન્ય કાઈ..? તપાસનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

મોરબીમાં આવેલા મહેન્દ્ર ચોકડી પાસેથી એક શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યો છે. જેની જાણ થતા પોલીસે આ મૃતદેહ ફોરેન્સીક અર્થે મોકલી વધુ તપાસ હાથ ધરી છે.

મોરબીમાં વધતા જતા ગુનાને ધ્યાનમાં રાખી વધુ એક વિગત સામે આવી છે મોરબીમાં આવેલા મહેન્દ્રા ચોકડી પાસેથી શંકાસ્પદ હાલતમાં એક વિક્રમભાઈ પરસોત્તમભાઈ પાટડીયા નામનો મૃતદેહ મળી આવ્યો છે તેની જાણ મોરબી પોલીસને થતા મોરબી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે આ બનાવ રાતના ૧૧:૦૦ વાગ્યાની આસપાસ બનેલો હતો તેને જાણ્યા શબ્દો દ્વારા આ મૃતદેહને મોરબી સિવિલે લઈ જવામાં આવ્યા હતા અને ત્યારબાદ તેને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા ત્યારબાદ રાજકોટમાં તેનું મોત જાહેર કર્યું હતું પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# ધોરાજી: જમનાવડ ગામે યુવકે કૂવામાં ઝંપલાવી જિંદગી ટૂંકાવી

## પારિવારિક ઝઘડાને કારણે આપઘાત કર્યો, ચાર બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી

**અબતક, રાજકોટ**

ધોરાજી તાલુકાના જમનાવડ ગામે વાડીમાં રહેતા શ્રમિક યુવાને પારિવારિક ઝઘડાને કારણે કુવામાં ઝંપલાવી જિંદગી ટૂકાવ્યાનો બનાવ ધોરાજી પોલીસ મથકમાં નોંધાયો છે. યુવકના આપઘાતથી ચાર બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી છે.

પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના અને હાલમાં ધોરાજી તાલુકાના જમનાવડ ગામે આવેલી જગદીશભાઈ જાગાણીની વાડીએ રહી ખેત મજૂરી કરતા શંકરભાઈ પંડિતભાઈ આદિવાસી નામના ૩૦ વર્ષીય યુવાને વાડીમાં આવેલા કુવામાં મોતની છલાંગ મારી જીવન ટૂંકાવી લીધાનો બનાવ

ધોરાજી તાલુકા પોલીસ મથકમાં નોંધાયો છે. ધોરાજી તાલુકા મથકના જયેશભાઈ સહિતનો સ્ટાફ બનાવ સ્થળે પહોંચી શંકરભાઈ મૃતદેહને હોસ્પિટલ પી એમ અર્થે ખસેડ્યો હતો. શંકરભાઈ શા માટે આપઘાત કર્યો હોવાની પોલીસે પરિવારને પૂછપરછ કરતા, પરિવારજનો પાસેથી જાણવા મળ્યું હતું કે પતિ પત્ની વચ્ચે ઝઘડા થતા હતા જેને લઈને શંકરભાઈ એ આપઘાત કરી લીધો હોવાનું જાણવા મળ્યું હતું.વિશેષમાં મૃતકને દારૂ પીવાની ટેવ હોવાનું જાણવા મળ્યું છે. શંકરભાઈના આપઘાતથી ચાર બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી છે.

# કોટડાસાંગાણી પંથકની ૧૫ વર્ષીય સગીરા સાથે શારીરિક અડપલાં: સિકંદર સકંજામાં

## ઘરેથી કોઈને કહ્યા વિના નીકળી ગયેલી સગીરાની રાજકોટ બસ સ્ટેન્ડ ખાતે રીક્ષાચાલકે પીઠના ભાગે હાથ ફેરવી જાતીય સતામણી કરી

## એ ડીવીઝન પોલિસે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી જંગલેશ્વરના શખ્સને દબોચી લીધો

**અબતક, રાજકોટ**

કોટડાસાંગાણી પંથકની એક ૧૫ વર્ષીય સગીરા સાથે બસ સ્ટેન્ડ ખાતે રીક્ષાચાલકે શારીરિક અડપલાં કર્યા હતા. ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયેલી ધો.-૧૦ ની વિદ્યાર્થીનીના પીઠના ભાગે હાથ ફેરવી જાતીય સતામણી કરનાર શખ્સ વિરુદ્ધ એ ડિવિઝન પોલિસે ગુનો નોંધી તાત્કાલિક સકંજામાં લીધો હતો.

સગીર પુત્રી સાથે બનેલી ઘટના અંગે કોટડાસાંગાણી પંથકમાં રહેતા ૪૩ વર્ષીય પિતાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સિકંદર નામના શખ્સનું નામ આપતાં એ ડીવીઝન પોલિસે બીએનએસની કલમ ૭૫ અને પોક્સો એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

ફરિયાદીએ ફરિયાદમાં આપેલી વિગતોની પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર તેઓ અને તેમની પત્ની બંને કારખાનામાં મજૂરી કરે છે. તેમને સંતાનમાં બે દીકરી અને એક દીકરો છે. જેમાં સૌથી મોટી દીકરી ૧૫ વર્ષ સાત માસની છે જે ધોરણ ૧૦ માં અભ્યાસ કરે છે. તેનાથી નાની દીકરી ૧૪ વર્ષની ની છે. જે ધોરણ ૮ માં અભ્યાસ કરે છે અને તેનાથી નાનો દીકરો ૧૨ વર્ષનો છે જે ધોરણ-૫ માં અભ્યાસ કરે છે. તેમની સૌથી મોટી પુત્રી ગોંડલ પંથકની એક સંસ્થામાં રહી અભ્યાસ કરે છે.

ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગઈ તા. ૨૮/૧/૨૦૨૬ ના રોજ મારા ભાઈની દીકરીના લગ્ન હોય જેથી મારી મોટી દીકરી અમારા ઘરે આવેલ હતી. બાદ ગત તા. ૧૦/૨/૨૦૨૬ ના રોજ મારી દીકરી ઘરે હાજર ન મળી આવતા અમોએ શોધખોળ કરેલ હતી. બાદમાં મે ગોંડલની સંસ્થા ખાતે ફોન કરી પુત્રી અંગે પૂછતાં તે ત્યાં પણ નહિ હોવાનું જાણવા મળ્યું હતું. બાદ ગઈ તા. ૧૦/૨/૨૦૨૬ ના રાત્રિના મારી દીકરીનો મને ફોન આવેલ કે, હું રાજકોટ છું અને તમે મને રાવકી ગામથી તેડી જાવ તેમ વાત કરેલ હતી. જેથી હું તથા ગોંડલની શૈક્ષણિક સંસ્થાના કર્મચારીઓ રાવકીગામ ખાતે જઈ દીકરીને મળ્યા હતા. જયા તેણે વાત કરેલ કે, મે મારા જામકંડોરણાના મિત્રને રાજકોટની માધાપર ચોકડી ખાતે આવી ફોનથી વાત કરેલ કે, આપણે બંને ભાગી જઈ પરંતુ તેણે મને ના પાડેલ હતી. જે બાદ મારે ઘરે ન આવવુ હોય અને મારે નાનીના ઘરે નાસિક જવું હોય જેથી હું રીક્ષામાં બેસી રાત્રિના પોણા નવેક વાગ્યા વખતે રાજકોટ એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે ગયેલ હતી. બાદ મારે મોબાઈલનું ચાર્જર લેવાનું હોય જેથી હું બહારના ભાગે ગયેલ તો ત્યાં એક દાઢી વાળો માણસ આવેલ અને મને કહેલ કે, બેન તમારે કયાં જવું છે ? જેથી મે તેને કહેલ કે મારે નાસીક જવું છે. જેથી આ શખ્સે મને કહેલ કે, તું અહીંથી સુરત જતી રહે ત્યાંથી નાસીકની બસ મળી જશે. જે બાદ હું આ શખ્સ સાથે બસ સ્ટેન્ડમાં જઈ સુરતની બસ ચડેલ હતી પણ બસ ખાલી ન હોય જેથી હું નીચે ઉતરી ગયેલ હતી. બાદ બીજી બસમાં પણ જગ્યા મળી ન હતી.

ત્યારે ફરીવાર અજાણ્યો શખ્સ આવી મારી પીઠ પાછળ હાથ ફેરવેલ અને કહેલ કે, તું હજી અહીં કેમ ઉભી છો? તો મે કહેલ કે બસ ફુલ છે. તો તેણે મને કહેલ કે, હું તને લીંબડા ચોક ખાતે લઈ જાવ ત્યાંથી તને બસ મળી જશે. બાદ તે મને તેની રીક્ષામાં બેસાડી લીંબડા ચોક ખાતે લાવેલ હતો. બાદ ખાનગી ટ્રાવેલ્સમાં સીટ મળતા તેણે મારી ટિકિટના પૈસા આપી દીધેલ હતા. બાદ તેણે મારા મોબાઈલ નંબર પરથી તેના ફોનમાં ફોન કરી લીધેલ હતો. જે બાદ મેં તે શખ્સનું નામ પૂછતાં તેણે પોતાનું નામ સીકંદર જણાવેલ હતું. તેણે રાત્રિના પોણા બારની બસ છે કહી મને રીક્ષામાં બેસાડેલ હતી. બાદ મારા મોબાઈલમાં બેટરી લો હોય મેં સિકંદરને જણાવતા તે મારો મોબાઈલ લઈ ટ્રાવેલ્સની ઓફિસમાં જઈ મોબાઈલ ચાર્જમાં મુકેલ હતો. પરત આવીને તેણે મને નોકરી અપાવી દેવાનું કહી મને સુરત પહેલા એક ગામનું નામ આપી ત્યાં જ ઉતરી જવાનું કહેલ હતું જે ગામનું નામ મને હાલ યાદ નથી. બાદ તનેત્યાંથી બસ ન મળે તો તું દિલ્હી જતી રહેજે અને ત્યાં તને બસ ન મળે તો મને ફોન કરજે ત્યાંથી નાસીકની બસ કરાવી આપીશ તેમ જણાવ્યું હતું. બાદ સિકંદરે મને હોટેલમાં જમવા જવાનું કહ્યું હતું પણ મેં ના પાડી દીધેલ હતી. બાદ મેં મારા મામાને ફોન કરી હું નાસિક આવું છું તેમ જણાવી દીધું હતું. દરમિયાન મારા મોટા બાપુના દીકરા ત્યાંથી પસાર થતાં મેં સિકંદરને રીક્ષા હંકારી મુકવા જણાવ્યું હતું. જેથી તેણે રીક્ષા હંકારી મૂકી નવાગામ ખાતે લઇ ગયેલ હતો. દરમિયાન ગોંડલની સંસ્થાના મહિલા કર્મચારીનો ફોન આવતા તેણે મને પોતાનું લોકેશન મોકલવાનું જણાવતા મેં સિકંદર સાથે વાત કરાવતા મહિલા કર્મચારીએ સિકંદરને મને મવડી ચોકડી ઉતારી જવા જણાવ્યું હતું.

બાદ સિકંદરે મને પોતાની ઘરે લઈ જવા પૂછ્યું હતુ પણ મેં ના પાડી દીધેલ હતી અને મહિલા કર્મચારીએ મને જયા ઉતારવાનું કહ્યું છે ત્યાં લઈ જવાનું કહ્યું હતું. બાદમાં રસ્તામાં તેણે બસની ટિકિટમાંથી પોતાનો નંબર ડીલીટ કરાવી નાખ્યો હતો. દરમિયાન તેણે કહેલ કે, તારે તારા ઘરેથી ભાગવું હોય તો મારો સંપર્ક કરજે અને આપણે બંને વચ્ચે બસ સ્ટેન્ડથી અહીં સુધી વાતચીત થયેલ છે તે તારા ઘરના સભ્યોને કહેતી નહી. બાદ તેણે મને રાવકી ગામે ઉતારી દીધેલ હતી. જે બનાવની જાણ થતાં સગીર પુત્રીના પીઠના ભાગે હાથ ફેરવી જાતીય સતામણી કરનાર શખ્સ વિરુદ્ધ એ ડિવિઝન પોલિસ મથકે દોડી જઈ ફરિયાદ નોંધાવી હતી. બનાવને પગલે એ ડિવિઝન પોલિસ મથકના પીઆઈ બી વી બોરીસાગર અને પીએસઆઈ ડી વાય મહંતની ટીમે ગણતરીની કલાકોમાં જ જંગલેશ્વરમાં રહેતો રીક્ષા ચાલક સિકંદરને સકંજામાં લઈ કાર્યવાહી શરૂ કરી હતી.

# નવી દિલ્હીમાં સાંસ્કૃત્તિક કાર્યશિબિરમાં ગુજરાતી શિક્ષકોનું અદ્દ્ભૂત પરફોર્મન્સ

## ગુજરાતી શિક્ષકોના મૂલ્યનિષ્ઠ શિક્ષણ અંગેના પ્રદર્શન અને સાંસ્કૃતિક વારસાના અભિગમની થઇ ભારે સરાહના

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

નવી દિલ્હી ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની સીસીઆરટી વર્કશોપમાં ગુજરાતની ટીમે પ્રકૃતિ અને સાંસ્કૃતિક વારસાના સમન્વયને આધારે વિશેષ પ્રસ્તુતિ આપી આગવી ઓળખ ઉભી કરી હતી. ૯ રાજ્યોના ૫૩ શિક્ષકોની હાજરી વચ્ચે ગુજરાતની કૃતિને ઉપસ્થિત મહાનુભાવોએ બિરદાવી હતી.

નવી દિલ્હી સ્થિત સીસીઆરટી (સેન્ટર ફોર કલ્ચરલ રીસોર્સીસ એન્ડ ટ્રેનિંગ) ખાતે ''નૈસર્ગિક અને સાંસ્કૃત્તિક સંવર્ધનમાં શાળાની ભૂમિકા'' વિષય પર રાષ્ટ્રીય કક્ષાની વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ યોજાયેલી આ વર્કશોપમાં દેશના ૯ રાજ્યોમાંથી કુલ ૫૩ શિક્ષકોએ ભાગ લીધો હતો. તેમાં ગુજરાતની ટીમે પોતાની અનોખી અને સર્જનાત્મક પ્રસ્તુતિ દ્વારા ખાસ છાપ છોડી હતી. વર્કશોપનો મુખ્ય હેતુ શાળાઓના માધ્યમથી કુદરતી પર્યાવરણ અને સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ માટે જાગૃતિ લાવવાનો હતો. શિક્ષણ માત્ર પુસ્તકી જ્ઞાન પૂરતું ન રહી, પરંતુ વિદ્યાર્થીઓમાં પ્રકૃતિપ્રેમ અને સંસ્કૃતિ પ્રત્યે ગૌરવની ભાવના વિકસે તે માટે શિક્ષકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



કાર્યક્રમના ભાગરૂપે તા.૧૧-૦૨-૨૦૨૬ના રોજ ગુજરાતના પ્રતિનિધિ શિક્ષકો દ્વારા વિશેષ સાંસ્કૃતિક કૃતિ રજૂ કરવામાં આવી હતી. આ પ્રસ્તુતિમાં ગુજરાતની સમૃદ્ધ લોકપરંપરા, લોકકલા, પ્રાકૃતિક સંસાધનો અને સંસ્કૃતિ સાથેનો આત્મીય સંબંધ જીવંત રીતે દર્શાવવામાં આવ્યો હતો. પ્રસ્તુતિ દ્વારા 'પ્રકૃતિ અને સંસ્કૃતિનો સમન્વય'નો અસરકારક સંદેશ આપવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કાજલ મકવાણા, ખ્યાતિ ગર, સરવૈયા હિમાંશુ એમ., રાજ અરૂણકુમાર જે. અને ડો. કિરીટ સોમૈયા સહિતના શિક્ષકોએ કર્યું હતું. તમામ શિક્ષકોએ સમૂહ પ્રયાસથી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ગુજરાતની ટીમે પોતાની રજૂઆત દ્વારા સ્પષ્ટ કર્યું કે શિક્ષણમાં માત્ર પાઠ્યપુસ્તકો જ નહીં, પરંતુ આપણા આસપાસની પ્રકૃતિ, પરંપરા અને સાંસ્કૃતિક વારસાનું પણ મહત્વપૂર્ણ સ્થાન છે.

# મોરબીના ક્ષત્રિય પરિવારે પુત્રના લગ્ન પ્રસંગ નિમિતે જલારામધામમાં હજારોને આપ્યો મહાપ્રસાદનો લાભ

## આખો દિવસ મહાપ્રસાદના સતકાર્યની ક્ષત્રિય પરિવારે લગ્ન અવસરને વધુ આનંદદાયી બનાવ્યો





**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી ક્ષત્રિય સમાજના અગ્રણી રઘુવીરસિંહજી કરણસિંહજી ઝાલા (આર.કે.)એ કુંવર દેવમસિંહજીના લગ્ન નિમિતે મોરબી જલારામ ધામ ખાતે આખો દિવસ મહાપ્રસાદ યોજી માનવસેવાનો અનોખો સંદેશ આપ્યો હતો. ત્યારે સમાજમાં આ પહેલને વ્યાપક સરાહના મળી છે.મોરબી જલારામ ધામ ખાતે દરરોજ બપોરે અને સાંજે સદાવ્રત દ્વારા જરૂરિયાતમંદ લોકોને ભોજન આપવામાં આવે છે. આ સેવાયજ્ઞને વધુ અર્થપૂર્ણ બનાવતા મોરબી ક્ષત્રિય સમાજના અગ્રણી રઘુવીરસિંહ કરણસિંહજી ઝાલા (આર.કે.) મોટા ખીજડીયાવાળા પરિવારે કુંવર દેવમસિંહ ઝાલાના લગ્ન પ્રસંગે આખો દિવસ મહાપ્રસાદનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે લોકોએ પ્રસાદનો લાભ લીધો અને ઝાલા પરિવારની આ માનવસેવાની પહેલને બિરદાવી હતી. લગ્ન જેવા આનંદ પ્રસંગને સેવાકાર્ય સાથે જોડીને સમાજને નવી દિશા દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું આગેવાનો દ્વારા જણાવાયું હતું. ઝાલા પરિવારના મોભી કરણસિંહ ધીરૂભા ઝાલા, રઘુવીરસિંહ ઝાલા (આર.કે.), કીશોરસિંહ ઝાલા, દિલાવરસિંહ ઝાલા અને કુંવર દેવમસિંહ ઝાલા સહિત પરિવારજનોને મોરબી જલારામ ધામના ગીરીશભાઈ ઘેલાણી, હરીશભાઈ રાજા સહિત અનેક આગેવાનો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# મોરબી જીલ્લા પંચાયતની સામાન્ય સભા ૨૪ ફેબ્રુઆરીએ યોજાશે

## અંદાજપત્ર, ગ્રાન્ટ, સ્વભંડોળ અને રેતી રોયલ્ટી સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા થશે

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી જીલ્લા પંચાયતની સામાન્ય સભાની આગામી બેઠક તા. ૨૪ ફેબ્રુઆરીને મંગળવારના રોજ બપોરે ૪:૩૦ કલાકે જીલ્લા પંચાયત મોરબીના સભાખંડ ખાતે યોજાનાર છે. બેઠક અંગે જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેધી તથા સચિવ અને જીલ્લા વિકાસ અધિકારી એન.એસ. ગઢવી દ્વારા સભ્યોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે. બેઠકની કાર્યસૂચિ મુજબ ગત બેઠકની કાર્યવાહી નોંધ અને ઠરાવોની અમલવારીને બહાલી આપવામાં આવશે. ઉપરાંત જીલ્લા પંચાયતની વિવિધ સમિતિઓની કાર્યવાહી નોંધ પર મંજૂરી આપવામાં આવશે. બેઠકમાં એક કલાકની પ્રશ્નોતરી પણ યોજાશે તેમજ સદસ્યો તરફથી મળનારા પ્રસ્તાવો પર ચર્ચા કરવામાં આવશે. જી.વી.અ.અને પ્રમુખની ઐચ્છિક ગ્રાંટ હેઠળ બહાલીની અપેક્ષાએ અપાયેલી સૈધાંતિક તથા વહીવટી મંજૂરીઓને બહાલી આપવાનો મુદ્દો પણ ચર્ચામાં રહેશે. જીલ્લા પંચાયત સ્વભંડોળ અને રેતી રોયલ્ટી હેઠળ રજૂ થયેલ કામોને સૈધાંતિક અને વહીવટી મંજૂરી આપવાના મુદ્દાઓ સાથે હેતુફેરના કામોને મંજૂરી આપવા અંગે ચર્ચા થશે.

# મોરબીમાં પરિણીતાને પતિ, સાસુ અને જેઠ દ્વારા શારીરિક-માનસિક સિતમ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

ગોંડલની વતની અને મોરબીમાં પરણેલી મહિલાએ પતિ સહિત સાસરિયા સામે નાની નાની બાબતે હેરાનગતિ, મારકૂટ અને કરિયાવર મુદ્દે ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવી છે.

ગોંડલ ખાતે માવતરે રહેતી અભિલાષાબેન હર્ષદભાઈ મનજીભાઈ કડીવારે મોરબી મહિલા પોલીસ મથકમાં પોતાના પતિ હર્ષદભાઈ મનજીભાઈ કડીવાર, સાસુ ચંપાબેન મનજીભાઈ કડીવાર અને જેઠ જીજ્ઞેશભાઈ મનજીભાઈ કડીવાર બધા રહે. ૫૦૨, ઋષિકેશ એપાર્ટમેન્ટ, લીલાપર કેનાલ રોડ, મોરબી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદ મુજબ લગ્નજીવન દરમિયાન નાની નાની બાબતો, ઘરકામ તેમજ કરિયાવર મુદ્દે ફરિયાદી અભિલાષાબેનને અવારનવાર મેણાટોણા મારી હેરાન પરેશાન કરવામાં આવતા હતા. ઉપરાંત મારકૂટ કરી શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. હાલ મોરબી મહિલા પોલીસે ફરિયાદના આધારે પતિ સહિતના ત્રણેય આરોપીઓ વિરુદ્ધ બીએનએસ કલમ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદ ભાજપ દ્વારા પંડિત દીનદયાળ ઉપાધ્યાયની પૂણ્યતિથિએ અપાય શ્રદ્ધાંજલિ

## કાર્યકરોએ રાષ્ટ્ર સેવામાં સક્રિય રહેલ શપથ લીધા



**અબતક, ઋષિ મહેતા, મોરબી**

હળવદ શહેર ભાજપ દ્વારા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત કાર્યકરો અને આગેવાનો દ્વારા પંડિતજીના ચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી તેમની સ્મૃતિને વંદન કરવામાં આવ્યું અને પંડિત દીનદયાળ ઉપાધ્યાયજી અમર રહો અને ભારત માતા કી જય અને વંદે માતરમ ના સુત્રોચારના માધ્યમથી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.આ પ્રસંગે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના એકાત્મ માનવવાદ અને અંત્યોદયના વિચારોથી પ્રેરણા લઈ સમાજના અંતિમ માનવી સુધી વિકાસ પહોંચાડવાનો સંકલ્પ વ્યકત કર્યો. કાર્યક્રમમાં શહેર અને ગ્રામ્ય ભાજપના હોદ્દેદારો, કાર્યકરો તથા સમર્થકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ રાષ્ટ્રસેવામાં વધુ સક્રિય રહેવાનો સંકલ્પ લીધો.

# હળવદના ટીકર(રણ) ગામે બંધ મકાનમાં તસ્કરો ત્રાટકયા

## સાડા પાંચ તોલા સોનાના દાગીનાની ચોરી

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

હળવદ તાલુકાના ટીકર(રણ) ગામે અજાણ્યા તસ્કરોએ બંધ મકાનમાં પ્રવેશ કરી અંદાજે રૂ.૩.૯૪ લાખ કિંમતના સાડા પાંચ તોલા સોનાના દાગીનાની ચોરી કરી લઈ ગયા અંગે ફરિયાદ નોંધાતા, પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

હળવદ તાલુકાના ટીકર(રણ) ગામે રહેતા સુરેશભાઈ કાનજીભાઈ મકવાણા ઉવ.૨૪ના બંધ મકાનને અજાણ્યા તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. ફરિયાદ મુજબ, ગત તા.૦૬/૦૨ના રોજ કોઈ અજાણ્યા ચોર ઈસમે દિવસ કે રાત્રીના કોઈપણ સમયે મકાનની દિવાલ કુદી અંદર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ મુખ્ય દરવાજા તેમજ રૂમના તાળા તોડી મકાનમાં રાખેલા સોનાના દાગીના ચોરી કરી લઈ ગયા હતા. ચોરાયેલ દાગીનામાં બે ગળાના હાર, એક જોડી કાનની બુટી (સેર સાથે) અને બે સોનાની વીંટી એમ કુલ વજન આશરે સાડા પાંચ તોલા કિ.રૂ.૩,૯૪,૦૫૭/- ચોરી કરી લઈ ગયા હતા.

# મોરબી-૨: મિલન પાર્ક પાસેથી બાઈક તસ્કરો હંકારી ગયા

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી-૨ મહેન્દ્રનગર સાનિધ્ય પાર્ક સોસાયટી શેરી નં.૧ માં રહેતા શૈલેષભાઈ ચતુરભાઈ ચીખલીયા ઉવ.૪૨ નામના વેપારી ગઈ તા.૦૯/૦૭/૨૦૨૫ના રોજ મહેન્દ્રનગર ચાર રસ્તા મિલાન પાર્ક પાસે આવેલ ઉમા સ્વીટ માર્ટમાં લાડવા લેવા માટે પોતાનું હીરો સ્પ્લેન્ડર રજી.નં. જીજે૦૩-ડીએ-૦૯૪૭ લઈને ગયા હતા ત્યારે ત્યાંથી કોઈ અજાણ્યા વાહન ચોર ઈસમ ઉપરોક્ત મોટર સાયકલ ચોરી જરીને લઈ ગયા હતા, ત્યારે બાઈક ચોરી અંગે પ્રથમ ઈ-એફઆઈઆર બાદ રૂબરૂ બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી અજાણ્યા વાહન ચોર સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી: ભાડાનું મકાન ખાલી કરાવવાના મામલે મકાન માલિકને ફોન પર ધમકી

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી શહેરમાં મકાન મલિક દ્વારા ભાડે આપેલ મકાન ખાલી કરાવવાના મુદ્દે મકાનમાલિકને ફોન પર બીભત્સ ગાળો અને ધમકી આપવામાં આવતા બે વ્યક્તિ સામે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અમૃતભાઈ દેવજીભાઈ આદ્રોજા ઉવ.૬૦ રહે.રવાપર બોનીપાર્ક નંદની એપાર્ટમેન્ટ-૩૦૧ મોરબી વાળા દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે કે, આરોપી ડેનિશ પ્રજાપતિ રહે. ગાયત્રીનગર મોરબી વાળાએ પોતાના મોબાઈલ પરથી ફોન કરી અન્ય આરોપી મહેશભાઈ ડાંગર કે સંજયભાઈ ડાંગર દ્વારા ગઈ તા.૦૮/૦૨ના રોજ ફરીયાદી અમૃતભાઈએ અનુ.જાતિના માણસને ભાડે આપેલ મકાન ભાડુઆત પાસેથી ખાલી કરાવવા માટે બીભત્સ ગાળો આપી હતી. સાથે જ સવારના દસ વાગ્યા સુધીમાં મકાન ખાલી ન કરાય તો પરિણામ ભોગવવા તૈયાર રહેવા જેવી ગુનાહિત ધમકી આપવામાં આવી હતી.

હાલ પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં જૂના ઝઘડાનો ખાર રાખી દુકાનદારની ધોલાઈ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના ત્રિકોણ બાગ નજીક આવેલી ટેલીકોમની દુકાને વેપારી યુવક પર જૂના ઝઘડાના ખાર રાખી હુમલો કરવામાં આવ્યો હતો. ત્યારે વેપારીની ફરિયાદને આધારે સીટી એ ડિવિઝન પોલીસે આરોપી સામે ગુનો નોંધી તપાસની તજવીજ હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ, મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભાવીકભાઈ પ્રદીપભાઈ પરમાર ઉવ.૩૧ રહે. ગાયત્રી નગર વાવડી રોડ મોરબી વાળાએ આરોપી હિરેનભાઈ નંદલાલભાઈ ધામેચા રહે.મીરા પાર્ક, વાવડી રોડ, મોરબી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. જે મુજબ, ગઈકાલ તા.૧૧/૦૨ના રોજ ત્રિકોણ બાગ પાસે જે.પી. માર્કેટમાં આવેલી તેમની 'ભાવીક ટેલીકોમ' દુકાનમાં આરોપી હીરેનભાઈ ધામેચા અગાઉના ઝગડાનો ખાર રાખી દુકાને આવી ગાળો આપી ઝઘડો કર્યો હતો. ગાળો આપવાની ના પાડતા આરોપીએ ફરીયાદીને ડાબા પગ અને પેટના ભાગે ધોકા વડે માર મારી ઈજા પહોંચાડી હતી. હાલ પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી મનપાની વેબસાઈટ પર ૩ કરોડથી વધુ મિલકત વેરાની ઓનલાઈન ભરપાઈ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા નાગરિકોની સુવિધા માટે વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશન શરૂ કરવામાં આવી છે, જેથી નગરજનો ઘરેથી જ વિવિધ સેવાઓનો લાભ લઈ શકે. મિલકત વેરાની ઓનલાઈન ભરપાઈ સેવા શરૂ થયા બાદ આજદિન સુધીમાં રૂ.૩,૩૮,૩૮,૫૯૧ની રકમ મોબાઈલ એપ્લિકેશન મારફતે વસૂલાઈ છે. ફરિયાદ વ્યવસ્થામાં પણ નાગરિકો સક્રિય બન્યા છે. મહાનગરપાલિકામાં કુલ ૧૪,૩૧૬ ફરિયાદ નોંધાઈ છે, જેમાંથી છેલ્લા ચાર મહિનામાં અંદાજે ૪,૯૨૬ ફરિયાદો મોબાઈલ એપ્લિકેશન દ્વારા કરવામાં આવી હતી. મોટાભાગની ફરિયાદોનો નિકાલ સંબંધિત શાખાઓ દ્વારા કરવામાં આવ્યો છે. આ સાથે ઈંઈઝ વિભાગ દ્વારા નગરજનોને વેબસાઈટ અને એપ્લિકેશનનો વધુ ઉપયોગ કરી ઓનલાઈન સેવાઓનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મોરબી નજીક ટ્રક અડફેટે મોટર સાયકલ ચાલકનું મોત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી-માળીયા નેશનલ હાઈવે ઉપર ગાળા ગામના પાટીયા નજીક વધુ એક રોડ અકસ્માતમાં ટ્રક હડફેટે મોટર સાયકલ ચાલકનું મૃત્યુ નીપજ્યું હતું.

જામનગર જીલ્લાના બાલંભા ગામે રહેતા વિરજીભાઈ નરશીભાઈ રાઠોડ ઉવ.૪૫ એ મોરબી તાલુકા પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, ગઈકાલ તા.૧૧/૦૨ ના રોજ તેમના નાનાભાઈ રમેશભાઈ સાંજે તેમનું મોટર સાયકલ રજી.નં. જીજે-૩૬-એએ-૬૧૩૩ વાળું લઈને લક્ષ્મીનગરથી વેજલપર માતાજીના માંડવામાં જઈ રહ્યા હતા. તે દરમિયાન ગાળા ગામના પાટીયા પાસે ટ્રક કન્ટેઈનર રજી.નં. જીજે-૧૨-બીએક્સ-૭૩૯૯ના ચાલકે પોતાનું વાહન બેદરકારીથી ચલાવી આવી રમેશભાઈના મોટરસાયકલને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતમાં રમેશભાઈ રોડ ઉપર પડી જતા, તેઓને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોચતા તેમનું સ્થળ ઉપર જ મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માત સર્જી ટ્રક કન્ટેઈનર ચાલક પોતાનું વાહન રેઢું મૂકીને નાસી ગયો હતો.

# મોરબી જીલ્લાની દરેક કોર્ટમાં શનિવારે નેશનલ લોક અદાલત યોજાશે

## જીલ્લા કાનુની સેવા સત્તા મંડળના પ્રયાસોને આવકારી

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી જીલ્લાની દરેક કોર્ટમાં ૧૪ માર્ચે નેશનલ લોક અદાલત યોજાશે. જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળના નેજા હેઠળ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ મોરબી દ્વારા તા.૧૪/૦૩/૨૦૨૬ના રોજ જીલ્લાની તમામ કોર્ટમાં નેશનલ કોર્ટનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં કોર્ટના પેન્ડિંગ સમાધાન લાયક ફોજદારી કેસો, નેગોસિયેબલ ઈન્સ્ટુમેન્ટ્સની કલમ-૧૩૮ મુજબના ચેક બાઉન્સ કેસો, બેંકના લેણા અંગેના કેસો, વાહન અકસ્માતના કલેઈમના કેસો, મજૂરના વિવાદના કેસો, વીજ અને પાણીના બીલના કેસો(સમાધનપાત્ર હોય તે જ કેસો), લગ્ન વિષયક કેસો, જમીન સંપાદનના કેસો, પગાર ભથ્થા અને નિવૃત્તિ લાભો બાબતેની સર્વિસ મેટરો, દિવાની કેસો, ભાડુઆત અને મકાન માલીકો વચ્ચેના દિવાની દાવાઓ, મનાઈ હુકમના દાવાઓ, સુખાધિકાર અંગેના દાવાઓ વગેરે પેન્ડિંગ કેસોમાં તથા પ્રી લિટીગેશનના કેસોમાં સમાધાનથી સુખદ નિકાલ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

આથી તમામ પક્ષકારો તથા જુદી જુદી સંસ્થાના જવાબદાર અધિકારીઓએ આ નેશનલ લોક અદાલતમાં ભાગ લેવા જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ મોરબી તથા દરેક તાલુકા કાનૂની સેવા સમિતિનો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# ગાંધીધામ ચેમ્બરે અન્ડર-૧૯ વર્લ્ડ કપના હીરો હરવંશ પન્ગાલિયાનું કર્યું સન્માન

## વૈશ્વિક મંચે સ્થાપિત કચ્છની પ્રતિભાને વિશિષ્ટ સત્કાર સાથે બિરદાવાઈ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**




ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કચ્છના રમત ઈતિહાસમાં સોનેરી અધ્યાય સમાન એક વિશેષ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અન્ડર-૧૯ વર્લ્ડ કપ વિજેતા ભારતીય ટીમના પ્રતિભાશાળી વિકેટકીપર-બેટ્સમેન અને ગાંધીધામ-કચ્છના ગોલ્ડન બોય હરવંશ દમનદીપ સિંહ પન્ગાલિયાને ગૌરવભેર બહુમાન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ માત્ર એક ખેલાડીનું સન્માન નહોતું. પરંતુ કચ્છની ધરતીની મહેનત, સંઘર્ષ અને સપનાઓની સામૂહિક ઉજવણીરૂપ બની રહ્યો. ચેમ્બર દ્વારા હરવંશને રૂપિયા ૨,૫૧,૦૦૦ (રૂપિયા બે લાખ એકાવન હજાર) નો ચેક, યુથ વિંગ દ્વારા પ્રતિષ્ઠિત એસ.જી. કંપનીનો ક્રિકેટ બેટ, તેમજ વુમેન્સ વિંગ દ્વારા કચ્છી કોઈન અને હેન્ડીક્રાફ્ટ મોમેન્ટો અર્પણ કરી તેની આંતરરાષ્ટ્રીય કક્ષાની સિદ્ધિઓને ઉચિત માન આપવામાં આવ્યું. શાલ અને બુકે સાથે થયેલું આ સન્માન કચ્છના ખેલજગતમાં ઐતિહાસિક નોંધ બની ગયું હતું.

ચેમ્બર પ્રમુખ તેજાભાઈ કાનગડે જણાવ્યું કે, આજે ગાંધીધામ ચેમ્બર ગર્વપૂર્વક કહી શકે છે કે, અમે માત્ર ઉદ્યોગ અને વેપારની સંસ્થા નથી, પરંતુ સમાજનિર્માણની જવાબદાર શક્તિ છીએ. હરવંશ પન્ગાલિયાની સફળતા 'લોકલ ટેલેન્ટ વીથ ગ્લોબલ વિઝન' નું જીવંત ઉદાહરણ છે. ગાંધીધામ ચેમ્બર, રમતક્ષેત્રમાં પણ ચેસ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ અને અન્ય ઈન્ડોર-આઉટડોર રમતોને એટલુંજ સમાન પ્રોત્સાહન આપે છે. કારણ કે આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું પ્રતિનિધિત્વ કરનાર ખેલાડી કોઈપણ રમતમાંથી ઊભો થઈ શકે છે. ચેમ્બર ઈચ્છે છે કે, ગાંધીધામ-કચ્છ 'પશ્ચિમ ભારતનું સ્પોર્ટ્સ હબ' તરીકે ઓળખાય. ઉદ્યોગજગત અને રમતજગત વચ્ચે બ્રિજ બનાવીને, ખેલાડીઓને સ્કોલરશિપ, પ્રાયોજન અને આધુનિક તાલીમની વ્યવસ્થા ઊભી કરવી-એ ચેમ્બરની દીર્ઘદષ્ટિ છે.''

મંત્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતું કે, ચેમ્બરનું ધ્યેય માત્ર જીડીપી નહીં, પરંતુ જીએચપી - ગ્રોથ, હેપ્પીનેસ અને પ્રાઈડ વધારવાનું છે. હરવંશનું સન્માન એ સંદેશ આપે છે.

ગાંધીધામ ચેમ્બર દ્વારા સન્માનિત ક્રિકેટર હરવંશ પન્ગાલિયાએ ભાવભરી વાણીમાં જણાવ્યું કે, ''ચેમ્બરે આપેલું આ બહુમાન મારા માટે વર્લ્ડ કપ ટ્રોફી જેટલું જ કિંમતી છે. કચ્છની માટીએ મને ઓળખ આપી છે; હવે મારો ધર્મ છે કે આ પ્રેમને ભારતીય ટીમની જર્સીમાં રૂપાંતરિત કરું. તેમની માતા જસપ્રીત કૌરે કહ્યું કે, દરેક સફળતા પાછળ પરિવારનો મૌન ત્યાગ અને સંઘર્ષ હોય છે. આજે મળતું માન દરેક માતા-પિતાને વિશ્વાસ આપે છે કે, સપના નાના ગામમાંથી પણ વૈશ્વિક બની શકે છે. કોચ નકુલ શેખર અયાચીએ ઉમેર્યું કે, હરવંશ માત્ર ખેલાડી સુધી શિસ્ત અને સંસ્કારનું સંયોજન છે. યોગ્ય માર્ગદર્શન મળે તો કચ્છમાંથી અનેક આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ ઊભા થઈ શકે છે.''

દિલ્હી પબ્લિક સ્કૂલના પ્રિન્સિપાલ ડો.સુબોધ થાપિયાલે ગુરૂ-શિષ્ય પરંપરાને આધુનિક સંદર્ભ આપતા જણાવ્યું કે, સારો કોચ શિલ્પકાર સમાન છે અને શિષ્ય કાચી માટી સમાન. નકુલ અયાચી અને હરવંશની જોડી એ જીવંત ઉદાહરણ છે કે, યોગ્ય દિશા અને દ્રઢ સંકલ્પ શું સર્જી શકે. અમારી શાળા રમત, સંગીત, કલા અને અભ્યાસ - તમામ ક્ષેત્રે પ્રતિભાઓને સમાન અવસર આપે છે.

કાર્યક્રમ દરમિયાન હરવંશની રમતિયાળ સિદ્ધિઓનું વિશદ સ્મરણ કરાયું હતું જેમાં, ઓસ્ટ્રેલિયા સામે ૧૧૭ રન, ઈંગ્લેન્ડ લાયન્સ સામે ૫૨ બોલમાં નાબાદ ૧૦૩, દક્ષિણ આફ્રિકા સામે ૯૩ રન તથા વિનુ માંકડ ટ્રોફીની નિર્ણાયક ઈનિંગ્સ. તેમની દબાણમાં શાંત રહેવાની ક્ષમતા, ચુસ્ત વિકેટકીપિંગ અને મેચ ફિનિશિંગ કુશળતાએ તેમને આંતરરાષ્ટ્રીય ઓળખ અપાવી છે. કોચ નકુલ શેખર અયાચીના માર્ગદર્શન હેઠળ, કચ્છ રૂરલ ક્રિકેટમાં આવેલા પરિવર્તન, નિ:શુલ્ક કોચિંગ, વિડિયો એનાલિસિસ અને વ્યાવસાયિક ફિટનેસ સિસ્ટમનો પણ વિશેષ ઉલ્લેખ થયો.

શિવરાત્રી પૂર્વે નશીલા પદાર્થના કાળા કારોબાર પર પોલીસની સ્ટ્રાઈક

# ગીરગઢડાના જરગલી ગામે ગાંજાનું વાવેતર ઝડપાયું: રૂ.૫.૯૬ લાખનો મુદ્દામાલ કબ્જે

## એલ.સી.બી. અને એસ.ઓ.જી.એ એક સપ્તાહમાં મળી રૂ.૩૩ લાખનો લીલા ગાંજાના છોડ કબ્જે કર્યો: ખેડુતની ધરપકડ



**અબતક, ઉના**

ગીર ગઢડા તાલુકાના જરગલી ગામની સીમમાં એસ.ઓ.જી. અને એલ.સી.બી.પોલીસ બ્રાન્ચે ગાંજો ૧૧ કિલો ૯૩૬ ગ્રામ રૂપિયા ૫ લાખ ૯૬૮૦૦/ ની કિંમતનો પકડી પાડી ખેડૂતની અટક કરી ગુનો દાખલ કર્યો આઠ દિવસ ગીર ગઢડા તાલુકામાં એસ.ઓ.જી.ની બીજી રેડ કરી સફળતા મેળવી જૂનાગઢ રેન્જ આઈ જી. પી. નિલેશ ભાઈ જાજડીયા અને ગીર સોમનાથ જિલ્લા પોલીસ વડા જયદીપસિંહ જાડેજાની સૂચનાથી જિલ્લામાં માદક પદાર્થો પકડી જીલ્લા ને ઝીરો ટોલરેટ કાર્યવાહી કરવા જિલ્લાની સ્પેશિયલ ગ્રુપ ઓપરેશન અને જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા માહિત મળી હતી કે ગીર ગઢડા તાલુકાના જરગલી ગામની સીમમાં ગાંજાનું વાવેતર કરેલ હોય તેથી એસઓજીના પોલીસ ઈન્સ્પેકટર ડી. એમ. કાગડા અને એલસીબીના પોલીસ ઈન્સ્પેકટર એસ. વી. રાજપૂત અને સ્ટાફ સાથે અધિકારીઓ સાથે રાખી ગીર ગઢડા તાલુકાના જરગલી ગામની સીમમાં લાલજીભાઈ કાળુભાઈ પરમાર જમીનમાં મોટા પ્રમાણમાં ગાંજોના છોડનું વાવેતર કરી સુકવી વેચવાની પેરવી કરતા હોય પોલીસે રેડ કેરી સૂકો ગાંજોના છોડનું વજન કરતા ૧૧ કિલો ૯૩૬ ગ્રામ થયેલ અને તેની આંતરાષ્ટ્રીય બજાર કિંમત રૂપિયા ૫ લાખ ૯૬૮૦૦ નો કબ્જે કરી ગીરગઢડા પોલીસ સ્ટેશન ખાતે લાવી આરોપી લાલજીભાઈ કાળુભાઈ પરમારને એનડીપીએસ કલમ ૮(સી),૨૦(બી),(૧૧) બી મુજબ ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી અને આ આરોપી કેટલા સમયથી ગાંજોનું વાવેતર કરી રહ્યા હતો અને કોને કોને વેચેલ તેની માહિતી મેળવી રહેલ છે. જિલ્લા પોલીસે ગત તા ૬/૨/૨૦૨૬ના રોજ ગીર ગઢડા ગામે મકાન પાછળ આવેલ ખુલ્લા વાડા મા ખેડૂત ભીખાભાઈ અતુભાઈ મકવાણા રે. ગીર ગઢડા ને ત્યાંથી ૫૫ કિલો થી વધુ ગાંજો ના છોડ રૂપિયા ૨૭ લાખ ૬૬૦૦૦/નો પકડી લીધો હતો.

આમ આઠ દિવસ માં કુલ ૩૩ લાખ,૬૨૮૦૦/નો ગાંજો પકડી પાડ્યો હતો.

# રાજકોટ-ગોંડલ હાઈવે પર કોરાટ ચોક નજીકથી રૂ. ૧.૦૯ લાખના ગાંજા સાથે દંપતી ઝડપાયું

## અલગ અલગ બે રીક્ષામાં રાજકોટથી શાપર તરફ ગાંજો લઈને જતાં'તા : રૂ. ૧.૧૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરતી શાપર પોલિસ

**અબતક, રાજકોટ**

રાજકોટ-ગોંડલ હાઈવે પરથી કોરાટ ચોક નજીકથી અલગ અલગ બે રિક્ષામાં ગાંજાની હેરાફેરી કરતા દંપતીને ઝડપી શાપર(વે.) પોલિસે રૂ. ૧.૦૯ લાખની કિંમતનો ૨.૦૧૯ કિલોગ્રામ ગાંજો કબ્જે કરી સપ્લાયર-રિસીવરની શોધખોળ શરૂ કરી હતી. દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર શાપર પોલીસ મથકના પીએસઆઈ આર ડી સોલંકીને બાતમી મળી હતી કે, રાજકોટ શહેર ખાતેથી ગોંડલ નેશનલ હાઈવે ઉપર એક સ્ત્રી અને પુરુષ માદક પદાર્થના જથ્થા સાથે અલગ અલગ બે ઓટો રિક્ષામાં બેસી નીકળનાર છે. જે હકીકત મળતાની સાથે જ શાપર પોલીસની ટીમે બે અલગ અલગ ટીમો બનાવી તાત્કાલિક રાજકોટ-ગોંડલ હાઈવે પર કોરાટ ચોક ખાતે વોચ ગોઠવી હતી. દરમિયાન રાત્રિના આઠ વાગ્યા આસપાસ કોરાટ ચોક ખાતેથી જીજે-૦૩-સીટી-૪૪૬૮ અને તેની પાછળ જીજે-૦૩-સીટી-૨૫૯૨ નંબરની બે ઓટો રીક્ષા નીકળતા બંને રીક્ષાને અટકાવતા પ્રથમ રીક્ષામાં એક પુરુષ બેઠેલ હોય જેની ઓળખ લક્ષ્મણરામ રુદ્લરામ



પાસવાન (ઉવ ૩૭ રહે. ગુંદાસર, રીબડા રેલવે સ્ટેશન પાછળ, ગોંડલ, રાજકોટ મૂળ રહે. આરા, બિહાર) જ્યારે અન્ય રિક્ષામાં એક મહિલા અને એક બાળક બેઠેલ હોય મહિલાની ઓળખ રોમાદેવી લક્ષ્મણરામ પાસવાન (ઉવ ૩૭ રહે. ગુંદાસરા, રીબડા રેલવે સ્ટેશન પાછળ, ગોંડલ, રાજકોટ મૂળ રહે. આરા, બિહાર) તેમજ તેની સાથે હાજર બાળકનું તેમનો આઠ વર્ષનો પુત્ર હોવાની કેફિયત આપી હતી. બાદમાં પોલીસે પ્રથમ રીક્ષામાં બેઠેલ પુરુષના કબજામાં રહેલ થેલીમાં તપાસ કરતા તેમાંથી ૧.૯૮૪ ગ્રામ વનસ્પતિજન્ય ગાંજો મળી આવ્યો હતો. બાદમાં રોમાદેવી પાસવાન પાસે રહેલ થેલીમાં તપાસ કરતા તેમાંથી ૨૦૬ ગ્રામ ગાંજો એમ કુલ બંને પતિ-પત્નીના કબજામાંથી ૨.૦૧૯ કિલોગ્રામ ગાંજો જેની કિંમત રૂ.૧,૦૯,૫૦૦ મળી આવતા શાપર પોલીસની ટીમે ગાંજો, મોબાઈલ મળી કુલ રૂ.૧,૧૦,૫૦૦ નો મુદ્દામાલ કબજે કરી દંપતિની ધરપકડ કરી એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં દંપતી શાપર ખાતે ગાંજાની ડિલિવરી આપવા જઈ રહ્યા હતા તેવું સૂત્રો જણાવી રહ્યા છે. જેથી પોલિસે ગાંજાનો જથ્થો મંગાવનાર શાપરના શખ્સનું નામ ખોલાવવા તજવીજ હાથ ધરી છે. મામલાની તપાસ હાલ લોધિકા પોલિસ મથકના પીઆઈ યુ આર ડામોર ચલાવી રહ્યા છે.

# અંજાર: ગાંજાના જથ્થા સાથે સલીમ મેર ઝડપાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજાર-મુંદ્રા હાઈવે પર ખેડોઈ પાસે કરવામાં આવેલી આ કાર્યવાહીમાં આરોપી સુરૂભા દોલુભા ઝાલા પાસેથી ૧૭૯ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો, જેની કિંમત રૂ. ૮,૯૫૦/- આંકવામાં આવી છે. પોલીસ પૂછપરછમાં આરોપીએ આ જથ્થો અંજારના સલીમ ઉમેર મેર પાસેથી મેળવ્યો હોવાનું જણાવતા પોલીસે પકડાયેલ આરોપી સુરૂભા દોલુભા ઝાલા અને પકડવાનો બાકી આરોપી સલીમ ઉમેરભાઈ મેર બંને વિરુદ્ધ એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ કામગીરીમાં અંજાર પીઆઈ એ.આર.ગોહીલ, પીએસઆઈ એસ.જી.વાળા, આર.પી.જાડેજા તથા અંજાર પોલીસ સ્ટાફના માણસો સાથે રહ્યા હતા.




# હિંમતનગરમાં એસ.બી.આઈના એ.ટી.એમમાં આગ

## ફાયર બ્રિગેડે ઘટના સ્થળ પર પહોંચી આગ પર કાબુ મેળવ્યો

**અબતક, સંજય દીક્ષીત, સાંબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લામાં હિંમતનગરના બેરણા રોડ પર આવેલા ગોકુલેશ કોમ્પ્લેક્ષમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ના એ.ટી.એમ માં મંગળવારે રાત્રે આગ લાગી હતી સ્થાનિકોએ એ.ટી.એમ માંથી ધુમાડો નીકળતો જોતા તાત્કાલિક હિંમતનગર ફાયર બ્રિગેડને જાણ કરી હતી આગ લાગવાની માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગને કાબૂમાં લીધી હતી આગ બુઝાવ્યા બાદ ફાયર વિભાગ દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી ત્યારબાદ એ.ડિવિઝન પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એ.ટી.એમ ના પાછળના ભાગે વાયરિંગમાં આગ લાગી હતી જેના કારણે મોટા પ્રમાણમાં ધુમાડો થયો હતો આ આગને સફળતાપૂર્વક બુઝાવી દેવામાં આવી હતી.



# ભાણવડના સણખલા ગામે પતિના હાથે પત્નીની હત્યા

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના સણખલા ગામે પરપ્રાંતીય પતિના હાથે પત્નીની થયેલ હત્યાના બનાવ અંગે ખંભાળીયા ડી.વાય.એસ.પી. વિસ્મય માનસેતાએ વિગતો માટે પત્રકાર પરિષદ યોજીને જણાયું હતુ કે, મુળ રાજસ્થાનના અને અહી સણખલા કામ કરવા મજુરી માટે આવેલા નંદરામ સોમા ગરવાલ દ્વારા ખેતરમાં ઘઉંને પાણી પીવડાવવા તેની પત્ની રેખાબેન સાથે બોલાચાલી થતા રેખાબેનના માથામાં પાવડો મારી મોતને ઘાટ ઉતારેલ જે અંગે આરોપી નંદરામ સોમાની ધરપકડ કરી ભાણવડ પી.આઈ. ચેતન દેસાઈ દ્વારા તપાસ હાથ ધરાઈ છે.

# ધ્રાંગધ્રાની ફલ્કુ નદીના પટમાં ધમધમતી ઘોડી પાસાની કલબ એલસીબી ત્રાટકી

## બે શખ્સોની ધરપકડ: રૂ.૫૪૪૦૦નો મુદામાલ કબ્જે: મહિલા સહિત છ શખ્સ નાસી છુટયા

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેર નજીક ફલકુ નદીના પટ્ટમાં ચાલતા જુગારધામ પર જિલ્લા એલ.સી.બી. ટીમે ફિલ્મી સ્ટાઈલમાં દરોડો પાડી જુગારિયાઓમાં દોડધામ મચાવી દીધી હતી આ કાર્યવાહી દરમિયાન બે શખ્સોને રંગેહાથ ઝડપવામાં આવ્યા હતા, જ્યારે અન્ય છ શખ્સો અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયા હતા. પોલીસે કુલ ₹૫૪,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે દરોડા દરમિયાન જુગાર રમતા શખ્સોમાં નાસભાગ મચી જતાં માહોલ ગરમાયો હતો પોલીસે ધર્મેશભાઈ કિશોરભાઈ ખખ્ખર અને ભાવેશભાઈ રણછોડભાઈ ભરવાડ (બંને રહે. ધ્રાંગધ્રા) ને ગુડદી પાસાનો જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રોકડા રૂ. ૨૯,૪૦૦, એક મોબાઈલ ફોન (કિંમત રૂ ૫,૦૦૦) અને એક બાઈક (કિંમત રૂ. ૨૦,૦૦૦) મળી કુલ રૂ ૫૪,૪૦૦નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો આ ઉપરાંત ગૌતમભાઈ ખીમાભાઈ ભરવાડ, મુન્નાભાઈ ભાલુભાઈ ભરવાડ, નિલેશભાઈ રાવળ, કિરણભાઈ વણઝારા અને એલ.સી.બી. ટીમે ઝડપાયેલા બે અને ફરાર થયેલા છ સહિત કુલ આઠ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસની આ કડક કાર્યવાહીથી જુગારિયાઓમાં ખળભળાટ મચી ગયો છે.

# ઈડરના સપ્તેશ્વર-આરસોડિયા રોડ પર પ્રતિબંધ હોવા છતાં મોટા અને ભારે વાહનોની અવરજવરની રાવ

## રેત માફીયાઓ તંત્રના આદેશનો સરેઆમ ભંગ કરતા હોવાની ફરિયાદ સામે પગલાં ભરવા માંગ

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકામાં આવેલ સપ્તેશ્વર આરસોડિયા રોડ પર રેતી ભરેલા ડમ્પરો ગેરકાયદેસર અવરજવર કરતા હોવાનો દાવો આરસોડિયાના ગ્રામજનો કરી રહ્યા હોવાનું સામે આવ્યું છે જીલ્લા કલેક્ટરે થોડાક મહિના અગાઉ સપ્તેશ્વર અને આરસોડિયા રોડ પર મોટા અને ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ ફરમાવતો હુકમ કર્યો હતો પરંતુ આ માર્ગ પર ઓવરલોડ રેતી ભરીને જતા



ભારરવાહક ડમ્પરો નીકળતા હોવાનું જાણવા મળે છે જોકે આ મામલે આરસોડિયાના ગ્રામજનોએ જણાવ્યું હતું કે જો આ રેતી ભરેલા ડમ્પરો આ પ્રતિબંધિત માર્ગ પર અવરજવર બંધ નહીં કરે તો અમે રસ્તો બંધ કરી વિરોધ નોંધાવશું.

આ અંગે ગ્રામજનોએ જીલ્લા કલેક્ટરને રજૂઆત કરી હોવા છતા પરિસ્થિતિ જૈસે થે જોવા મળી રહી છે કેમ આ રેત માફીઆઓ સામે તંત્ર કોઈ કાર્યવાહી કરતું નથી.

### નદીમાં રેતીનું ગેરકાયદેસર ખનન થાય છે: પ્રમુખ

સપ્તેશ્વર મંદિર ટ્રસ્ટના પ્રમુખ કરશન પટેલે નદીના રેતીનું ગેરકાયદેસર થતું હોવાનો આક્ષેપ કર્યો છે. આ સાથે જ તેઓએ કલેક્ટરના હુકમનું પાલન કરાવવામાં જીલ્લાનું ખાણખનીજ વિભાગનું તંત્ર નિષ્ફળ રહ્યું હોઈ જો આગામી દિવસોમાં પણ આજ પરિસ્થિતિ રહેશે તો નજીકના ગામોના લોકો સાથે મળી નદીમાં ચાલતી ગેરકાયદેસર લીઝો બંધ કરાવી પસાર થતા ભારવાહક ડમ્પરોને અટકાવી દેવામાં આવશે સતત ડમ્પરોની અવરજવરથી ઉડતી ધૂળને કારણે અહીં આવેલ દુકાનો અને હોટલોના સંચાલકો પણ ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે.

# ગોંડલનાં જામવાડી જીઆઈડીસીમાં શોર્ટ લાગતા યુવાનનું મોત

## પ્લાસ્ટર કરતી વેળાએ લોખંડની સીડી વીજવાયરને અડી જતા દુર્ઘટના સર્જાઈ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ નાં જામવાડી જીઆઈડીસી માં કડીયાકામ કરી રહેલા યુવાન ને ઈલે.શોર્ટ લાગતા તેનું ઘટનાસ્થળે મોત નિપજ્યુ હતું.બનાવ બાદ તેનાં મૃતદેહ ને પીએમ માટે ગોંડલ સરકારી હોસ્પિટલ ખસેડાયો હતો.બનાવ નાં પગલે મૃતક નો પરીવાર શોકમગ્ન બન્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ ગોંડલ નાં મોવિયા મોરીવાવ પાસે રહેતા અને



કડીયાકામ કરતા દિપકભાઈ સવજીભાઈ જાદવ ઉ.૨૭ જામવાડી જીઆઈડીસી માં આવેલ રઘુવીર ઈન્ડસ્ટ્રીઝ માં દિવાલ નાં ચણતર પછી પ્લાસ્ટર કરી રહ્યા હતા.પ્લાસ્ટર કરતી વેળા દિપકભાઈ લોખંડ ની સીડી પર ઉભા હતાં.સીડી મોટી હોય ઉપર થી પસાર થતા ઈલેવન ઈલેક્ટ્રિક વાયર ને અડી જતા વિજ પ્રવાહ નો જોરદાર જટકો લાગતા દિપકભાઈ ને શોર્ટ લાગતા તે ફંગોળાયા હતાં.અને ઘટના સ્થળે મોત નિપજ્યુ હતું.

મૃતક અપરણીત હતા.અને બે ભાઈઓ નાં પરીવાર માં નાના હતાં.

# દ્વારકા રૂપેણ બંદરે પકડાયેલા ગૌ માસમાં ત્રણ ઝડપાયા

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

તાજેતરમાં દ્વારકાના રૂપેણ બંદર પાસેથી પોલીસે ૫૦ કિલો ગૌ માસ સાથે કેટલાક શખ્સોને પકડયા હતા. જે પ્રકરણમાં ડી.વાય.એસ.પી. સાગર રાઠોડ દ્વારા પત્રકાર પરિષદ કરીને વિગતો આપી હતી.

તેમણે જણાવેલ કે ગાયને નદીમ જહાંગીર ફકીર રીક્ષા જેવા વાહનમાં લાવતો જેને કાપીને ટુકડા જાવેદ સબીર બાબી કરતો અને તેનું વેંચાણ કરવા સલમાબેન ઈલીયાસ જતી હતી આ ત્રણેયને પકડી લેવાયા છે.તથા અન્ય મદદગારોને પણ પકડવા દ્વારકા પોલીસ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

તથા પ્રતિબંધીત ગૌ માસના વેચાણ અંગે બી.એન.એસ.ની.કલમો હેઠળ ગુનો નોંધી તપાસ ચલાવાય છે.

# ધ્રાંગધ્રા નજીક લોખંડના સળીયાની ચોરીનો પર્દાફાશ

## તાલુકા પોલીસે દરોડો પાડી રૂ. ૪૮ લાખનો મુદામાલ કબ્જે: ત્રણની ધરપકડ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા તાલુકા પોલીસે કલ્પના ચોકડી થી સુરેન્દ્રનગર જવાના રસ્તે ધોરીધાર ફાટક પાસેથી સરકારી ખરાવામાં લોખંડની ખીલાસરી ની ભારી ઉતારી અને બરોબર વેચતા પોલીસે ત્રણ આરોપીઓને ઝડપી ૪૮ લાખથી વધુ નો મુદ્દામાલ ઝડપી ત્રણ આરોપી સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

ધ્રાંગધ્રા કલ્પના ચોકડીથી સુરેન્દ્રનગર જવાના રોડ પર ધોળીધાર રેલ્વે ફાટક નજીક સરકારી ખરાબાની ખુલ્લી જગ્યામાં ગેરકાયદેસર રીતે લોખંડના સળીયાનું કટીંગ કરી ચોરી કરવામાં આવી રહી છે બાતમીના આધારે પોલીસ ટીમે તાત્કાલિક રેઈડ ગોઠવી કાર્યવાહી હાથ ધરી હતી રેઈડ દરમિયાન પોલીસે ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા હતા ઝડપાયેલા આરોપીઓમાં (૧)



વિરમભાઈ ઉર્ફે શૈલેષભાઈ બળદેવભાઈ મુંધવા (રહે. ધોળીધાર, ધ્રાંગધ્રા), (૨) મુખતારસિંહ પોલોસિંહ શેખ (રહે. સંગતપુરા, તરણતારણ, પંજાબ) અને (૩) હરપ્રીતસિંહ ગુલઝારસિંહ (રહે. હિંમતપુર, હોશિયારપુર, પંજાબ) નો સમાવેશ થાય છે પોલીસે ઘટનાસ્થળેથી ટાટા કંપનીનું સફેદ કલરનું ટ્રેલર (રજી. નં. GJ-12-BY-3481) તેમજ ૮ એમએમ, ૧૦ એમએમ, ૧૨ એમએમ, ૧૬ એમએમ, ૨૦ એમએમ, ૨૫ એમએમ અને ૩૨ એમએમ કદના કુલ ૨૬૨ ભારીઓ લોખંડના સળીયા જપ્ત કર્યા છે જપ્ત કરાયેલ સળીયાની અંદાજિત કિંમત રૂપિયા ૧૮,૪૭,૯૯૪ અને ટ્રેલરની કિંમત રૂપિયા ૩૦ લાખ ગણાતાં કુલ રૂપિયા ૪૮,૪૭,૯૯૪નો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે આરોપીઓ વિરુદ્ધ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાઈ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# હિંમતનગરમાં લવ જેહાદ મામલે કલ્યાણ જ્વેલર્સ અને અન્ય મોલ્સ સામે કાર્યવાહી કરવા વીએચપીની માંગ

## ફીડ બેંકના નામે કંપનીના કર્મી. ગ્રાહકનો ડેટા મેળવી તેનો દૂરઉપયોગ કરતા, વિધર્મી કર્મચારીએ સગીરાને લવ જેહાદમાં ફસાવવાનો પ્રયાસ કર્યો: ત્રણની ધરપકડ

**અબતક, સંજય દિક્ષિત,સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક એવા હિંમતનગરમાં વિશ્વ હિન્દુ પરિષદે કલ્યાણ જ્વેલર્સ અને અન્ય મોલ્સ પર લવ જેહાદના આરોપો તથા ગ્રાહકોના ડેટાનો દુરુપયોગ અંગે કડક કાર્યવાહીની માંગ સાથે કલેક્ટર અને પોલીસ અધિક્ષકને આવેદનપત્ર પાઠવ્યું હતું આ મામલે પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી તેમને જેલ હવાલે કર્યા હોવાનું જાણવા મળે છે.

આ સમગ્ર ઘટના હિંમતનગરના મોતીપુરા સ્થિત કલ્યાણ જ્વેલર્સમાં પરિવાર ખરીદી માટે ગયો હતો ત્યારે ફીડબેકના બહાને તેમના અંગત ડેટા જેમાં નામ, સરનામું,મોબાઈલ નંબર અને ઈમેઈલનો સમાવેશ થાય છે તે મેળવવામાં આવ્યા હતા પરિવારે કંપની પર વિશ્વાસ રાખીને આ માહિતી આપી હતી.

કલ્યાણ જ્વેલર્સ કંપનીએ પોતાના કર્મચારીઓ પર નિયંત્રણ ન રાખતા અને ડેટાની સુરક્ષામાં બેદરકારી દાખવતા,કંપનીના કર્મચારીઓએ આ ડેટાનો દુરુપયોગ કર્યો તેમણે



પરિવારની મહિલા સભ્યોનો વારંવાર અનિચ્છનીય સંપર્ક કર્યો અને અભદ્ર માંગણીઓ કરી એક કિસ્સામાં,કંપની વતી ગિફ્ટ આર્ટિકલ આપવાના બહાને કર્મચારીઓ ઘરે પણ પહોંચી ગયા હતા.

આ ઉપરાંત કંપનીના વિધર્મી કર્મચારીએ પરિવારની સગીરાને લવ જેહાદમાં ફસાવવાનો પ્રયાસ કર્યો તેણે સગીરાના મોબાઈલ પર વારંવાર અનિચ્છનીય કોલ કર્યા અને મૈત્રી સંબંધ બાંધવા માટે પ્રયાસો કર્યા આ કર્મચારી સગીરા જ્યાં અભ્યાસ કરતી હતી ત્યાં સુધી પહોંચી ગયો અને શારીરિક શોષણના ઈરાદે તેની સાથે મૈત્રી કરવાનો પ્રયાસ કર્યો તેણે સગીરાને શારીરિક શોષણ માટે ધમકીઓ આપી અને તેને ઉપાડી જવાની પણ ધમકી આપી હતી શરૂઆતમાં તેણે પોતાનું નામ હિન્દુ જણાવ્યું હતું પરંતુ જ્યારે સગીરાને સાચી હકીકતની જાણ થઈ ત્યારે તેણે સગીરાને મારી નાખવાની અને ઉપાડી જવાની ધમકીઓ આપી હતી

આ અંગે સગીરાના પિતાએ હિંમતનગર એ.ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી પોલીસે છેડતીનો ગુનો નોંધી ત્રણેય આરોપીઓની ધરપકડ કરી તેમને કોર્ટમાં રજૂ કર્યા બાદ સબજેલમાં મોકલ્યા છે.વી.એચ.પી.એ કલેકટર અને એસ.પી.ને આવેદન પત્ર પાઠવી કલ્યાણ જ્વેલર્સના માલીક અને મેનેજમેન્ટે ખાનગી ડેટાનો ઉપયોગ લવજેહાદમાં થયેલ છે આ કંપનીના વિર્ધમી કર્મચારીઓએ હિન્દુ નામ ધારણ કરી લવજેહાદમાં સગીરાને ફસાવેલ છે જેથી આ કલ્યાણ જ્વેલર્સના માલીક અને તેના મેનેજમેન્ટ વિરુધ્ધ સખત પગલા ભરવા અને તેમની સામે ગુન્હો દાખલ કરી અને ધરપકડ કરવા વિનંતી છે.

**કંપનીના કર્મીઓ ડેટાનો દુરુપયોગ કરી મહિલાનો વારંવાર સંપર્ક કરી અભદ્ર માંગણીઓ કરી**

# જામનગરમાં અન્નપુર્ણા ચોકડી પાસે કચરાગાડીએ એક્ટિવાને અડફેટે લીધું

## માતા-પુત્રી ઈજાગ્રસ્ત, લોકોએ ગાડીના ટાયરોની હવા કાઢી: ચાલક ફરાર

**અબતક, જામનગર**

જામનગર શહેરમાં અન્નપૂર્ણા ચોકડી પાસે બેફામ ગતિએ દોડતી કચરાની ગાડીએ એકટીવા સવાર માતા પુત્રીને હડફેટે લીધા હતા. અકસ્માતમાં માતા પુત્રીને ઈજા પહોંચતા સારવાર માટે જીજી હોસ્પિટલ ખસેડવમાં આવ્યા હતા. અકસ્માત સર્જી કચરા ગાડીનો ચાલક પોતાનું વાહન સ્થળ પર છોડીને નાશી ગયો હતો. અકસ્માત બાદ કેટલાક નાગરિકોએ ગાડી ના તમામ ટાયરોની હવા કાઢી નાખી હતી. બનાવની જાણના આધારે પોલીસે તાપસ હાથ ધરી છે.

અન્નપૂર્ણા ચોકડી વિસ્તારમાં ગઈકાલે સવારે ૯.૦૦ વાગ્યાના અરસામાં જીજે ૧૦ ઈ.ડી. ૪૨૯૧ નંબરના એકટીવા સ્કૂટરમાં જઈ રહેલી ગીતાબેન યોગેશભાઈ અસવાર કે જે પોતાની પુત્રી સાથે નોકરી પર જવા માટે નીકળી હતી, અને એકટીવા સ્કુટર નુરી ચોકડી પાસેથી પસાર થતાં પુરપાટ ઝડપે આવી રહેલા જી.જે. ૨૦ વાય ૫૨૭૪ નંબરની કચરા ગાડીના ચાલકે સ્કૂટરને હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો.

આ અકસ્માતમાં ગીતાબેન અસવાર અને તેની પુત્રી બંને ઘાયલ થયા હતા. જેથી તેઓને તાત્કાલિક અસરથી ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની સરકારી જીજી હોસ્પિટલમાં પહોંચાડ્યા હતા. આ અકસ્માત ના બનાવ સમયે કચરા ગાડી નો ચાલક પોતાનું વાહન સ્થળ પર છોડીને ભાગી છુટ્યો હતો. અકસ્માત બાદ કેટલાક નાગરિકોએ એકત્ર થઈ આક્રોશ વ્યક્ત કર્યો હતો, અને કચરા ગાડી ના તમામ ટાયરોની હવા કાઢી નાખી હતી.

# હાપા નજીક કારમાંથી રૂ. ૪.૬૭ લાખના દારૂ સાથે બે બુટલેગર ઝડપાયા

## ૧૮૨૪ બોટલ દારૂ-કાર મળી ૯.૬૭ લાખનો મુદ્દામાલ કબ્જે આરોપી બે દારૂના ગુનામાં નાસ્તા ફરતા હતા

**અબતક,સાગર સંઘાણી, જામનગર**

જામનગર હાપાથી લાલવાડી તરફ આવતા રસ્તે પેટ્રોલપંપ સામે રોડ પર કારમાં થતી ઈંગ્લીશ દારૂની હેરાફેરીનો પોલીસે પર્દાફાસ કર્યો છે. પોલીસે શંકાસ્પદ હાલતમાં નિકળેલી કારને અટકાવી તલાસી લેતા રૂ.૪,૬૭,૦૪૦ ની કિંમતના ૧૮૨૪ નંગ ઈંગ્લીશ દારૂના ચપલા મળી આવ્યા હતા. પોલીસે કાર લઈને નિકળેલા બે શખ્સની અટકાયત કરી દારૂ અને કાર સહીત રૂ.૯,૬૭, ૫૪૦ ના મુદ્દામાલ કબ્જે કરી આગળની તાપસ હાથ ધરી છે. પકડાયેલા બન્ને આરોપીઓ અગાઉ પણ પોલીસ ચોપડે



નોંધાયેલ ગુનામાં નાસ્તા ફરતા હોવાનું સામે આવ્યું હતું.

સિટી એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એએસઆઈ રવિરાજસિંહ જાડેજા, કોન્સ્ટેબલ વિક્રમસિંહ ભરતસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ નવલસિંહ જાડેજા તથા ખોડુભા કનુભા જાડેજાને દારૂની હેરાફેરી બાતમીના આધારે ટીમે જામનગર હાપા માર્કેટીંગ યાર્ડ થી નુરી ચોકડી તરફ જતા રસ્તે વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમી મુજબની GJ-03-JC -૫૬૧૫ નંબરની બલેનો કાર શંકાસ્પદ હાલતમાં નિકળતા પોલીસે આ કારણે અટકાવી હતી. પોલીસે તલાસી લેતા રૂ.૪,૬૭,૦૪૦ ની કિંમતના ૧૮૨૪ નંગ ઈંગ્લીશ દારૂના ચપટા મળી આવ્યા હતા. આથી પોલીસે કાર લઈને નિકળેલા દિપક ઉર્ફે અટ્ટાપટુ જમનાદાસ જેઠવાણી (રહે.રણજીતસાગર રોડ ખેતલા બાપા હોટલની પાછળ પંચવટી સોસાયટી શેરી નંબર. ૨ જામનગર) અને જીગ્નેશભાઈ વિનોદભાઈ ખીચડા (રહે.દિ પ્લોટ ૫૪ વિશ્રામવાડી ચોક પાછળની ગલી જામનગર) નામના બંને શખ્સની અટકાયત કરી હતી. પોલીસે દારૂ અને ૫,૦૦,૦૦૦ ની કિંમતની કાર સહીત કુલ રૂ.૯,૬૭, ૫૪૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસની પુછપરછમાં દિપક ઉર્ફે અટ્ટાપટુ જમનાદાસ જેઠવાણી અગાઉ સીટી સી ડીવીઝન પો.સ્ટે. ગુનામા નાસ્તો ફરતો હતો અને જીગ્નેશભાઈ વિનોદભાઈ ખીચડા જામનગર સીટી સી ડીવીઝન પો.સ્ટે. તથા મોરબી જીલ્લા ના માળીયા મીયાણા પો.સ્ટે. બે ગુનામાં નાસ્તા ફરતા હોવાનુ સામે આવ્યું હતું.

# જામનગર: દુષ્કર્મના ગુનામાં આરોપીને પાંચ વર્ષની સજા

## સગીરાને ફોટા વાયરલ કરવાની અને મારી નાખવાની ધમકી આપી હવસનો શિકાર બનાવી'તી

**અબતક, જામનગર**

જામનગર પંથકમાં રહેતી સગીરાને ફોટો વાયરલ કરવાની અને પરીવારને જાનથી મારી નાખવાની ધમકી આપી શખસે દુષ્કર્મ ગુર્જાયા બાદ થયેલી પોલીસ ફરિયાદ પછી ચાર્જશીટ થતાં કેસ કોર્ટમાં ચાલી જતાં કોર્ટે આરોપીને તકસીરવાન ઠેરવી પાંચ વર્ષની સજા અને રૂા. ૧૦ હજારનો દંડ ફટકાર્યો છે. જામનગરના ગ્રામ્ય પંથકમાં વસવાટ કરતા એક પરિવારની સગીર વયની પુત્રીને પ્રફુલ કાંતિલાલ જાદવ નામના શખ્સે પોતાના ઘરે બોલાવ્યા પછી તેણીના ફોટા વાયરલ કરવાની અને પરિવારના સભ્યોને મારી નાખવાની ધમકી આપી દુષ્કર્મ ગુજાર્યું હતું.આ બાબતની સગીરાએ પોતાના પરિવારને જાણ કર્યા પછી પોલીસમાં ફરિયાદ કરવામાં આવી હતી.

ગુન્હો નોંધી આરોપી પ્રફુલ કાંતિલાલ જાદવની ધરપકડ કરી હતી. આ કેસ જામનગરની ખાસ પોકસો અદાલતમાં ચાલવા પર આવતા સરકાર પક્ષે ભોગ બનનાર તરૂણી, તબીબની જુબાની રજૂ કરવા ઉપરાંત બાવીસ દસ્તાવેજી પૂરાવાઓ પણ રજૂ કર્યા હતા. અદાલતે બંને પક્ષની દલીલો સાંભળ્યા પછી આરોપી પ્રફુલ કાંતિલાલ જાદવને તકસીર વાન ઠરાવી પોકસો એકટના ગુન્હામાં પાંચ વર્ષની સખત કેદ તથા રૂા. દસ હજારનો દંડ ફટકાર્યો છે. દંડ ભરવામાં ન આવે તો વધુ છ મહિનાની કેદ ફટકારાઈ છે. ભોગ બનનાર સગીરાને રૂા. ૪ લાખ વળતર પેટે ચૂકવવામાં આવશે.

# જામનગરના મયુરબાગ વિસ્તારમાંથી સાત લાખની કાર ચોરાઈ

**અબતક, જામનગર**

જામનગરના રણજીત સાગર રોડ પર આશીર્વાદ એવન્યુ મયુર બાગ વિસ્તારમાં રહેતા એક કોન્ટ્રાકટર યુવાનના રહેણાંક મકાનની બહાર પાર્ક કરવામાં આવેલી રૂપિયા ૭ લાખની કિંમતની મોટરકાર કોઈ તસ્કરો ડુપ્લીકેટ ચાવી વડે ચાલુ કરી હંકારી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર જામનગરમાં મયુરબાગ શેરી નંબર ૪ આશીર્વાદ એવન્યુમાં રહેતા સાગર રમેશભાઈ દુધાગરા નામના કોન્ટ્રાકટર યુવાને પંચ બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ કરી જણાવ્યું છે. કે પોતાની રૂપિયા ૭ લાખની કિંમતની જી.જે. ૧૦ ડી.એન. ૮૮૮૩ નંબરની કાર , કે જે પોતાના ઘર પાસે પાર્ક કરી હતી, ત્યાંથી કોઈ તસ્કરો રૂપિયા ૭ લાખની કિંમતની ક્રેટા કારની ચોરી કરી લઈ ગયાનું પોલીસ ફરિયાદમાં જાહેર કરાયું છે જેને પોલીસ શોધી રહી છે.

# જામનગરમાં યુવાનને ઢીંકે ચડાવનાર ગાયને ડબ્બામાં પુરી

**અબતક, જામનગર**

જામનગરમાં નવાગામ ઘેડ વિસ્તારમાં મંગળવારે બપોરે ૧૨.૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન કિશન રાઠોડ નામના યુવકને ગાય દ્વારા ઢીંકે ચડાવી હડફેટે ચડાવ્યો હતો. જેને લીધે યુવાન ઈજાગ્રસ્ત થતા સ્થાનિક લોકોએ તાત્કાલિક ૧૦૮ ની ટીમને જાણ કરતા ૧૦૮ ની ટુકડી દોડી ગઈ હતી, અને ઈજાગ્રસ્તને સારવાર માટે જીજી હોસ્પિટલમાં પહોંચાડી દેવાયા હતા. જયાં સઘન સારવાર મળી ગઈ હોવાથી હાલ યુવાનની હાલત સુધારા પર છે અને સ્વસ્થ છે. આ બનાવ બાદ લોકોના ટોળાએ એકત્ર થઈને મહાનગરપાલિકાની ટુકડીને પણ જાણ કરી હતી, જેથી સોલીડવેસ્ટ શાખા ની ટુકડી દોડ થઈ હતી અને ગઈકાલે ટિમ દ્વારા આ ગાયને શોધી કાઢયા બાદ પકડી પાડવામાં આવી હતી અને તેને ઢોરના ડબ્બામાં મોકલી દેવામાં આવી હતી.

# ચંગા ગામે લગ્ન પ્રસંગમાં નજીવી બાબતે ત્રણ ભાઈઓ ઉપર હુમલો

## છુટા રૂપિયા મેળવવા બાબતે ઝઘડો થતાં આરોપીએ હુમલો કરી જાતિ પ્રત્યે હડધૂત કર્યા

**અબતક, જામનગર**

જામનગર નજીકના ચંગા ગામમાં લગ્ન પ્રસંગે ઢોલ વગાડવા ગયેલા ત્રણ પિતરાઈ ભાઈઓને માર મારી હડધૂત કરાયાનો મામલો પોલીસ મથકે નોંધાયો છે. આ બનાવમાં ત્રણ શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. છુટા રૂપિયા મેળવવા બાબતે ઝઘડો થતાં હુમલો કરવામાં આવ્યો હતો અને બાદમાં જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરાયાની ફરિયાદથી પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે.

જામનગર શહેર નજીક ચંગા ગામમાં રહેતા વિરમભાઈ ભોજાભાઈ નામના યુવાને પોતાના ઉપર તેમજ પોતાના નાનાભાઈ તથા પિતરાઈ ભાઈ ત્રણેયને મારકુટ કરી હડધૂત કરવા અંગે પોતાના ગામના પ્રવીણસિંહ ભીખુભા પિંગળ, ભરતસિંહ કેશુભા અને અજીતસિંહ મઘાજી પિંગળ સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવાયા અનુસાર ફરિયાદી ત્રણેય પિતરાઈ ભાઈઓ પોતાના ગામમાં એક લગ્ન પ્રસંગમાં ઢોલ વગાડવા માટે ગયા હતા. દરમિયાન ઉડાવેલા રૂપિયામાંથી છુટા કાઢવાના મામલે પ્રવિણસિંહ ભીખુભા અને વિરમભાઈ વચ્ચે માથાકૂટ થઈ હતી. આરોપીને થેલામાં હાથ નાખીને પૈસા લેવાની ના પાડતાં આરોપીઓએ ઉસકેરાઈ જઈ આ હુમલો કરી દીધાનું પોલીસમાં જાહેર થયું છે. ત્રણે આરોપીઓ દ્વારા સમાધાન કરવાના બહાને પાછળથી ઘરે આવી મહિલા સભ્યોને પણ ફરિયાદ નહીં કરવા અને ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી ઊચારી હતી. તેમજ જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરાયા હતા. જે મામલે પોલીસે એસ્ટ્રોસિટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે, અને વધુ તપાસ હાથ ધરી છે.

### શેરડીનો ભાવ...

મોટા-મોટા વાયદાઓ અને પ્રોજેક્ટ્સના નામે આદિવાસી સમાજની જીવાદોરી સમાન જળ, જંગલ અને જમીન છીનવી લેવાનું વ્યવસ્થિત કાવતરું ચાલી રહ્યું છે. ગ્રામસભાઓની મંજૂરી લીધા વિના જ જમીનોનું સંપાદન કરવું અને ઉદ્યોગપતિઓના ફાયદા માટે કુદરતી સંસાધનનો ભોગ લેવાઈ રહ્યો છે. આદિવાસી સંસ્કૃતિ અને તેમના અસ્તિત્વને ટકાવી રાખવા માટે જે સ્વાયત્તતા મળવી જોઈએ, તેના બદલે સત્તાના જોરે તેમના જંગલો અને નદીઓ હડપવામાં આવી રહ્યા છે, જે આદિવાસી સમુદાયના આર્થિક અને સામાજિક પતન તરફ આગળી વધી રહ્યા છે.

### સોમનાથ મંદિર...

પડે તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. જનરલ એન્ટ્રી ગેટ પર નવા ચેકિંગ પોસ્ટ કાર્યરત રહેશે. મહિલાઓ અને પુરુષો માટે અલગ-અલગ ત્રણ-ત્રણ લાઈનો તેમજ ભીડ વધે ત્યારે એકસાથે બે લાઈનોમાં ચેકિંગ કરવાની સુવિધા રહેશે.

મંદિરના એન્ટ્રીથી એક્ઝિટ ગેટ સુધી ત્રિશૂલ, ડમરૂ, ૐ જેવા શિવ પ્રતિકો અને વિદ્યુત રોશનીથી સમગ્ર પરિસર ઝગમગી ઉઠ્યું છે.

પર્વ દરમિયાન હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞ, બિલ્વપૂજા, પાધપૂજા, સોમેશ્વર પૂજા, મહામૃત્યુંજય જાપ, ચાર પ્રહર પૂજા, સંધ્યા શણગાર, પાર્થિવ લિંગ પૂજા અને પાર્થેશ્વર પૂજા સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. સોમનાથ ટ્રસ્ટ તરફથી માત્ર રૂપિયા ૨૫માં બિલ્વપૂજા કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ભાવિકો પોસ્ટ દ્વારા પણ મહાદેવની પ્રસાદી મેળવી શકશે.

સોમનાથ સમુદ્ર તટે મારુતિ બીચ ઉપર નિયત રકમમાં રજિસ્ટ્રેશન કરાવી શાસ્ત્રોક્ત વિધિ સાથે પાર્થિવ શિવલિંગની સમૂહ મહાપૂજા યોજાશે. શિવરાત્રી નિમિત્તે પાંચથી સાત વિશાળ ભોજન ભંડારા દ્વારા નિઃશુલ્ક ભોજન-ફરાળ પ્રસાદીની વ્યવસ્થા પણ રહેશે.

જિલ્લા કલેકટર એન.વી. ઉપાધ્યાયે જણાવ્યું કે મહાશિવરાત્રી પર્વે લાખો શ્રદ્ધાળુઓ સોમનાથ ખાતે ઉમટે છે. તેને ધ્યાનમાં રાખી તા. ૧૪ ફેબ્રુઆરીએ ભવ્ય ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે, જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સઘવી પધારશે.

તા. ૧૪ના રોજ પ્રસિદ્ધ ગાયક કૈલાશ ખેર દ્વારા શિવ મહિમાના ગીતોની પ્રસ્તુતિ થશે. સાથે જ જાણીતા કલાકાર પાર્થ ઓઝા અને ઉર્વશીબેન રાદડિયા સંગીતમય કાર્યક્રમ રજૂ કરશે. તા. ૧૫ના રોજ જીગરદાન ગઢવી, ઋષભ આહીર, રુજુ જાદવ અને યશ બારોટ સહિતના કલાકારો ભાવિકોને ભક્તિમય રસથાળ પીરસશે.

### અમુલ એઆઈ...

પ્રોડક્ટ્સની ઈમ્પોર્ટને બાકાત રાખવાના તેમના આગવા નિર્ણયથી દેશમાં દૂધ ઉત્પાદન પર નિર્ભર ૧૦ કરોડથી વધુ નાના અને સીમાંત ખેડૂતોનો જીવન નિર્વાહ સુરક્ષિત રહેશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એવો વિશ્વાસ દર્શાવ્યો કે, આ આવકારદાયક ટ્રેડ ડિલના પરિણામે વડાપ્રધાનના માર્ગદર્શનમાં દેશનું ડેરી સેક્ટર દૂધ ઉત્પાદન વધારીને વિશ્વની ડેરી બનવાની દિશામાં ઝડપથી આગળ વધશે.

તેમણે વિકસિત ભારત ૨૦૪૭ માટે સ્વદેશી અને આત્મનિર્ભર ટેકનોલોજીથી ગ્લોબલ સોલ્યુશન આપવા માટેની દિશામાં અમૂલ એ.આઈ.ને મક્કમ પગલું ગણાવ્યું હતું. નવી ટેકનોલોજી અને ઈનોવેશન આવનારા સમયમાં ઈકોનોમીના ડ્રાઈવિંગ ફોર્સ બનશે.

અમૂલ દ્વારા લોન્ચ કરવામાં આવેલી નવી 'સરલા' એપને એક મોટી ક્રાંતિ છે. અમૂલે વિશ્વમાં પ્રથમવાર દૂધના ફેટ, એસએનએફ અને દૈનિક હિસાબ મોબાઈલ એપ પર આપવાની વ્યવસ્થા કરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરતાં શંકરભાઈ ચૌધરીએ કહ્યું કે, આંતરરાષ્ટ્રીય સ્તરે વિકસિત દેશો દ્વારા ભારતમાં દૂધ અને ડેરી પ્રોડક્ટ્સ ઘુસાડવા માટે ભારે દબાણ કરવામાં આવતું હતું. જો બહારનું દૂધ ભારતમાં આવત તો દેશના કરોડો પશુપાલકોને અસર થાત. પરંતુ, વડાપ્રધાને આંતરરાષ્ટ્રીય રાજનીતિ સામે 'ચટ્ટાન' બનીને ઊભા રહીને ભારતીય પશુપાલકોના હિતનું રક્ષણ કર્યું છે અને દૂધને મુક્ત વ્યાપારના કરારોમાંથી બહાર રાખ્યું છે.

આ પ્રસંગે કૃષિ અને પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ ઘટનાને એક 'ઐતિહાસિક ક્ષણ' ગણાવી હતી. અમૂલની આ એઆઈ એપ્લિકેશન વિશ્વની સૌથી મોટી એપ્લિકેશન બનવા જઈ રહી છે, જે ડિજિટલ યુગમાં ગુજરાતની એક અનેરી સિદ્ધિ છે. જે રીતે લોકોએ યુપીઆઈ અને સ્માર્ટફોન અપનાવ્યા છે, તેવી જ રીતે આ એઆઈ ટેકનોલોજી પણ પશુપાલકોના જીવનનો ભાગ બની જશે.

સહકાર ક્ષેત્ર વિશે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, પશુપાલન એ માત્ર વ્યવસાય નથી પરંતુ ગ્રામીણ સમૃદ્ધિનો આધારસ્તંભ છે. કાર્યક્રમના પ્રારંભમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રીમોટ દ્વારા 'અમૂલ એઆઈ' ડિજિટલ પ્લેટફોર્મનું લોકાર્પણ કર્યું હતુ. ત્યારબાદ ઉપસ્થિત સર્વેએ અમુલ એઆઈની ટુંકી ફિલ્મ નિહાળી હતી.

અમુલ ખાતે મુખ્યમંત્રીનું આગમન થતા અમૂલના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા મુખ્યમંત્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રારંભમાં અમૂલના ચેરમેનએ સૌનું સ્વાગત કરી અમુલ એઆઈ વિશે જાણકારી આપી હતી. આ તકે અમૂલના મેનેજિંગ ડિરેક્ટર જયન મહેતાએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતુ. અમુલ એઆઈ એપ બનાવનાર ડો.શંકરે એપ વિશે વિસ્તૃતમાં વાત કરી હતી. કાર્યક્રમના અંતે અમૂલના વાઈસ ચેરમેન ગોરધનભાઈ ધામેલીયાએ સૌના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

### જગદીશ વિશ્વકર્મા...

પ્રખર સમર્થક ભાજપા પ્રદેશ અધ્યક્ષ પાવાગઢના બુથ પ્રમુખ રવિભાઈ ચારણના નિવાસે જઈ સવારનો ચા-નાસ્તો કર્યો હતો તેમજ મલાવ-૩ ના બુથ પ્રમુખ જીગરભાઈ પટેલના નિવાસસ્થાને બપોરનું ભોજન લીધું હતું.

જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, મારા માટે એક આંખ એટલે જિલ્લાનો પ્રમુખ અને બીજી આંખ એટલે મારા બુથનો પ્રમુખ.'' ભાજપનું શક્તિસ્થાન બુથ છે અને કાર્યકર્તા જ પાર્ટીનો આધારસ્તંભ છે. ભાજપ માટે કાર્યકર્તા પરિવાર સમાન છે. આ જ ભાજપની વિચારધારા છે.

તેમણે કહ્યું કે, ભારતીય જનતા પાર્ટી જે કહે છે તે કરે છે. જ્યોતિગ્રામ યોજના દ્વારા ગામડે ગામડે ૨૪ કલાક વીજળી પહોંચાડવાનું ઐતિહાસિક કાર્ય થયું. ગોકુલ ગામ, સમરસ ગામ, વાઈબ્રન્ટ ગુજરાત, મહિલા સશકિતકરણ, કૃષિ ક્રાંતિ, પ્રધાનમંત્રી આવાસ યોજના જેવા અનેક પ્રકલ્પો દ્વારા ગુજરાત અને દેશ વિકાસના નવા શિખરો સર કરી રહ્યા છે. અગ્રેસર ગુજરાત એટલે જનતાનો ભાજપ પરનો વિશ્વાસ. અગ્રેસર ગુજરાત એટેલ વિકાસ, વિશ્વાસનો વિજય. આ માત્ર નારો નથી, પરંતુ ૩૦ વર્ષથી ગુજરાતની જનતાએ આપેલા જનાદેશનું પ્રતિબિંબ છે. કોઈ પણ સમાજ વિકાસથી વંચિત ન રહી જાય તેની ચિંતા ભારતીય જનતા પાર્ટી ની સરકાર સતત કરતી આવી છે.

આવનારી તાલુકા, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણીઓના સંદર્ભમાં તેઓએ જણાવ્યું કે ભાજપ અવિરત સેવા કરતી પાર્ટી છે, ભાજપ ફક્ત ચૂંટણી માટે નહીં, જનસેવા માટે કાર્ય કરતી પાર્ટી છે. અટલજીના શબ્દો, ખુદ સે બડા દલ અને દલ સે બડા દેશ સુત્રને ભાજપના કાર્યકર્તાઓ સાર્થક કરી રહ્યા છે. ચૂંટણી આવે ત્યારે જ બહાર આવતી કોંગ્રેસને ગુજરાતની જનતાએ ઓળખી લીધી છે. કોંગ્રેસે વર્ષો સુધી વોટબેંકની રાજનીતિ કરી અને વિકાસના નામે શૂન્ય આપ્યું. કોંગ્રેસે માત્ર જનતાને છેતરવાનું અને ભરમાવવાનું કામ કર્યું છે. સમગ્ર પંચમહાલ જિલ્લામાં સમાવિષ્ટ ૧૪૦૦ બુથમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની ૪૫૦થી વધુ યોજનાઓનો લાભ પ્રત્યેક ઘર સુધી પહોંચાડવા તેઓએ કાર્યકર્તાઓને આહ્વાન કર્યું હતું.

### કચ્છના નાના રણમાં...

અને રણ વિસ્તારમાં ભેજનું પ્રમાણ જાળવી રાખશે. શુષ્ક અને અર્ધ-શુષ્ક વિસ્તારોમાં હવામાન પરિવર્તન સામે ટકી રહેવા માટે આ કામગીરી ખૂબ જ મહત્વની સાબિત થશે, જે લાંબા ગાળે જૈવવૈવિધ્ય અને પર્યાવરણીય સંતુલન સુધારવામાં મદદરૂપ થશે. આમ, આ આયોજનથી કચ્છના નાના રણની ઓળખ વધુ સમૃદ્ધ અને પર્યાવરણ પ્રેમી પ્રવાસન ક્ષેત્ર તરીકે પણ ઊભરી આવશે,

# સીકકા ગામે વિધવાને મોતને ઘાટ ઉતારનાર પાગલ પ્રેમીના જામીન રદ

## બે સંતાનની માતા તાબે ન થતા એક તરફી પ્રેમમાં પાગલે યુવકે આચર્યું કૃત્ય

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

સીકકા ગામે એક તરફી પ્રેમમાં પાગલ યુવાને બે સંતાનની માતાને મોતને ઘાટ ઉતારવાના ગુનામાં જેલ હવાલે રહેતા ધરાર પ્રેમીની જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે.

વધુ વિગત મુજબ સીકકા ખાતે રહેતી નીલમબેન ભાવેશભાઈ નામની વિધવાની સુખદેવસિંહ ઉર્ફે સુખુભા વિરાજી જાડેજા નામના શખ્સે એક તરફી પ્રેમમાં તલવારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યા અંગેની મૃતકના વાલીએ ફરિયાદ નોંધાવી છે. પોલીસે સુખદેવસિંહ જાડેજાની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યા હતા. બાદ તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવતા જામીન અરજી કરી હતી.જે જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકારી વકીલ અને મુળ ફરિયાદીના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી રજૂઆત અને દલીલ તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઈ અદાલતે સુખદેવસિંહ જાડેજાની જામીન અરજી ફગાવી દીધી છે. આ કેશમાં મુળ ફરીયાદી જયદીપભાઈ અરવીંદભાઈ વ્યાસ તરફે વકીલ શ્રી રાજેશ ડી.ગોસાઈ, વિશાલ વાય. જાની, હરદેવસીંહ આર. ગોહીલ, રજનીકાંત આર. નાખવા, નિતેષ જી. મુછડીયા તેમજ કરણ કે. પટેલ રોકાયેલા હતા.

# જામનગર: ઘરફોડના ગુનામાં વોન્ટેડ તસ્કર ઝડપાયો

**અબતક, સાગર સંઘાણી, જામનગર**



જામનગર પંચકોષી એ. ડિવિઝન પોલીસ મથક ના ચોપડે રાજકોટનો નવાઝ નાસતા ફરતો હોય અને જામનગર હાઈવે રોડ જાબુડાગામના પાટીયા સામે ઉભો હોવાની બાતમી મળતા પોલીસે રેડ પાડી હતી. આરોપી નવાઝ ઈશાભાઈ ચંગડા (રહે. જોડીયાભુંગ) સામે કાયદેસરની કાર્યવાહી આગળ ધપાવી છે. આ કાર્યવાહી પંચકોશી એ ડિવિઝનના પીઆઈ એમ.એન.શેખ તથા પીએસઆઈ એ.આર.પરમાર તથા એ.એસ.આઇ. નિર્મળસિંહ જાડેજા તથા હેડ કોન્સ્ટેબલ ચેતનભાઈ ઘાઘરેટીયા તથા કાસમભાઈ એમ.બ્લોચ દ્વારા કરવામાં આવી હતી.

(પહેલા પાનાનું ચાલું)

### ટીપી કે એનએ...

આવ્યું હોય.આ પ્રસ્તાવને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયા ચાલુ છે અને તે ટૂંક સમયમાં અમલમાં આવી શકે છે.

હાલની વ્યવસ્થામાં ઘણી જગ્યાએ માસ્ટર પ્લાન અથવા ટાઉન પ્લાનિંગ સ્કીમ તૈયાર થાય ત્યાં સુધી બાંધકામ પર પ્રતિબંધ રહે છે અને એનએ પણ લેવું પડે છે. પરંતુ આ નવી પોલિસીથી બાંધકામ ઉધોગને વેગ મળશે.

ક્રેડાઈ ગુજરાતના પ્રમુખ તેજસ જોશીએ કહ્યું, નવી પોલિસીથી વેપાર કરવાની સરળતામાં સુધારો થશે અને વેગવંતો વિકાસ થશે. ગુજરાત સુધારાઓમાં અગ્રેસર રાજ્ય છે. જો આવા સુધારાઓ અમલમાં મૂકવામાં આવે, તો રાષ્ટ્રીય રિયલ એસ્ટેટ કંપનીઓ ગુજરાતમાં પ્રવેશ કરશે. કોમનવેલ્થ ગેમ્સની તૈયારીઓ ચાલી રહી છે, આ સુધારાઓ મોટી મદદ કરશે.

આ પોલિસીનો હેતુ રેડ ટેપ રિયલ એસ્ટેટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને ઝડપી બનાવવાનો અને રાજ્યમાં રોકાણ આકર્ષવાનો છે. તાજેતરમાં જ ટાઉન પ્લાનિંગ સ્કીમ વિસ્તારોમાં એનએ સર્ટિફિકેટની ફરજિયાત જરૂરિયાત હટાવવાની દિશામાં પણ સરકારે કેન્દ્ર સરકારને ખાતરી આપી છે.

### સીધા કરવેરા...

હિસ્સો તો ફેબ્રુઆરીના બીજા સપ્તાહમાં જ હાંસલ કરી લીધો છે. નાણાકીય વર્ષ પૂરું થવાને હજુ દોઢ મહિનાનો સમય બાકી છે, ત્યારે એડવાન્સ ટેક્સના છેલ્લા હપ્તાની આવક બાદ થતા સરકાર તેના અંદાજ કરતા પણ વધુ ટેક્સ એકત્ર કરે તેવી પ્રબળ શક્યતા છે.

આવકવેરા વિભાગે માત્ર ટેક્સ ઉઘરાવવામાં જ નહીં, પરંતુ કરદાતાઓને રિફંડ ચૂકવવામાં પણ તત્પરતા દાખવી છે. ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં રૂ. ૨.૯૨ લાખ કરોડથી વધુના રિફંડ ઈશ્યુ કરવામાં આવ્યા છે, જે ગયા વર્ષના સમાન સમયગાળા કરતા લગભગ ૨૭% વધુ છે. રિફંડની રકમ બાદ કર્યા પછીનું નેટ કલેકશન રૂ. ૧૯.૪૪ લાખ કરોડ થયું છે. જો ગ્રોસ કલેક્શન (રિફંડ બાદ કર્યા વગર) ગણવામાં આવે તો તે આંકડો રૂ. ૨૨.૩૬ લાખ કરોડને આંબી ગયો છે.

### અર્થતંત્ર માટે સારા સંકેત

ડાયરેક્ટ ટેક્સ કલેક્શનમાં થઈ રહેલો આ વધારો ભારતીય અર્થતંત્રમાટે અત્યંત હકારાત્મક સંકેત છે. જ્યારે ટેક્સ કલેક્શન વધે છે, ત્યારે તે દર્શાવે છે કે લોકોની આવક અને કંપનીઓના નફામાં વધારો થયો છે. આ ઉપરાંત, ટેક્સ કમ્પ્લાયન્સ (કર પાલન) માં આવેલો સુધારો અને ટેક્નોલોજીના ઉપયોગથી કરચોરીમાં થયેલો ઘટાડો પણ આ રેકોર્ડબ્રેક આવક માટે જવાબદાર છે.

### લાલ કિલ્લા ઉપર હુમલો...

આતંકવાદમાં જોડી રહ્યા છે. આ ભારતની કૂટનીતિક જીત છે. દિલ્હીના લાલ કિલ્લા જેવા સંવેદનશીલ સ્થળ પર હુમલા પાછળ કોણ હતું તે જાણવું દેશના નાગરિકો માટે જરૂરી છે. આતંકી સંગઠનો હવે મહિલા પાંખ બનાવી રહ્યા છે, જે સુરક્ષા એજન્સીઓ અને સામાન્ય જનતા માટે એક નવી પ્રકારની ચેતવણી છે. જ્યારે આખું વિશ્વ ભારતના પક્ષમાં ઊભું છે, ત્યારે પાકિસ્તાન ફરી એકવાર વૈશ્વિક સ્તરે એકલું પડતું દેખાઈ રહ્યું છે.

### સાયબર ગુન્હા...

ક્રાઈમ પોર્ટલ દ્વારા સમયસર મળેલી ફરિયાદો પર એક્શન લઈને છેતરપિંડીની આશરે ₹૮,૧૮૯ કરોડની રકમ બ્લોક કરવામાં આવી છે.અત્યાર સુધીમાં છેતરપિંડીમાં વપરાયેલા ૧૨.૨ લાખથી વધુ સિમ કાર્ડ અને ૩ લાખ જેટલા મોબાઈલને બ્લોક કરી દેવામાં આવ્યા છે.સાયબર ગુનાઓમાં સંડોવાયેલા આશરે ૨૦,૮૫૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

### નળ સરોવર...

સુધીનો સૌથી મોટો આંકડો છે. થોળમાં ૭૪,૪૦૦ પક્ષીઓ જોવા મળ્યા છે, જે છેલ્લા ૧૫ વર્ષમાં સૌથી વધુ છે.

સામાન્ય રીતે હજારોની સંખ્યામાં જોવા મળતા ફ્લેમિંગો આ વખતે નળસરોવર અને થોળમાં માત્ર ૧,૬૨૨ જ જોવા મળ્યા. નિષ્ણાતોના મતે, ફ્લેમિંગોએ હવે પોતાનું નવું ઠેકાણું કચ્છના રણને બનાવ્યું છે. કચ્છના નડાબેટ વિસ્તારમાં અંદાજે ૧૦ લાખ જેટલા ફ્લેમિંગોનો જમાવડો જોવા મળ્યો છે. કચ્છમાં સારો વરસાદ અને વન વિભાગ દ્વારા બનાવવામાં આવેલા 'કૃત્રિમ બ્રીડિંગ પ્લેટફોર્મ' (માળાઓ માટેની જગ્યા) ને કારણે ત્યાં પક્ષીઓને સુરક્ષિત વાતાવરણ મળ્યું છે. ગુજરાતમાં લાખોની સંખ્યામાં વિદેશી પક્ષીઓ મહેમાન બને છે, જે રાજ્યની જૈવવિવિધતા માટે ગૌરવની વાત છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### કોંગ્રેસની જંગી સભા...

આવશે. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રભારી મુકુલ વાસનિક, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભાના કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરી, રાજયસભાના સાંસદ શકિતસિંહ ગોહિલ, લોકસભાના સાંસદ ગેનીબેન ઠાકોર સહિતના કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહેશે.

સોમવારે રાજયભરના કોંગ્રી કાર્યકરો અને આગેવાનોએ ગાંધીનગરમાં ઉમટી પડવા આહવાન કરવામાં આવ્યું છે. જાહેર સભા બાદ કોંગ્રેસના હજારો કાર્યકરો ખેડૂતોના દેવા માફ કરવા સહિતની માંગ સાથે વિધાનસભા તરફ કુચ કરશે. સોમવારે પાટનગર પોલીસ છાવણીમાં ફેરવાય જશે વિધાનસભાની બજેટ સત્રમાં કોંગ્રેસ અને આપના વિરોધને ખાળવા માટે સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા રણનીતી ઘડવામાં આવી રહી છે.

હવે જયારે સ્થાનીક સ્વરાજયની ચૂંટણીઓ નજીક આવી રહી છે. ત્યારે સરકારનું નાક દબાવવાના પ્રયાસો થઈ રહ્યો છે. અલગ અલગ મુદ્દાઓને લઈ સરકારને ઘેરવામાં આવશે.

## દુઃખદ અવસાન

**સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

**વાંકાનેરઃ** વાંકાનેર નિવાસ ડો. હરેશભાઈ હિમતલાલ ભટ્ટના પુત્ર નિવરભાઈ (ઉ.વ.૩૮) તે નિકુંજભાઈ, અર્જુનભાઈના મોટાભાઈ, રાજેન્દ્રભાઈ, જયેશભાઈના ભત્રીજાનું તા.૧૧ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૩ને શુક્રવારે સાંજે ૪ થી ૬ ગાયત્રી મંદિર આરોગ્યનગર વાંકાનેર ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ગિરનારની પવિત્ર ભૂમિમાં ખુલ્લા પગે ચાલીને મને અલૌકિક અનુભૂતિ થઈ: ના.મુખ્યમંત્રી

## મહાશિવરાત્રીના મેળામાં પ્રથમવાર ડમરૂ યાત્રા ઐતિહાસિક બની: પ્રથમ દિવસે મિનિ કુંભ મેળામાં લાખો લોકોએ ભક્તિભાવથી ભોળાનાથને રીઝવ્યા



લોકો મેળો માણવા પહોંચે તેવો પ્રથમ દિવસે અનુમાન થઈ રહ્યું છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ જૂનાગઢના ભવનાથના મહાશિવરાત્રીના મેળાના પ્રથમ દિવસે લાખો શિવ ભક્તોને શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે, ભવનાથના મહાશિવરાત્રીના મેળામાં દર વર્ષે સુવિધામાં વધારો થશે. ગયા વર્ષ કરતા આ વર્ષે પ્રથમ દિવસે જ ખૂબ મોટી સંખ્યામાં શિવ ભક્તો શિવરાત્રીના મેળામાં પધાર્યા છે. અમે મહાશિવરાત્રીના મેળામાં વીઆઈપી કલ્ચર દૂર કર્યું છે અને આ મેળો શિવ ભક્તો માટે સંપૂર્ણ સુવિધામય બને એવી વ્યવસ્થા કરી છે.

નાયબ મુખ્યમંત્રી એ તેમની ગાડી ગીરનાર દરવાજા પાસે મૂકી દઈ શિવભક્તોની સાથે તેઓ ચાલીને તેમજ રાજ્ય સરકારના વિવિધ વિભાગોના માર્ગદર્શનમાં સ્થાનિક પ્રશાસનના અધિકારીઓ કર્મયોગીઓ છેલ્લા બે મહિનાથી પૂર્વ તૈયારી કરી રહ્યા હતા અને આજે મોટી સંખ્યામાં શિવ ભક્તો મેળામાં પ્રથમ દિવસે જ સહભાગી થયા છે તે અંગે આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

નાયબ મુખ્યમંત્રી એ જણાવ્યું હતું કે ગિરનારની આ પવિત્ર ભૂમિ છે. અહીં ખુલ્લા પગે ચાલીને આવીને મને એક અલૌકિક અનુભૂતિ થાય છે .આ દિવ્યભૂમિ છે. મારા જીવનની યાદગાર પળોમાંની આજની આ પણ મારા માટે યાદગાર છે. ભવનાથમાં સનાતન સંસ્કૃતિનો ગિરનારી ગુંજ અને હર હર મહાદેવનો નાદ શિવ ભક્તો માટે પણ યાદગાર છે. કારણ કે મહાશિવરાત્રીના મેળાના અત્યાર



સરકાર વતી શુભકામના પાઠવી હતી. લાખો ભાવિકો માટે સેવા કરવી અને રાત દિવસ એમના માટે પ્રસાદ

સાર્થક થાય તે માટે અનુરોધ કર્યો હતો.

જુનાગઢ જિલ્લા કલેકટર

પદાધિકારી અધિકારીઓને આવકારવાની સાથે આશીર્વાદ પાઠવ્યા હતા.

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ગઈકાલના મેળાના પ્રથમ દિવસે લગભગ અત્યાર સુધીના ઈતિહાસમાં પ્રથમ દિવસે લાખોની સંખ્યામાં ગિરનાર દરવાજા અને ભરડાવાઓથી ૩ કિમી. પગપાળા ચાલીને ભાવિક ભક્તજનો ભવનાથના શિવરાત્રી મેળામાં પહોંચતા પ્રથમ દિવસથી જ મેળાએ રંગત જમાવી લીધી છે. રાત્રિના સમયે મેળામાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા અને ભવનાથ ક્ષેત્રમાં આવેલા સાધુ સંતોના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

બીજી બાજુ વર્ષોથી અન્નક્ષેત્ર અને ઉતારા મંડળ ચલાવતા સંચાલકો દ્વારા મેળાના પ્રથમ દિવસે દર વર્ષે આવતી સંખ્યા મુજબ ભોજન પ્રસાદ બનાવેલ હતું, પરંતુ પ્રથમ દિવસે જ લાખોની સંખ્યામાં ભાવિકો ભવનાથ ખાતે પહોંચતા અને અન્નક્ષેત્ર, ઉતારા મંડળના ભોજન પ્રસાદનો લાભ લેવા પહોંચતા અનેક ઉતારા મંડળમાં તૈયાર ભોજન પ્રસાદ ખૂટ્યા હતા. જો કે, કોઈ ભાવિકો ભૂખ્યા ના રહે તે માટે ઉતારા મંડળો દ્વારા તાત્કાલિક અને અવિરત ભોજન પ્રસાદ બનાવવાની કામગીરી ચાલુ રખાઈ હતી.

આમ, જૂનાગઢનો ભવનાથનો જગવિખ્યાત મેળો જામ્યો છે અને પ્રથમ દિવસે જ લાખો લોકો ભવનાથના મેળામાં પહોંચતા આ વખતે પાંચ દિવસના ભવનાથના મેળામાં લગભગ ૧૫ લાખથી વધુ ભવનાથ આવ્યા હતા

નાયબ મુખ્યમંત્રી એ જણાવ્યું હતું કે, જૂનાગઢના મહાશિવરાત્રીના મેળામાં શિવભક્તોને સુવિધા મળી રહે અને વ્યવસ્થાઓ જળવાય તે માટે જિલ્લાના પ્રભારી મંત્રી ડો. પ્રદ્યુમનભાઈ વાજા અને સહ પ્રભારી મંત્રી કૌશિકભાઈ વેકરીયાના સંકલનમાં સુધીના ઈતિહાસમાં આ સૌથી ભવ્ય મેળો યોજાઈ રહ્યો છે. અને સાડા ત્રણ કિલોમીટર વિસ્તારમાં સંપૂર્ણ ભક્તિમય વાતાવરણ છે.

નાયબ મુખ્યમંત્રી એ જૂનાગઢના મહાશિવરાત્રી મેળાના અનક્ષેત્રના સંચાલકો અને સ્વયંસેવકોને અભિનંદન આપ્યા હતા અને ગુજરાત



### ડમરૂના નાદથી ભક્તિમય માહોલ સર્જાયો

મહાશિવરાત્રીના મેળામાં નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી અને જુદા જુદા અખાડાના સાધુ સંતોના નેતૃત્વમાં પ્રથમ વાર યોજાયેલી ડમરૂ યાત્રા ઐતિહાસિક અને અવિસ્મરણીય બની હતી. મહાશિવરાત્રીના મેળામાં અલૌકિક વાતાવરણમાં પ્રથમવાર ગુજરાત સહિત દેશભરના જુદા જુદા અખાડાઓના સાધુઓનો મહાશિવરાત્રીના મેળાની પ્રથમ દિવસની ઢળતી સાંજે નગર પ્રવેશ થયો હતો. ભવનાથ પ્રવેશ દ્વારથી શરૂ થયેલી આશરે ત્રણ કિલોમીટર લાંબી ઐતિહાસિક ડમરૂ યાત્રામાં હર હર મહાદેવના જય કારથી સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક અને ભક્તિ સભર બન્યું હતું, ડમરૂ યાત્રામાં સાધુ સંતો અને ભાવિકો ધર્મધ્વજા ફરકાવી અને વિશાળ ત્રિશૂળની પ્રતિકૃતિઓ લઈ હર્ષો ઉલ્લાસ સાથે ભગવાન ભવનાથ મહાદેવ પ્રત્યેની અપાર શ્રદ્ધા વ્યક્ત કરી હતી. આ ડમરૂં યાત્રામાં હજારો દીકરીઓની રાસની રમઝટ, સાધુ સંતોના લાઠી દાવ, અંગ કસરતો, ભાવિકોના ગગનભેદી જય ઘોષ તથા પોલીસ બેન્ડની સુરાવલીઓ અને રાજસ્થાની બેન્ડ પાર્ટીએ ભવનાથ શ્રેત્રનુ વાતાવરણ ભક્તિમય બનાવી દીધું હતું, નાયબ મુખ્યમંત્રી અને સાધુ સંતોના જૂનાગઢ જિલ્લાના સર્વ સમાજની હજારો દીકરીઓએ પરંપરાગત પોશાકમાં કળશ લઈ વધામણા કર્યા હતા, સાથે જ ડમરૂ યાત્રાના સમગ્ર રૂટ પર પુષ્પ વર્ષા કરીને સૌને આવકાર્યા હતા. આ તકે નાયબ મુખ્યમંત્રી એ મહાઆરતીમાં સહભાગી થયા બાદ જણાવ્યું હતું કે, ભવનાથ ખાતેથી હર હર મહાદેવનો નાદ દેશના ખૂણા ખૂણે ખૂણા સુધી પહોંચ્યો છે,

### ભાવિકો ભવનાથ મહાદેવના લાઈવ દર્શન કરી શકશે

નાયબ મુખ્યમંત્રી વેબસાઈટ લોન્ચ કરી હતી, આ સાથે ભવનાથ પોલીસ સ્ટેશન ખાતે ગિરનાર સીસીટીવી કેમેરાના પ્રોજેક્ટનું લોકાર્પણ કરી નિરીક્ષણ કર્યું હતું. ગઈકાલે ભવનાથના શિવરાત્રી મેળાના પ્રથમ દિવસે મહેમાન બનેલા નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ જગવિખ્યાત ભવનાથ મંદિરની વેબસાઈટ લોન્ચ કરી હતી, જેથી હવે ભાવિકો ભવનાથ મહાદેવના લાઈવ દર્શન કરી શકશે. આ સાથે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ ગિરનાર પર યાત્રિકોની સુરક્ષા માટે જૂનાગઢ જિલ્લા પોલીસ દ્વારા મૂકવામાં આવેલા સીસીટીવી કેમેરા પ્રોજેક્ટનું લોન્ચિંગ કર્યું હતું. સાઉન્ડ સિસ્ટમ સાથે અધ્યતન આ કેમેરા યાત્રિકોની સુરક્ષા માટે સહાયરૂપ બનશે. આ તકે જિલ્લા પોલીસવડા સુબોધ ઓડેદરાએ ભવનાથ અને ગિરનાર સીસીટીવી નેત્રમ સર્વેન્સ અંગેની જરૂરી માહિતી નાયબ મુખ્યમંત્રી ને આપી હતી. બાદમાં ભવનાથ પ્રવેશ દ્વાર નજીક આયોજિત ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમમાં સહભાગી થયા હતા. જ્યાં તેમણે લોક સાહિત્યકાર રાજભા ગઢવી સુંદર પ્રસ્તુતિ માટે આભાર પ્રગટ કરવાની સાથે સુપ્રસિદ્ધ ગાયકા બહેન મૈથીલી ઠાકુરનું ગુજરાતની ભૂમિ પર સ્વાગત કર્યું હતું.

### હર્ષ સંઘવી ૩.૫ કિલોમીટર ચાલી ખુલ્લા પગે ભવનાથ મંદિરે દર્શન કર્યા

નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી ગઈકાલે ખુલ્લા પગે ચાલીને ગિરનાર દરવાજાથી ભવનાથ મંદિર પહોંચ્યા હતા. સનાતન સંસ્કૃતિ અને આધ્યાત્મિક ચેતના ના પ્રતીક સમાન મહાશિવરાત્રી મેળાનો ગઈકાલે શુભારંભ થયો છે. મહાશિવરાત્રી મેળાના પ્રથમ દિવસે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી સહભાગી બન્યા હતા. નાયબ મુખ્યમંત્રી સ્વયમ ચાલીને સામાન્ય નાગરિકની જેમ ૩.૫ કિલોમીટરના મહાશિવરાત્રી મેળાના રૂટ ગિરનાર દરવાજાથી ભવનાથ મંદિર પહોંચ્યા હતા. આ પદયાત્રામાં હર હર મહાદેવ અને ઓમ નમઃ શિવાય ના જય ઘોષથી ગિરનાર તળેટીનું વાતાવરણ ભક્તિમય બન્યું હતું. ગિરનાર દરવાજાથી ભવનાથ મંદિર સુધી યોજાયેલી આ પદયાત્રામાં નાયબ મુખ્યમંત્રી તેમજ અન્ય મહાનુભાવોનું વિવિધ સંસ્થાઓ, અગ્રણીઓ, નાગરિકો એ પુષ્પવર્ષાથી ઠેર ઠેર સ્વાગત અભિવાદન કર્યું હતું. આ પદયાત્રામાં નાયબ મુખ્યમંત્રીની સાથે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી અને જૂનાગઢ જિલ્લા પ્રભારી મંત્રી ડો. પ્રદ્યુમન વાજા અને રાજ્ય ઉર્જા મંત્રી અને સહ પ્રભારી મંત્રી કૌશિક વેકરીયા, જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયા પણ ખુલ્લા પગે સહભાગી બન્યા હતા.



બનાવવો આ એક બહુ મોટું સેવા કાર્ય છે. અને તે જુનાગઢના શિવરાત્રીના મહાશિવરાત્રીના મેળામાં વર્ષોથી થઈ રહ્યું છે તે અંગે ગુજરાત સરકાર વતી ભવનાથના તમામ અન્ન ક્ષેત્રો, ભંડારાના સંચાલકો, સ્વયંસેવકોને મહાશિવરાત્રીના આ મેળાના પર્વમાં શુભકામના પાઠવી હતી.

નાયબ મુખ્યમંત્રી એ જણાવ્યું હતું કે, લાખો ભાવિકો ગિરનારની આ પવિત્ર ભૂમિમાં સ્વચ્છતા જાળવે જ્યાં ત્યાં કચરો ન ફેકે અને આ પવિત્ર ભૂમિનો આદર કરે અને સ્વચ્છતા નો સંદેશ સમગ્ર ભવનાથ વિસ્તારમાં

અનિલકુમાર રાણાવસિયાએ ભવનાથ મંદિર ખાતે ધ્વજારોહણ બાદ ગઈકાલે પગપાળા ચાલીને ગીરનાર તળેટી સ્થિત જુદા જુદા આશ્રમોની પગપાળા ચાલીને દર્શનાર્થે પહોંચ્યા હતા અને સાધુ સંતોના આશીર્વાદ મેળવ્યા હતા.


જિલ્લા કલેકટર એ ભારતી આશ્રમ, ઈન્દ્રભારતી બાપુના આશ્રમ સહિત જુદા જુદા અખાડાઓની મુલાકાત કરી હતી અને સાધુ સંતો સાથે જોડાઈને ધ્વજારોહણકર્યું હતું. મુકતાનંદ બાપુ, ઈન્દ્રભારતી બાપુ, હરીહરાનંદ બાપુ સહિતના સંતોએ

કલેકટરની સાથે મેયર ધર્મેશ પોશિયા ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, ડેપ્યુટી મેયર આકાશભાઈ કટારા, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સભ્ય સચિવ રમેશ મેરજા, મ્યુનિસિપલ કમિશનર તેજસ પરમાર, જિલ્લા વિકાસ અધિકારી એચ. પી. પટેલ, જિલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરા, અગ્રણી યોગી પઢિયાર, સહિતના પદાધિકારી અધિકારી આ મુલાકાતોમાં જોડાયા હતાં.

# જસદણમાં શનિવારે અત્યાધુનિક સુવિધા સભર કોટડીયા હોસ્પિટલનો થશે પ્રારંભ

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણ શહેરના બાયપાસ ખાનપર ચોકડી પાસે તબીબીક્ષેત્રે એક નવા સોપાન સમાન કોટડીયા હોસ્પિટલનો શુભારંભ થવા જઈ રહ્યો છે જ્યાં ''સારવાર છે શ્રેષ્ઠ અને પરિણામ છે બેસ્ટ'' ના ધ્યેય સાથે શરૂ થઈ રહેલ નવી કોટડીયા હોસ્પિટલનું ઉદઘાટન આગામી તા.૧૪ ફેબ્રુઆરી ૨૦૨૬ને શનિવારના રોજ સાંજે થઈ રહ્યું છે ત્યારે તેમના સર્વેસર્વા ડો. પંકજ કોટડીયાને સૌરાષ્ટ્રભરમાંથી વિવિધ માધ્યમો પર આગોતરી અભિનંદનની વર્ષા થઈ રહી છે આમ તો સેવાભાવનાને વરેલા ડો. પંકજભાઈ કોટડીયાએ ૧૮ વર્ષ પહેલા શહેરના આટકોટ રોડ ઉપર કોટડીયા ડોક્ટર હાઉસ દ્વારા સૌ પ્રથમ ગાયનેક હોસ્પિટલ શરૂ કરી હતી ત્યારબાદ ચિલ્ડ્રન્સ, મેડિસિન, ઓર્થોપેડીક જેવાં વિવિધ વિભાગોમાં ડો.પંકજ કોટડીયા, ડો. ભરત ભેટારીયા, ડો. મયુર ભુવા, ડો. વિજય સરધારા, ડો. જય સાકરિયા સહિતના અનેક ડોક્ટરોએ હજજારો દર્દીઓની સારવાર કરી હતી પણ હાલ નવી હોસ્પિટલમાં મેટ્રો મેગા સિટીને અનુરૂપ આધુનિક ઈન્ફ્રાકચર અને તમામ ટેકનોલોજીથી સજ્જ નવી હોસ્પિટલ ખુલી રહી છે જેમાં લેબોરેટરી, સીટી સ્કેન, ટ્રોમા સેન્ટર લેવલ ૩, આઈ.સી.યુ., એન. આઈ. સી. યુ., રેડિયોલોજી, પેથોલોજી સહિતની સુવિધામાં ૨૮ તબીબો કાર્યરત થશે આ અંગે ડો. પંકજભાઈ કોટડીયા અને કોટડીયા ડોકટર હાઉસ પરિવાર દ્વારા આમંત્રિતોને નિમંત્રણ પાઠવ્યું છે.



# ધ્રાંગધ્રાના નિમકનગરમાં મતદાર યાદી ગોટાળો? ફોર્મ-૭ના દુરૂપયોગના આક્ષેપથી ગામમાં રોષ

## ડેપ્યુટી કલેકટરને આવેદન પાઠવી તપાસની કરાય માંગ



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રાના નિમકનગર ગામમાં મતદાર યાદી સુધારણા પ્રક્રિયાને લઈને ગંભીર વિવાદ ઊભો થયો છે. ગામના અનેક રહેવાસીઓએ આક્ષેપ કર્યો છે કે મતદાર યાદીમાંથી તેમના નામ ખોટી રીતે કમી કરવા માટે ફોર્મ નંબર-૭નો દુરુપયોગ કરવામાં આવ્યો છે સ્થાનિકોના જણાવ્યા મુજબ રાજ્યભરમાં ચાલી રહેલી વિશેષ મતદાર યાદી સુધારણા ઝુંબેશ દરમિયાન કેટલાક હકદાર મતદારોના નામ યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે. તેઓ હાલ પણ નિમકનગર ગામમાં જ નિવાસ કરતા હોવા છતાં અયોગ્ય કારણો દર્શાવી તેમની વિરૂદ્ધ અરજી કરવામાં આવી હોવાનું કહેવામાં આવી રહ્યું છે આ મુદ્દે રોષ વ્યક્ત કરતા ગામલોકોએ ધ્રાંગધ્રાના પ્રાંત અધિકારી તેમજ મામલતદારને આવેદનપત્ર પાઠવી સમગ્ર પ્રકરણની નિષ્પક્ષ અને સઘન તપાસ કરવાની માંગણી કરી છે. ખોટી રીતે ફોર્મ-૭ દાખલ કરનાર વ્યક્તિઓ સામે કડક અને કાયદેસરની કાર્યવાહી કરવાની પણ રજૂઆત કરવામાં આવી છે.

# ગાંધીધામમાં ૨ કરોડના ખર્ચે ૨ ફૂડ વેન્ડિંગ ઝોન અને શાક માર્કેટ બનશે

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા શહેરના સ્ટ્રીટ વેન્ડરો માટે વેન્ડીંગ ઝોનની સુવિધા ઉપલબ્ધ કરાવવાના હેતુથી દિનદયાલ પોર્ટ ઓથોરીટી પાસેથી જમીનની માંગણી કરવામાં આવી હતી. આ અનુસંધાને દિનદયાલ પોર્ટ ઓથોરીટી દ્વારા ગાંધીધામ ખાતે ૨ ખાલી પ્લોટની ફાળવણી ૨ ફૂડ વેન્ડિંગ ઝોન અને ૧ શાક માર્કેટ વિકસાવવા માટે કરવામાં આવેલ છે. આ વેન્ડિંગ ઝોન અને શાક માર્કેટ માટે જેટકો દ્વારા ૨ કરોડ સીએસઆર ફંડની સૈધાંતિક મંજુરી આપવામાં આવી છે. આ વેન્ડિંગ ઝોન તથા શાક માર્કેટમાં અંદાજીત ૨૦૦ જેટલા વેન્ડરોને સમાવી શકાશે, બંને ફૂડ વેન્ડર ઝોન પેવર બ્લોક, નાગરિકો માટે બેઠક વ્યવસ્થા, એક સરખી સ્ટોલ, સ્ટ્રીટ લાઈટ તથા પાણીની સુવિધાથી સજ્જ હશે, અને શાક માર્કેટમાં થલા, ટોઈલેટ, પાણીની સુવિધા કરવામાં આવશે, આ ઝોન દ્વારા વેન્ડરોને માનભર્યું અને ગૌરવપૂર્ણ પ્લેટફોર્મ મળશે, જેથી તેઓ સ્થિર આવક મેળવી શકે અને તેમના જીવનમાં આર્થિક સ્થિરતા આવે. સાથે સાથે, આ વ્યવસ્થા સ્થાનિક સ્તરે આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપશે અને શહેરમાં સ્વચ્છ તથા આરોગ્યપ્રદ પર્યાવરણ જળવાઈ રહેશે, ટ્રાફિક વ્યવસ્થા વધુ સુદ્રઢ બનશે, નાગરિકોને સુવિધાજનક ખરીદી તથા ખાણી-પીણીની તક મળશે.

# ગીરગઢડા તાલુકામાં નમો લક્ષ્મી સહાયની ચૂકવણીમાં વિલંબથી વાલીઓમાં કચવાટ

## તાલુકામાં ધો.૯થી ૧૧ની દીકરીઓને ત્વરીત શિષ્યવૃત્ત ચુકવવા માંગ

**અબતક, મનુભાઈ કવાડ, ગીરગઢડા**

ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકામાં રાજ્ય સરકારની મહત્વાકાંક્ષી 'નમો લક્ષ્મી' યોજના હેઠળ મળતી સહાય અનેક વિદ્યાર્થીનીઓના ખાતામાં હજી સુધી જમા ન થતાં વાલીઓ અને શૈક્ષણિક વર્તુળોમાં અસંતોષ ફેલાયો છે.

રાજયના મોટાભાગના જિલ્લાઓ અને તાલુકાઓમાં દીકરીઓના ખાતામાં હપ્તા જમા થઈ ગયા હોય ત્યારે ગીર ગઢડા તાલુકાની ખાસ કરીને ધોરણ ૯ અને ૧૧માં અભ્યાસ કરતી દીકરીઓને સહાય ન મળતા અનેક પ્રશ્નો ઊભા થયા છે.

વાલીઓનો આક્ષેપ છે કે જ્યારે અન્ય વિસ્તારોમાં રકમ જમા થઈ ગઈ છે ત્યારે ગીર ગઢડા સહિત કેટલાક તાલુકાઓમાં સહાય કેમ અટકેલી છે?



શૈક્ષણિક સૂત્રોના જણાવ્યા મુજબ ધોરણ ૮થી ૯ અને ૧૦થી ૧૧માં પ્રવેશ સમયે વિદ્યાર્થીનીની નવી શાળામાં નોંધણી, યુડીઆઈએસઈ અપડેટ અને પોર્ટલ પરની એન્ટ્રીમાં વિલંબ થવાથી ડીબીટી પ્રક્રિયા અટકી શકે છે. જો કે વાલીઓનું કહેવું છે કે આવી ટેકનિકલ બાબતો સમયસર સુધારી શકાય તેવી હોય છે, છતાં લાંબા સમયથી સહાય ન મળવી ચિંતાજનક છે.

વહીવટી તંત્રના સૂત્રો ટેકનિકલ કારણો દર્શાવે છે જેમ કેઃ આધાર અને બેંક ખાતાનું સીડિંગ ન હોવું એનપીસીઆઈ મેપિંગ બાકી હોવું ડેટા એન્ટ્રીમાં ભૂલ જેવી બાબતો કારણભૂત બની શકે

વાલીઓનું કહેવું છે કે મોટાભાગની વિદ્યાર્થીનીઓએ જરૂરી દસ્તાવેજો અને બેંક વિગતો સમયસર જમા કરાવી દીધી છે. તેમ છતાં સહાય ન મળવી એ માત્ર ટેકનિકલ વિલંબ ગણાવી શકાય નહીં.

'નમો લક્ષ્મી' યોજના દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા અને આર્થિક રીતે નબળા પરિવારોને સહાયરૂપ થવા માટે શરૂ કરવામાં આવી છે. ગીર ગઢડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં અનેક પરિવારો ખેતી અને મજૂરી પર નિર્ભર છે.

આવી સ્થિતિમાં સહાય સમયસર ન મળવાથી દીકરીઓના અભ્યાસ ખર્ચ પર સીધી અસર પડે છે.

# અમરેલી: ચેક રિટર્ન કેસમાં આરોપીને બે વર્ષની કેદ અને દોઢી રકમ ચૂકવવાનો આદેશ

## આરોપીએ નિવૃત કર્મચારીને દોઢ ગણી રકમ ચુકવી આપવા હુકમ

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલીના નિવૃત્ત કર્મચારીની જીવનભરની મૂડી સમાન રકમ પરત અપાવતો મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ ચાલી ગયેલા આ કેસમાં કોર્ટે આરોપીને કડક સજા ફટકારી ન્યાયની પ્રક્રિયાને વેગ આપ્યો છે.

અમરેલી શહેરમાં રહેતા અને પોસ્ટ ઓફિસના નિવૃત્ત કર્મચારીએ તેમના જ વિસ્તારમાં રહેતા અને મિત્ર એવા રમેશ યશવંતભાઈ ચૌહાણને જરૂરિયાત સમયે પોતાની નિવૃત્તિની બચતમાંથી રૂપિયા ૨,૫૦,૦૦૦ હાથ ઉછીના આપ્યા હતા. જ્યારે ફરિયાદીએ આ રકમની પરત માંગણી કરી, ત્યારે આરોપીએ પોતાના બેંક એકાઉન્ટનો ચેક આપ્યો હતો. જોકે, આ ચેક બેંકમાં રજૂ કરતા નાણાંના અભાવે રિટર્ન થયો હતો. આથી ન્યાય મેળવવા માટે ફરિયાદીએ અમરેલી ચીફ કોર્ટમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ મુજબ ફરિયાદ દાખલ કરી હતી,





આ કેસ અમરેલીના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ન્યાયાધીશ કે.બી. પરમારની કોર્ટમાં ચાલી ગયો હતો. કેસના તમામ પુરાવાઓ અને દસ્તાવેજોના મૂલ્યાંકન બાદ, કોર્ટે આરોપી યશવંતભાઈ ચૌહાણને તકસીરવાન ઠેરવી રમેશ બે વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમની દોઢી રકમ ફરિયાદીને ચૂકવી આપવાનો આદેશ કર્યો છે. જો આરોપી વળતરની રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય, તો વધુ બે વર્ષની સજા ભોગવવાનો પણ આદેશ કરવામાં આવ્યો છે. આ કેસમાં ફરિયાદી પક્ષે જાણીતા એડવોકેટ સંદીપ પી. પંડ્યા તથા રામજીભાઈ વી. જાદવ રોકાયા હતા. તેમની ધારદાર દલીલો, કાયદાકીય જોગવાઈઓની સચોટ રજૂઆત અને પુરાવાઓને કોર્ટે ગ્રાહ્ય રાખી આ મહત્વનો ચુકાદો આપ્યો છે.

# ટી-૨૦ વર્લ્ડકપ ઈતિહાસમાં પ્રથમવાર ડબલ સુપર ઓવર આફ્રિકાએ મેચ તો અફઘાનિસ્તાને દિલ જીત્યાં

**દક્ષિણ આફ્રિકાએ પહેલા બેટિંગ કરતાં ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૧૮૭ રન બનાવ્યા જવાબમાં અફઘાને પણ ૧૮૭ રન બનાવ્યા, સુપર ઓવરમાં બન્ને ટીમોએ ૧૭ રન કરતા બીજી સુપર ઓવરમાં આફ્રિકા ચાર રને જીત્યું**






**અબતક, રાજકોટ**

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં દક્ષિણ આફ્રિકા અને અફઘાનિસ્તાન વચ્ચેની ગ્રુપ ડીની મેચ અમદાવાદમાં રમાઈ અને તે ટુર્નામેન્ટના ઈતિહાસમાં પહેલી વખત ડબલ સુપર ઓવર સુધી પહોંચી ગઈ અને ડબલ સુપર ઓવરમાં સાઉથ આફ્રિકા જીત્યું. કેશવ મહારાજે ૨૪ રન ડિફેન્ડ કર્યા, બે વિકેટ પણ લીધી અંતે આ રોમાંચક મેચમાં આફ્રિકાનો વિજય થયો.દક્ષિણ આફ્રિકાએ પહેલા બેટિંગ કરતાં ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૧૮૭ રન બનાવ્યા હતા. ક્વિન્ટન ડી કોક (૫૯ રન) અને અન્ય બેટ્સમેનોએ સારી શરૂઆત આપી હતી. જવાબમાં અફઘાનિસ્તાને શાનદાર પર્સ્યુટ કર્યું. રહમાનુલ્લાહ ગુરબાઝે ૪૨ બોલમાં ૮૪ રનની ધમાકેદાર ઈનિંગ રમીને ટીમને જીતની નજીક લઈ ગયા હતા.

**બીજી સુપર ઓવરમાં કેશવ મહારાજે ૨૪ રન ડિફેન્ડ કર્યા, બે વિકેટ પણ લીધી**

છેલ્લી ઓવરમાં કેગિસો રબાડાના બે નો-બોલ અને નૂર અહમદના સિક્સરથી મેચ ટાઈ થઈ ગઈ અને ૧૮૭-૧૮૭ના સ્કોર સાથે પહેલી સુપર ઓવરમાં પહોંચી ગઈ.

પહેલી સુપર ઓવરમાં અફઘાનિસ્તાને ૧૭ રન બનાવ્યા. દક્ષિણ આફ્રિકા માટે ટ્રિસ્ટન સ્ટબ્સે છેલ્લા બોલ પર સિક્સર મારીને સ્કોર બરાબર કરી દીધો અને મેચ ફરી ટાઈ થઈ ગઈ!

આથી બીજી સુપર ઓવર રમાઈ, જે ટી૨૦ વર્લ્ડ કપના ઈતિહાસમાં પ્રથમ હતી. દક્ષિણ આફ્રિકાએ બીજી સુપર ઓવરમાં ૨૩ રન બનાવ્યા ડેવિડ મિલર અને ટ્રિસ્ટન સ્ટબ્સે ત્રણ સિક્સરો ફટકારીને શાનદાર પ્રદર્શન કર્યું. અફઘાનિસ્તાનને ૨૪ રનનો ટાર્ગેટ મળ્યો.

અફઘાનિસ્તાન માટે રહમાનુલ્લાહ ગુરબાઝ અને અઝમતુલ્લાહ ઓમરઝાઈએ આક્રમક શરૂઆત કરી. ગુરબાઝે છેલ્લી ચાર બોલમાં ત્રણ સિક્સર મારીને રોમાંચ વધાર્યો, પરંતુ છેલ્લા બોલ પર વિકેટ પડી અને અફઘાનિસ્તાન ૧૯ રન જ બનાવી શક્યું. કેશવ મહારાજે બોલિંગમાં બે વિકેટ લઈને ૨૪ રન ડિફેન્ડ કર્યા અને દક્ષિણ આફ્રિકાને ૪ રને જીત અપાવી!

આ મેચને ક્રિકેટ ચાહકો ટી૨૦ વર્લ્ડ કપની ક્લાસિક કહી રહ્યા છે. રહમાનુલ્લાહ ગુરબાઝની બેટિંગ અને દક્ષિણ આફ્રિકાના નર્વસ ફિનિશિંગે દર્શકોને સીટ પરથી ઉભા રાખ્યા હતા. આ જીતથી દક્ષિણ આફ્રિકાને મહત્વના ૨ પોઈન્ટ મળ્યા છે.

# વેસ્ટ ઈન્ડિઝે ઈંગ્લેન્ડને હરાવતા નેપાળ માટે પણ સુપર-૮માં પહોંચવા તક ઉજળી બની

**વેસ્ટ ઈન્ડિઝ સામે ૧૯૭ રનના ટાર્ગેટનો પીછો કરતા ઈંગ્લેન્ડ ૧૯ ઓવરમાં ૧૬૬ રનમાં ઓલઆઉટ : મોતીની ત્રણ વિકેટ, રધરફર્ડના અણનમ ૭૬ રન**





**અબતક, રાજકોટ**

વેસ્ટ ઈન્ડિઝે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ઈંગ્લેન્ડ સામેની મેચ ૩૦ રનથી જીતીને સુપર ૮માં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું. આ મેચમાં ઈંગ્લેન્ડની હારથી તેમનો રસ્તો થોડો મુશ્કેલ બન્યો છે અને આ હારથી નેપાળ માટે સુપર ૮માં પ્રવેશવાનો માર્ગ પણ ખુલી ગયો. વેસ્ટ ઈન્ડિઝ સામે ૧૯૭ રનના ટાર્ગેટનો પીછો કરતા ઈંગ્લેન્ડ ૧૯ ઓવરમાં ૧૬૬ રનમાં ઓલઆઉટ થઈ ગયું.

વેસ્ટ ઈન્ડીઝ સામેની આ મહત્વપૂર્ણ મેચમાં ઈંગ્લેન્ડે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો. વિન્ડીઝ ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૧૯૬ રન બનાવી શક્યું. શેરફેન રધરફોર્ડે વેસ્ટ ઈન્ડીઝને આ મોટા સ્કોર સુધી પહોંચવામાં મુખ્ય ભૂમિકા ભજવી, તેને ૪૨ બોલમાં અણનમ ૭૬ રન બનાવ્યા. જેસન હોલ્ડરે પણ ૩૩ રન બનાવ્યા, જ્યારે રોસ્ટન ચેઝે ૩૪ રન બનાવ્યા.

ત્યારબાદ જ્યારે ઈંગ્લેન્ડ લક્ષ્યનો પીછો કરવા ઉતર્યું, ત્યારે ફિલ સોલ્ટ અને જોસ બટલરની જોડીએ આક્રમક રમત શરૂ કરી. પરંતુ ફિલ સોલ્ટના રૂપમાં ઈંગ્લેન્ડે ૩૮ રનના સ્કોર પર પોતાની પહેલી વિકેટ ગુમાવી દીધી.

બટલર અને બેથેલ વચ્ચે બીજી વિકેટ માટે ૩૬ રનની પાર્ટનરશીપ જોવા મળી, ત્યારબાદ ઈંગ્લેન્ડની વિકેટ નિયમિત અંતરાલે પડવા લાગી. તેમના ૨ સ્પિન બોલરો ગુડાકેશ મોતી અને રોસ્ટન ચેઝે આ મેચમાં વેસ્ટ ઈન્ડીઝની ટીમને પાછી લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ મેચમાં ગુડાકેશ મોતીએ પોતાની ૪ ઓવરમાં ૩૩ રન આપીને ૩ વિકેટ લીધી હતી, જ્યારે રોસ્ટન ચેઝે ૪ ઓવરમાં ૨૯ રન આપીને ૨ વિકેટ લીધી હતી. જ્યારે રોમારિયો શેફર્ડ, અકીલ હુસૈન અને શમર જોસેફ ૧-૧ વિકેટ લેવામાં સફળ રહ્યા હતા.




## ઈંગ્લેન્ડની હારથી નેટ રન રેટ પર અસર

વેસ્ટ ઈન્ડીઝ સામે ૩૦ રનથી મળેલી હાર બાદ ઈંગ્લેન્ડનો નેટ રન રેટ પણ નોંધપાત્ર રીતે બગડ્યો છે.ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૬ માટે ગ્રુપ સી પોઈન્ટ ટેબલ પર નજર કરીએ તો, વેસ્ટ ઈન્ડીઝના હવે ૨ મેચમાં ૪ પોઈન્ટ છે, જ્યારે તેમનો નેટ રન રેટ ઘટીને ૧.૬૨૫ થઈ ગયો છે. સ્કોટલેન્ડના ૨ મેચમાં ૨ પોઈન્ટ સાથે, ૧ જીત અને ૧ હાર, અને નેટ રન રેટ ૦.૯૫૦ છે. ઈંગ્લેન્ડ, ૨ મેચમાં ૧ જીત અને એક હાર સા -૦.૬૫૦ ના નેટ રન રેટ સાથે ત્રીજા નંબરે છે. સુપર ૮ માં પહોંચવાની આશા સાથે નેપાળ ચોથા સ્થાને છે, જેની આગામી ૩ મેચ મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે. નેપાળનો નેટ રન રેટ હાલમાં -૦.૨૦૦ છે. તેઓ તેમની આગામી મેચ ૧૨ ફેબ્રુઆરીએ ઈટાલી સામે રમશે, જે ગ્રુપના પોઈન્ટ ટેબલમાં સૌથી નીચે છે.

# ટીમ ઈન્ડિયા સામે નામિબિયા કરતા ફિટનેસ આજે સૌથી મોટી ચેલેન્જ!

**અભિષેકની ગેરહાજરી સંજુ પુરી કરશે, સ્ટાર બોલર જસપ્રિત બુમરાહ ફિટ આજની મેચમાં તે રમે તેવી પૂરી સંભાવના**

**અબતક, રાજકોટ**

આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારતીય ટીમ માટે આજની મેચમાં વિરોધી નામિબિયા નથી, પરંતુ ખેલાડીઓની ફિટનેસ અને તૈયારીઓ જ છે મોટો ચેલેન્જ. ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં નામિબિયા સામે પોતાની બીજી ગ્રુપ એ મેચ રમવાની છે, પરંતુ ટીમની ચિંતા મુખ્યત્વે ઓપનર અભિષેક શર્માની તબિયત પર છે.

અભિષેક શર્મા પેટના ઈન્ફેક્શન અને વાયરલ તાવને કારણે હોસ્પિટલમાં દાખલ થયા હતા. તેઓને હવે ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે, પરંતુ તેમની પૂર્ણ ફિટનેસ હજુ સુધી પુરી થઈ નથી. ભારતીય ટીમ મેનેજમેન્ટ માટે આ સૌથી મોટી ચિંતાનો વિષય છે, કારણ કે અભિષેકના બદલે કોણ ઓપનિંગ કરશે તેનો નિર્ણય લેવો પડશે. સંજુ સેમ્સન પ્રથમ પસંદગી તરીકે તૈયાર છે, જ્યારે વોશિંગ્ટન સુંદર પણ ઈજામાંથી પરત ફર્યા છે અને તેમને તક મળી શકે છે.

બીજી તરફ, જસપ્રીત બુમરાહ પણ બીમારીમાંથી રિકવર થઈને પૂર્ણ તાકાત સાથે પ્રેક્ટિસ કરી રહ્યા છે અને આ મેચમાં રમવા તૈયાર છે. ભારતીય ટીમ માટે નામિબિયા જેવી નાની ટીમ સામે જીત મેળવવી સરળ લાગે છે, કારણ કે નામિબિયા નેધરલેન્ડ્સ સામે પણ સારું પ્રદર્શન ન કરી શક્યું હતું. પરંતુ ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર માટે અભિષેકની ફિટનેસ જ મુખ્ય ચેલેન્જ છે - નામિબિયા નહીં!

નામિબિયાના કેપ્ટન ગેરહાર્ડ એરાસમસે પણ પોતાની ટીમની મુશ્કેલીઓ વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે નામિબિયામાં ફ્લડલાઈટ્સની સુવિધા નથી, તેથી નાઈટ ગેમ્સ અને ડે-નાઈટ પ્રેક્ટિસનો અનુભવ ઓછો છે. ભારતને બે નાઈટ પ્રેક્ટિસ સેશન મળ્યા, પરંતુ નામિબિયાને એક પણ ન મળ્યું. તેમણે કહ્યું, અમે અમારી નામિબિયન સ્ટાઈલમાં લડીશું - ફાઈટ કરીશું!




આ મેચ ભારત માટે માત્ર જીતની નહીં, પરંતુ ટીમ કોમ્બિનેશન અને ખેલાડીઓની ફિટનેસ ચેક કરવાની તક પણ છે. આગળ પાકિસ્તાન જેવા મોટા મુકાબલા છે, તેથી આજે નામિબિયા સામે મજબૂત પ્રદર્શન આપીને આત્મવિશ્વાસ વધારવો જરૂરી છે.

## પાકિસ્તાન સામેના મુકાબલા આગાઉ આજની મેચ વોર્મઅપ સમાન

ભારત માટે આમ જોઈએ તો સુપર-૮ મુકાબલા અગાઉ આ એક વોર્મ મેચ સમાન છે. ભારત પાસે આગામી મહત્વની મેચો અગાઉ આ મેચમાં જીતવા કરતાં પોતાનો નેટ રનરેટ બહેતર બનાવવાની તક રહેલી છે. આ સંજોગોમાં બની શકે છે કે સૂર્યકુમાર યાદવ અને ટીમ મેનેજમેન્ટ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લે અને જંગી સ્કોર ખડકે. જોકે આમ કરવા માટે નિષ્ણાત એવા અભિષેક શર્માની ભારતને ખોટ પડી શકે છે. અભિષેકને પેટની સમસ્યાને કારણે હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવો પડ્યો હતો.નામિબિયા વિશે એમ કહેવાય છે કે તેમની બોલિંગ જોતાં ભારતના કેટલાક રાજ્યની ટીમ સૈયદ મુસ્તાક અલી ટ્રોફીની મેચની માફક રમે તો પણ આ ટીમ સામે જીતી શકે છે. જોકે આ એક અટકળ છે અને સૂર્યકુમાર યાદવ કદાચ આ રીતે વિચારતો નહીં હોય કેમ કે આખરે આ ટી૨૦ વર્લ્ડ કપ છે અને દરેક ટીમ પોતાની તાકાતના જોરે અહીં ક્વોલિફાઈ થઈને રમવા આવી છે.

# રૂપિયાની રમત ના હોય તો શું થયું ક્રિકેટના દબદબાથી ઓનલાઈન ગેમીંગમાં ૪૦ ટકાનો ઉછાળો

**હવે ફેન્સ પૈસાની લાલચમાં નહીં, પણ ખરેખરના રોમાંચ અને મનોરંજન માટે ક્રિકેટ ગેમ્સ રમે છે**



**અબતક, રાજકોટ**

ભારતમાં ઓનલાઈન ક્રિકેટ ગેમિંગનો નવો યુગ શરૂ થઈ રહ્યો છે. છેલ્લા વર્ષે રિયલ-મની ગેમિંગ અને ફેન્ટસી સ્પોર્ટ્સ પ્લેટફોર્મ પર પ્રતિબંધ મૂકાયા બાદ આ ઉદ્યોગમાં મોટો ફેરફાર આવ્યો છે. હવે ફેન્સ પૈસાની લાલચમાં નહીં, પણ ખરેખરના રોમાંચ અને મનોરંજન માટે ક્રિકેટ ગેમ્સ રમે છે.આ પ્રતિબંધને કારણે રિયલ-મની ગેમિંગનું મોટું વેક્યુમ ઊભું થયું હતું, ખાસ કરીને ક્રિકેટના 'સેકન્ડ-સ્ક્રીન' એકોસિસ્ટમમાં. પરંતુ આ ખાલી જગ્યાને હવે ફ્રી-ટુ-પ્લે (મફતમાં રમી શકાય તેવા) અને સ્કિલ-આધારિત ગેમ્સે અજમાવી રહ્યા છે. આ ગેમ્સમાં ખેલાડીઓ ક્રિકેટની વાસ્તવિક રમતની જેમ વિચ્યુર્અલ મેચ રમે છે, ટીમ બનાવે છે, સ્ટ્રેટેજી બનાવે છે અને રોમાંચ અનુભવે છે અને તે પણ બધું જ પૈસા વગર!

હાલમાં આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ચાલી રહ્યો છે અને ટૂંક સમયમાં આઈપીએલ જેવી મોટી ટુર્નામેન્ટ્સ આવી રહી છે. આ ચાર મહિનાના મેગા-ઈવેન્ટ્સના સમયગાળામાં ફેન્સ ક્રિકેટના રોમાંચને ડિજિટલ રીતે જીવવા માગે છે. રિયલ-મની ગેમ્સ બંધ થતાં જ લોકોનું ધ્યાન ડિજિટલ ગેમ્સ અને ઈ-સ્પોર્ટ્સ તરફ વધુ ગયું છે.

ઈન્ડસ્ટ્રીના એક્ઝિક્યુટિવ્સના મતે, આ એક સ્ટ્રક્ચરલ રીસેટ છે. ભારતમાં ઈ-સ્પોર્ટ્સ અને કેઝ્યુઅલ ગેમિંગનું માર્કેટ ૨૦૨૫માં ૧.૯ બિલિયનથી વધીને ૨૦૩૦ સુધીમાં ૪.૪ બિલિયન સુધી પહોંચવાની અપેક્ષા છે. ક્રિકેટ ગેમિંગ આ વૃદ્ધિમાં મોટો ભાગ ભજવશે, કારણ કે ભારતમાં ક્રિકેટ એ ફક્ત રમત નથી - તે ભાવના અને જુસ્સાનું કેન્દ્ર છે.

આ નવા ટ્રેન્ડમાં ફેન્સ હવે પૈસા કમાવવાને બદલે ક્રિકેટના સાચા આનંદ માટે રમે છે . વર્ચ્યુઅલ સ્ટેડિયમમાં સિક્સર મારવાનો રોમાંચ, મેચ જીતવાની ખુશી અને દોસ્તો સાથે કોમ્પિટીશનનો મજા. આ રીતે ક્રિકેટ ગેમિંગે તેનું નવું 'ગ્રુવ' શોધી કાઢ્યું છે જ્યાં થ્રિલ્સ પૈસાથી વધુ મહત્વના બન્યા છે.આ બદલાવ ભારતના ગેમિંગ ઈકોસિસ્ટમને વધુ સ્વસ્થ અને મનોરંજક બનાવશે, જ્યાં યુવાનો ક્રિકેટના પ્રેમને ડિજિટલ રીતે વ્યક્ત કરી શકશે.

# રાજ્ય સરકાર ખેડૂતો પાસેથી ચણા અને રાઈની ટેકાના ભાવે ખરીદી કરશે

**કાલથી ૫ માર્ચ, સુધી ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરાવી શકશે**

**અબતક રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ચણા અને રાઈની ખરીદી કરાશે.

આ અંગે કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે ચણા અને રાઈની ટેકાના ભાવે ખરીદી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ભારત સરકારના પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન અંતર્ગત પી.એસ.એસ. હેઠળ ગુજરાતમાં ચણા અને રાઈ પાકોની ટેકાના ભાવે ખરીદી હાથ ધરાશે. કુલ વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને ખેડૂતો પાસેથી પૂરતા પ્રમાણમાં ખરીદી કરવામાં આવશે અને આ માટે રાજ્ય સરકાર દ્વારા આગોતરૂ આયોજન પણ કરાશે.

પાકોની ટેકાના ભાવે ખરીદી કરવા માટે રાજ્યના તમામ જિલ્લાના ખેડૂતોએ તા. ૧૩ ફેબ્રુઆરીથી ૫ માર્ચ સુધી ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી આધાર ઓથેન્ટીકેશન દ્વારા ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર નોંધણી કરાવવાની રહેશે. વીસીઈ દ્વારા આ નોંધણી વિનામૂલ્યે કરવામાં આવશે, જેથી ખેડૂતોએ નોંધણી માટે એક પણ રૂપિયો ચૂકવવાનો રહેશે નહીં. રાજ્યના ચણા અને રાઈ પકવતા ખેડૂતોને ટેકાના ભાવે ખરીદી માટે સત્વરે નોંધણી કરાવી, આ યોજનાનો મહત્તમ લાભ લેવા કૃષિ મંત્રીશ્રીએ અનુરોધ કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે રવિ પાકોનું વાવેતર થાય તે અગાઉ જ ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા હતા. જે અનુસાર ચણા માટે રૂ. રૂ. ૫,૮૭૫ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૧૭૫ પ્રતિ મણ) અને રાઈ માટે રૂ. ૬,૨૦૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૨૪૦ પ્રતિ મણ) ભાવ જાહેર કરવામાં આવ્યો છે.

# ઈડરની ટી.એમ. શાહ મહિલા કોલેજમાં મહિલા સંરક્ષણ અંગે યોજાયો જાગૃતિ કાર્યક્રમ

**અબતક, સંજય દીક્ષીત**
**સાબરકાંઠા**

ઈડર શ્રી ટી. એમ. શાહ મહિલા આર્ટ્સ કોલેજ ખાતે તા. ૧૧-૦૨-૨૦૨૬ના રોજ નેશનલ કમિશન ફોર વિમેન દ્વારા આયોજિત સામાજીન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીનીઓમાં જાતીય સતામણી નિયંત્રણ ધારો પોસ્કોનેટ અંગે જાગૃતિ ફેલાવવાનો હતો.કાર્યક્રમનું આયોજન કન્વિનર ડો. મનીષા દવે અને સહ-કન્વિનર ડો. દક્ષા જોશીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલશ્રીએ સ્વાગત પ્રવચનમાં



મહિલાઓની સુરક્ષા અને સશક્તિકરણ માટે આવા કાર્યક્રમોની આવશ્યકતા વ્યક્ત કરી. ડો. મનીષા દવેએ ઙ્ઘજઇં કાયદાની જોગવાઈઓ, કાર્યસ્થળ પર જાતીય હેરાનગતિના પ્રકારો, ફરિયાદ નોંધાવવાની પ્રક્રિયા તથા આંતરિક ફરિયાદ સમિતિ (ઈઈઈ)ની ભૂમિકા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું. કાર્યક્રમ દરમિયાન યોજાયેલા પ્રશ્નોત્તરી સત્રમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. સહકન્વિનર ડો.દક્ષા જોશીના આભારવિધિ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો.

# કલેક્ટરનો 'જન-સેવા યજ્ઞ': ૧૦૦ ગામોની મુલાકાત લઈ લોકપ્રશ્નોને આપી વાચા

## શિક્ષણ, આરોગ્ય અને પોષણ અંગે આંગણવાડી તથા શાળાઓની રૂબરૂ મુલાકાત લઈ ગુણવત્તાયુક્ત સેવાઓ સુનિશ્ચિત કરી





## ખેડૂતો અને પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા મુલાકાત અને માર્ગદર્શન થકી ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવાનો કરાયો પ્રયાસ

**અબતક,સાગર સંઘાણી જામનગર**

જામનગર જિલ્લાના કલેક્ટર કેતન ઠક્કરે તા. ૦૧-૦૪-૨૦૨૫ થી ૧૦-૦૨-૨૦૨૬ સુધીના આશરે એક વર્ષના ગાળામાં વહીવટી વ્યસ્તતા વચ્ચે પણ જનસેવાને કેન્દ્રસ્થાને રાખી જિલ્લાના ૧૦૦થી વધુ અંતરિયાળ ગામોની મુલાકાત લીધી છે. તેમની મુલાકાતો માત્ર ઔપચારિક નિરીક્ષણ પૂરતી સીમિત ન રહી, પરંતુ ગ્રામજનોના પ્રશ્નોનો સ્થળ પર જ ઉકેલ લાવવાનું સશકત માધ્યમ બની છે.

કલેક્ટરે ગ્રામ પંચાયતોની ઓચિંતી તપાસ કરી રેકોર્ડ અપડેટ કરાવ્યા, વેરા વસુલાતની સમીક્ષા કરી તેમજ સરકારી જમીન પરના દબાણો દૂર કરવાની કામગીરી ગતિમાન બનાવી. શિક્ષણ ક્ષેત્રે શાળાઓ અને આંગણવાડીઓની મુલાકાત લઈ શિક્ષણની ગુણવત્તા, અભ્યાસેતર પ્રવૃત્તિઓ અને મધ્યાહન ભોજનની ચકાસણી કરી બાળકોને પોષણક્ષમ આહાર સુનિશ્ચિત કર્યો.આરોગ્ય ક્ષેત્રે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મુલાકાત દરમિયાન ઓપીડી કામગીરી, દવાનો જથ્થો અને તબીબી સાધનોની ઉપલબ્ધતાની સમીક્ષા કરી ગ્રામ્ય વિસ્તારમાં શ્રેષ્ઠ આરોગ્યસેવાઓ મળે તે માટે માર્ગદર્શન આપ્યું.દિવાળીના પર્વે મનોદિવ્યાંગ બાળકો સાથે ઉજવણી કરી કલેક્ટરે સંવેદનશીલ વહીવટનું ઉદાહરણ પૂરું પાડ્યું, જેની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ પ્રશંસા કરી હતી. ઉપરાંત, માર્ગ પર મળેલા શાળાના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી મધ્યાહન ભોજનની ગુણવત્તા અંગે પૂછપરછ કરવાના તેમના પ્રયાસોને રાજ્યના ઉચ્ચ અધિકારીઓએ પણ બિરદાવ્યા.મહેસૂલી કોર્ટ કેસ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, અતિવૃષ્ટિ જેવી પરિસ્થિતિઓ અને મહાનુભાવોની મુલાકાતો વચ્ચે પણ કલેક્ટર કેતન ઠક્કરે છેવાડાના માનવી સુધી પહોંચીને જામનગર જિલ્લાના સર્વાંગી વિકાસ માટે નવી કેડી કંડારી છે.


### 'સભા' બની વિકાસનું અસરકારક માધ્યમ

કલેક્ટરની રાત્રી સભાઓએ ગામડાઓમાં વિકાસને નવી દિશા આપી. રાત્રિ રોકાણ સાથે યોજાયેલી સભાઓમાં ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધી વિકાસ કાર્યોની સમીક્ષા કરી અને આયુષ્માન કાર્ડ, આવાસ યોજના તથા કૃષિ યોજનાઓ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું.ખેડૂતોના હિત માટે ખેતરોની મુલાકાત લઈને પાકની સ્થિતિ, સિંચાઈ સુવિધા અને ખાતરની ઉપલબ્ધતાની સમીક્ષા કરી. પ્રાકૃતિક ખેતી અપનાવતા ખેડૂતોને પ્રોત્સાહિત કરી ઝેરમુક્ત ખેતી તરફ અન્ય ખેડૂતોને પ્રેરિત કર્યા.

# હું શ્વાસ ચાલે ત્યાં સુધી રામને ગાતો રહીશ: પૂ.મોરારિબાપુ

## દ્વારકાની ૯૭૨મી રામકથામાં 'ધર્મ નહીં, અધર્મમાં જ સંઘર્ષ' અંગેનું મોરારિબાપુએ ટકોર કરી





**અબતક, રાજકોટ**

દ્વારકા તીર્થ ખાતે મોરારિબાપુના વ્યાસાસને 'માનસ કૃષ્ણ અવતાર' વિષય પર ચાલી રહેલી ૯૭૨મી રામકથામાં ભક્તિભાવ, ચિંતન અને સંકીર્તનનો અનોખો માહોલ સર્જાયો છે. મોટી સંખ્યામાં ઉમટેલા ભાવિકો ધૂન-સંકીર્તન સાથે કથા શ્રવણમાં લીન બન્યા છે..મોરારિબાપુએ ટકોર કરી કે ધર્મ-ધર્મ વચ્ચે સંઘર્ષ નથી થતો, અધર્મમાં જ સંઘર્ષ જન્મે છે. ધર્મમાં સંઘર્ષ શક્ય છે, પરંતુ અધ્યાત્મમાં કોઈ તકરાર નથી, એમ તેમણે સ્પષ્ટ કર્યું. વિનોબા ભાવેજીનું સ્મરણ કરીને બાપુએ સમરસતા અને સહઅસ્તિત્વનો સંદેશ આપ્યો.

કથાની શરૂઆતમાં ભગવદ ગીતા ના વિભૂતિયોગ અધ્યાયનો શ્લોક - પરમં બ્રહ્મ પરમધામ પવિત્રં પરમં ભવાન... - ગાઈને બ્રહ્મના ત્રણ સ્વરૂપોનું નિરૂપણ કર્યું: નિર્ગુણ નિરાકાર, સગુણ નિરાકાર અને સગુણ સાકાર. 'સત્ય' અંગે તેમણે કહ્યું કે, અમે કદાચ સત્ય ઉચ્ચારી ન શકીએ, તો ઓછામાં ઓછું બીજાના સત્યને સ્વીકારીએ, એ પણ મોટું સાધન છે.અર્જુન અને કર્ણ જેવા મહાભારતના પ્રસંગોનું ચિંતનસભર ગાન રજૂ થયું. બાપુએ ભારપૂર્વક જણાવ્યું કે કથા પ્રવચન માટે કે અન્ય હેતુ માટે નહીં, પરંતુ પ્રેમ માટે સાંભળવી જોઈએ. કથા એ જીવનનું સત્ય છે અને ભારતવર્ષ માટે શ્રેષ્ઠ આધ્યાત્મિક સંપદા છે, એમ તેમણે જણાવ્યું.સાતમા દિવસની કથામાં બાપુએ પોતાની જીવનયાત્રા સાથે જોડાયેલ મહત્વપૂર્ણ વાત શેર કરી. એક જિજ્ઞાસુના પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું કે જો પરિવારના બધાને રામમાં શ્રદ્ધા ન હોય, તો પણ ઘરમાં 'માનસ'ની સ્થાપના હોય અને તેની ચોપાઈ-દોહા-સોરઠા પર આપણી આંગળી પડતી રહે, તો જીવન ધન્ય બની જાય છે. મહારાષ્ટ્રના ગુલાબરાવ મહારાજનું ઉદાહરણ આપીને તેમણે આ વિચાર સ્પષ્ટ કર્યો.

બાપુએ ઉમેર્યું કે, હું સતત માનસને ગાતો રહું છું એટલે જ શ્વાસ ચાલે છે; અંતિમ શ્વાસ સુધી ગાતા રહેવાનો મારો મનોરથ છે. તેમણે આ વાણી જગત કલ્યાણ માટે હોવાનું જણાવી કહ્યું કે અધ્યાત્મમાં તકરાર નથી, જ્યાં અધર્મ હોય ત્યાં વિવાદ થાય છે.કથાના વ્યાપ વિશે વાત કરતાં તેમણે ૭૦ વર્ષ પહેલા અને આજના સમયમાં રામકથાના પ્રસાર વચ્ચેનો તફાવત રજૂ કર્યો. રામાનંદ સાગર જ્યારે વ્યાસપીઠે આવી જણાવ્યું કે 'રામાયણ' સિરિયલ વ્યાસપીઠથી પ્રેરિત છે, તેનો ઉલ્લેખ આવકાર્ય હોવાનું બાપુએ કહ્યું. આજકાલ કથાઓ ગવાય છે, પરંતુ જે સ્રોતમાંથી પ્રાપ્ત થયું હોય તેનો સવિનય ઉલ્લેખ કરવો જરૂરી હોવાનું પણ તેમણે સૂચવ્યું.દ્વારકા તીર્થમાં ઉમટેલા હજારો ભાવિકો કથા શ્રવણ અને ધૂન-સંકીર્તનમાં ભાવપૂર્વક જોડાઈ રહ્યા છે અને સમગ્ર તીર્થ ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું છે.

# દ્વારકામાં હોળી ફુલડોલ ઉત્સવમાં યાત્રાળુઓને કોઇ હાલાકી ન પડે તેવું આયોજન કરવાની તાકીદ કરતા કલેકટર

## દ્વારકાધીશ મંદિરમાં ફુલડોલ ઉત્સવના સુચારૂ આયોજન અંગે જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ




**અબતક, મહેન્દ્ર કક્કડ દ્વારકા**

દ્વારકાધીશ મંદિર દ્વારકા ખાતે આગામી હોળી તથા ફુલડોલ ઉત્સવની ઉજવણી કરવામાં આવનાર હોય જેના ઉપલયમાં સુચારૂ આયોજન અંગે જિલ્લા કલેક્ટર રાજેશ તન્નાની અધ્યક્ષતામાં ખંભળીયા કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. આ તકે કલેક્ટર તન્નાએ હોળીના તહેવાર પર બહોળી સંખ્યામાં પધારતા પદયાત્રીઓ માટે હાઈવે પર માર્ગ સલામતી માટે સાઈન બોર્ડ, પીવાના પાણીની વ્યવસ્થા, સ્વચ્છતા, આરોગ્ય, પાર્કિંગ વ્યવસ્થા, સીસીટીવી કેમેરા સાથેનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવા તેમજ દિવ્યાંગો માટે વ્હીલચેર વ્યવસ્થા, પદયાત્રીઓ માટે ખાદ્યપદાર્થોની ચકાસણી, અવિરત વિજ પૂરવઠો રાખવા તકેદારી રાખવા ઉપરાંત ગોમતી ઘાટ ખાતે બેરીકિટીંગ તેમજ યાત્રાળુઓની સલામતી સુનિશ્ચિત કરવા સહિત બેટ દ્વારકા તેમજ શિવરાજપુર અને નાગેશ્વર સહિતના પ્રવાસન સ્થળો પર દર્શનાર્થીઓને કોઈપણ પ્રકારની અટવડતા ન રહે તેની તકેદારી રાખતા તેમજ આનુષાંગિક વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા માર્ગદર્શક સૂચનો આપ્યા હતા. આ બેઠકમાં જિ.વિ.અધિકારી પાંડોર, જિ.ગ્રા.વિ.એજન્સી નિયામક જોશી, પ્રાંત અધિકારી કરમટા, દેવસ્થાન સમિતિના વહીવટદાર તથા નાયબ કલે. હિમાંશુ ચૌહાણ, નાયબ કલેક્ટર મનોજ દેસાઈ, ડીવાય.એસ.પી. વિસ્મય માનસેતા, સાગર રાઠોડ સહિત સંલગ્ન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

# કાલાવડની પાતા મેઘપર ગામના યુવાનની આર્મીમાં પસંદગી થતા વાજતે-ગાજતે આપી વિદાય

**અબતક, રાજુ રામોલિયા કાલાવડ**



કાલાવડ તાલુકાના પાતા મેઘપર ગામે રહેતા રોનિક કુમાર જયેશભાઈ કમાણી નામના યુવકને ઈન્ડિયન આર્મીમાં જનરલ પોસ્ટ કલકત્તા ખાતે મળેલ છે.

જે બદલ નાનું એવું ખોબા જેવડું ગામ પાતા મેઘપરમાં હરખની હેલી છવાઈ અને અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. રોનિક કુમારને ઈન્ડિયન આર્મીમાં દેશની સેવાનો જે મોકો મળ્યો છે. તેને રોનિક કુમારના પરિવારજનો અને સમસ્ત ગ્રામજનોએ સાથે મળી રોનિક કુમારનો આર્મીમાં જવા માટે અને દેશની સેવા કરવા માટેનો અવસરને વધાવ્યો હતો. નાના એવા ગામમાં રોનિક કુમારને આર્મીમાં જવા માટે દેશની સેવા માટે વાજતે ગાજતે વિદાય કરવામાં આવી હતી.

રોનિત કુમારના પરિવાર જનોમાં હરખની હેલી છવાઈ ગયેલ હતી અને ગામ લોકોએ પરિવારજનો સાથે મળીને બેન્ડ પાર્ટી સાથે રોનિક કુમારને આર્મીમાં જવાના વિદાય પ્રસંગને સાથે મળીને ઉજવવામાં આવ્યો હતો. ગામમાં આવેલા શ્રી રામજી મંદિર, મહાદેવ મંદિર, હનુમાનજી દાદાના મંદિરે દર્શન કરીને માતા-પિતા કુટુંબીજનોના આશીર્વાદ લઈને રોનિક કુમાર દેશની સેવા માટે પાતા મેઘપર ગામે પોતાના વતનથી કલકત્તા પોતાની પોસ્ટ માટે રવાના થયેલ છે.

# જામનગર જીલ્લા ભાજપ મહામંત્રી તરીકે ભરત દલસાણીયાની વરણી

**અબતક, સંજય ડાંગર ધ્રોલ**



જામનગર જિલ્લા ભાજપ સંગઠન દ્વારા સંગઠનને વધુ વેગવંતુ બનાવવાના હેતુથી નવા હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે. જેમાં જોડિયા તાલુકાના લખતર ગામના વતની અને હાલ ધ્રોલ ખાતે સ્થાયી થયેલા પીઢ અને કર્મઠ કાર્યકર ભરતભાઈ દલસાણીયાની 'જિલ્લા ભાજપ મહામંત્રી' તરીકે વરણી કરવામાં આવતા રાજકીય ક્ષેત્રે તેમની મહેનતની કદર થઈ હોવાનું જોવા મળી રહ્યું છે.

ભરતભાઈ દલસાણીયાની રાજકીય સફર કોઈપણ સામાન્ય કાર્યકર માટે પ્રેરણારૂપ છે. તેઓએ વર્ષ ૧૯૯૫માં પક્ષમાં એક સામાન્ય બૂથ પ્રમુખ તરીકે જવાબદારી સ્વીકારીને પોતાના જાહેર જીવનના શ્રીગણેશ કર્યા હતા. સતત ત્રણ દાયકા સુધી પક્ષની વિચારધારાને વરેલા રહીને તેમણે સંગઠન માટે કામ કર્યું છે. તેમની આ નિષ્ઠાને ધ્યાને રાખી પક્ષે તેમને ૨૦૧૯માં જોડિયા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખની મહત્વની જવાબદારી સોંપી હતી.

જિલ્લા ભાજપના મહામંત્રી તરીકેની નવી જવાબદારી મળતા ભરતભાઈએ જણાવ્યું હતું કે, પક્ષે મારા જેવા સામાન્ય કાર્યકર પર જે વિશ્વાસ મૂક્યો છે, તે બદલ હું શીર્ષ નેતૃત્વનો આભારી છું અને આવનારા દિવસોમાં કાર્યકરોને સાથે રાખીને સંગઠનને વધુ મજબૂત કરવાના પ્રયાસો કરીશ. તેમની આ વરણી બદલ લખતરના જોડિયા અને ધ્રોલ પંથકના ગ્રામજનો તેમજ ભાજપના અગ્રણીઓ અને કાર્યકરોમાં ભારે હર્ષની લાગણી ફેલાઈ છે. તેમના મોબાઈલ નંબર ૯૮૭૯૨ ૯૨૩૦૩ પર ઠેર-ઠેરથી તેમને અભિનંદન મળી રહ્યા છે.

### કેન્સર એન્ડ રિસર્ચ સેન્ટરના લાભાર્થે

# કાલાવડ તાલુકાના ગામો ખોડલ રથયાત્રા પરિભ્રમણ કરી 'ઝોળી' ભરશે

## રથયાત્રા દરમ્યિાન દરેક ગામો આરતી રાસ ગરબા, પ્રસાદ સહિતના કાર્યક્રમો

**અબતક, રાજુ રામોલીયા કાલાવડ**

શ્રી ખોડલધામ ટ્રસ્ટ કાગવડ તથા ખોડલધામ સમિતિ કાલાવડના સંયુક્ત ઉપક્રમે કાલાવડ તાલુકાના નિકાવા ઝોનના કુલ ૧૮ ગામોમાં માં ખોડલ રથયાત્રાનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે. માં ખોડલના પાવન આશીર્વાદ તથા શ્રી ખોડલધામ ટ્રસ્ટ કાગવડના માર્ગદર્શન હેઠળ આ રથયાત્રા તારીખ ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬ થી ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન યોજાશે. આ સમગ્ર રથયાત્રા શ્રી ખોડલધામ કેન્સર એન્ડ રિસર્ચ સેન્ટરના લાભાર્થે યોજાઈ રહી છે, જે માનવસેવા અને સમાજકલ્યાણના હેતુને પ્રગટ કરે છે.આ પવિત્ર રથયાત્રાનો પ્રસ્થાન આઈ શ્રી ખોડીયાર મંદિર, પીપર રોડ - નિકાવા થી કરવામાં આવશે. ત્રણ દિવસ સુધી ચાલનારી આ રથયાત્રા દરમિયાન નિકાવા ઝોનના વિવિધ ગામોમાં માં ખોડલનો પવિત્ર રથ ફરશે અને ભકતોને દર્શન તથા આશીર્વાદ આપશે. પ્રથમ દિવસે તારીખ ૧૫-૦૨-૨૦૨૬ (રવિવાર) ના રોજ સવારે ૭:૩૦ વાગ્યે રથયાત્રાનો ભવ્ય આરંભ કરવામાં આવશે. આ દિવસે રથ આણંદપર, ચારણ પીપરીયા, ડાંગરવાડા, નાના વડાળા, શ્રીજી નગર તથા માખાકરોડ થઈ સાંજે મોટા ભાડુકીયા પહોંચશે, જ્યાં રાત્રિ રોકાણનું આયોજન કરવામાં આવ્યું છે.બીજા દિવસે તારીખ ૧૬-૦૨-૨૦૨૬ (સોમવાર) ના રોજ મોટા ભાડુકીયા થી રથયાત્રા આગળ વધશે. લબુકિયા ભાડુકીયા, ભગત ખીજડીયા, શિવનગર તથા સરદાર નગર થઈ રથયાત્રા સાંજે ખરેડી ગામે પહોંચશે, જ્યાં રાત્રિ રોકાણ રહેશે. ત્રીજા દિવસે તારીખ ૧૭-૦૨-૨૦૨૬ (મંગળવાર) ના રોજ ખરેડી થી રથયાત્રા પીપર, ખડ ધોરાજી અને બેડીયા થઈ રાજડા તથા નિકાવા ગામે પહોંચશે અને ત્યારબાદ સાંજે પાતા મેઘપર ખાતે રાત્રિ રોકાણ કરવામાં આવશે.

ચોથા અને અંતિમ દિવસે તારીખ ૧૮-૦૨-૨૦૨૬ (બુધવાર) ના રોજ પાતા મેઘપર થી સવારે રથયાત્રા પ્રસ્થાન કરી મોટા વડાળા તરફ આગળ વધશે અને આ રીતે ત્રણ દિવસ માં ખોડલ રથયાત્રાનું સફળ સમાપન થશે. સમગ્ર રથયાત્રા દરમિયાન શ્રી ખોડલધામ ટ્રસ્ટ કાગવડ તરફથી મોકલાયેલ માં ખોડલનો પવિત્ર રથ રહેશે, જે ભકતોમાં અખંડ શ્રદ્ધા અને ભક્તિભાવનું કેન્દ્ર બનશે.

# સરકારને ઢંઢોળવા ગાંધીનગરમાં સોમવારે કોંગ્રેસની જંગી સભા

## એસઆઈઆરની કામગીરી અંતર્ગત મતદાર યાદીમાંથી મતદારોના નામ કમી કરવા સામે બાયો ચડાવશેઃ ખેડૂતોના દેવા માફીની માંગ કરાશે



**અબતક, રાજકોટ**

એસઆઈઆરની કામગીરીમાં ફોર્મ નં. ૭નો ગેરપયોગ કરી લાખો લોકોના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. જેનો કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે. આગામી સોમવારથી વિધાનસભામાં બજેટ સત્રનો આરંભ થઈ રહ્યો છે. કોંગ્રેસ દ્વારા સોમવારે ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે વિશાળ જાહેર સભા યોજાશે.

જેમાં રાજયભરમાં કોંગી કાર્યકરો ઉમટી પડશે. ખેડૂતોના દેવા માફીની પણ માંગ બુલંદ કરવામાં આવશે વિધાનસભા તરફ કુચ પણ કરાશે.

રાજયમાં સ્થાનીક સ્વરાજયની ચૂંટણી નજીક આવી રહી છે. ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલી એસઆઈઆરની કામગીરી અંતર્ગત રાજયમાં ફોર્મ નં. ૭ નો બેફામ દુરૂપયોગ કરી લાખો લોકોના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવા માટે એક જ ફોર્મેટમાં અરજી કરવામાં આવી છે. કોંગ્રેસ આ ઘટનાને ભાજપનું ષડયંત્ર ગણાવી રહ્યું છે. આગામી સોમવારથી ગુજરાત વિધાનસભામાં બજેટ સત્રનો આરંભ થઈ રહ્યો છે. ત્યારે કોંગ્રેસ દ્વારા ગાંધીનગર ખાતે સોમવારે જ સત્યાગ્રહ છાવણીમાં વિશાળ જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે. યુથ કોંગ્રેસ અને એનએસયુઆઈ દ્વારા આ સભાની જવાબદારી સ્વીકારવામાં આવી છે. આ સભામાં ગુજરાતના ખેડુતો પરના દેવા માફ કરવાની માંગણી કરવામાં

(અનુ. આઠમા પાને)

### રાજયભરના કોંગ્રેસના કાર્યકરો ગાંધીનગરમાં ઉમટશેઃ વિધાનસભા તરફ કુચ પણ કરશે

### ખેડુતોને શેરડીનો ભાવ ટન દિઠ ૫૦૦૦ આપવામાં આવે તેવી માંગઃ અમિત ચાવડા

નર્મદા સુગર ફેક્ટરીમાં ખેડૂતોને તેમની મહેનતનું યોગ્ય વળતર મળતું નથી. હાલમાં ખેતીના ખર્ચમાં થયેલો સતત વધારો, ખાતર અને બિયારણના ઊંચા ભાવ તથા મજૂરી ખર્ચને ધ્યાનમાં રાખીને ખેડૂતોને શેરડીનો ભાવ ટન દીઠ રૂ. ૫,૦૦૦ આપવાની પ્રબળ માંગ અમિત ચાવડાએ કરી હતી. સુગર ફેક્ટરી દ્વારા આ પોષણક્ષમ ભાવ આપવામાં નહીં આવે, તો ખેતી કરવી આર્થિક રીતે પરવડે તેમ નથી. સરકારની નબળી નીતિઓ અને આયોજનના અભાવે આદિવાસી વિસ્તારોમાં શિક્ષણનું સ્તર કથળી રહ્યું છે, જેના પરિણામે વિદ્યાર્થીઓના ડ્રોપઆઉટ રેશિયો માં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. આદિવાસી પટ્ટામાં શાળાઓનું અંતર, અપૂરતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પાયાની સુવિધાઓનો અભાવ વિદ્યાર્થીઓને શિક્ષણથી વંચિત રહે છે.

વન જમીન અધિકાર કાયદો-૨૦૦૬ લાગુ થયાને લગભગ ૨૦ વર્ષ થવા આવ્યા છતાં નર્મદા જિલ્લાના હજારો આદિવાસી પરિવારોના જંગલ જમીનના દાવાઓ આજે પણ પેન્ડિંગ છે. ભાજપ સરકાર ડિજિટલ ઈન્ડિયાના દાવાઓ વચ્ચે પણ ગરીબ આદિવાસીઓના હક્ક માટેના પુરાવાઓ ચકાસવામાં આટલો લાંબો સમય કેમ લાગે છે? સ્થાનિક સ્તરે ગ્રામ સભાના ઠરાવો અને ખેડાણના પુરાવાઓ હોવા છતાં, વહીવટી તંત્ર દ્વારા વારંવાર ક્વેરી કાઢીને કે ટેકનિકલ કારણોસર દાવાઓ પેન્ડિંગ રાખવા એ સરકારની મનશા પર શંકા જન્માવે છે. આદિવાસીઓને જળ, જમીન અને જંગલના માલિક બનાવવાના બદલે તેમને કચેરીઓના ધક્કા ખાવા મજબૂર કરવામાં આવ્યા છે. ગૂજરાત જમીન મહેસૂલ કાયદાની કલમ ૭૩ એએ હેઠળ આદિવાસીઓની જમીનોના રક્ષણ માટે કડક જોગવાઈઓ હોવા છતાં, હાલમાં આ જમીનોને બિન-ખેતી (એનએ) કરાવીને હડપવાનું એક મોટું કૌભાંડ ચાલી રહ્યું છે. આ કૌભાંડમાં ભૂમાફિયાઓ આદિવાસીઓની જમીન પર ખોટા દસ્તાવેજો કે સત્તાવાર મંજૂરીઓના જોરે કિંમતી જમીનો પડાવી રહ્યા છે. વિકાસના

(અનુ. આઠમા પાને)



શિવ શંકર ભોલે તુમકો લાખો પ્રણામ

# સોમનાથ મંદિર મહાશિવરાત્રીએ સળંગ ૪૨ કલાક ખુલ્લું રહેશે

## મુખ્યમંત્રી–, નાયબ મુખ્યમંત્રીની હાજરીમાં પાલખીયાત્રા ચાર પ્રહરની પૂજા, મહાપુજા સાંસ્કૃતિક કાર્યક્રમો મહાશિવરાત્રી તડામાર તૈયારીઓ

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

દેશના ૧૨ જ્યોતિર્લિંગમાં પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરે આવનારી મહાશિવરાત્રી (તા. ૧૫ ફેબ્રુઆરી) નિમિત્તે તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. આયોજન મુજબ તા. ૧૫ ફેબ્રુઆરીએ મંદિર સવારે ૪ વાગ્યે દર્શનાર્થીઓ માટે ખુલશે અને તા. ૧૬ ફેબ્રુઆરીએ રાત્રે ૧૦ વાગ્યે બંધ થશે. આમ, મંદિર સતત ૪૨ કલાક સુધી ભાવિકો માટે ખુલ્લું રહેશે.

સોમનાથ ટ્રસ્ટ દ્વારા મહાશિવરાત્રિના પર્વે પ્રથમ ધજાનું પૂજન કરી શિખરે ધજારોહણ કરવામાં આવશે. મંદિર પરિસરમાં ઢોલ-શરણાઈ, વેદ મંત્રોચ્ચાર અને ધૂન-ભજન સાથે શિવ પાલખી યાત્રા નીકળશે.મહાશિવરાત્રી પર્વે દેશભરના સંઘ-સમાજ, પગપાળા યાત્રીઓ અને બસ દ્વારા આવતા ભક્તજનો સોમનાથમાં ઉમટી પડશે તેવી શક્યતા છે. સોમનાથ ટ્રસ્ટ અને જિલ્લા પ્રશાસન દ્વારા સુવ્યવસ્થિત આયોજનથી આ પાવન પર્વને ભવ્ય અને યાદગાર બનાવવાની તૈયારી પૂર્ણ કરવામાં આવી રહી છે.શ્રદ્ધાળુઓને અગવડ ન

(અનુ. આઠમા પાને)

# મહાશિવરાત્રી નિમિતે રાજકોટ-વેરાવળ વચ્ચે કાલથી મેળા સ્પેશિયલ ટ્રેન દોડશે

## ગોંડલ, વિરપુર, જેતલસર, જૂનાગઢ અને કેશોદ સ્ટેશન પર ટ્રેન ઉભી રહેશે

**અબતક, રાજકોટ**

મહાશિવરાત્રી ૨૦૨૬: રાજકોટ અને વેરાવળ વચ્ચે ૧૩ થી ૧૭ ફેબ્રુઆરી દરમિયાન 'મેળા સ્પેશિયલ' ટ્રેન દોડાવવામાં આવશે

મહાશિવરાત્રી મેળા ૨૦૨૬ના અવસરે મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ અને વેરાવળ વચ્ચે વિશેષ ભાડા પર પાંચ દિવસ માટે મહાશિવરાત્રી મેળા સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ટ્રેન સંખ્યા ૦૯૫૧૩/૦૯૫૧૪ રાજકોટ-વેરાવળ-રાજકોટ અનારક્ષિત દૈનિક સ્પેશિયલ ટ્રેન છે.

ટ્રેન સંખ્યા ૦૯૫૧૩ રાજકોટ-વેરાવળ સ્પેશિયલઃ દરરોજ સવારે ૦૬:૫૫ કલાકે રાજકોટથી રવાના થશે અને તે જ દિવસે સવારે ૧૦:૫૫ કલાકે વેરાવળ પહોંચશે.

ટ્રેન સંખ્યા ૦૯૫૧૪ વેરાવળ-રાજકોટ સ્પેશિયલઃ વેરાવળથી બપોરે ૧૫:૨૦ કલાકે રવાના થશે અને રાત્રે ૨૦:૦૦ કલાકે રાજકોટ પહોંચશે.

આ સ્પેશિયલ ટ્રેન ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી દરરોજ દોડાવવામાં આવશે. આ ટ્રેન બંને દિશામાં ભકિતનગર, ગોંડલ, વીરપુર, જેતલસર, જૂનાગઢ અને કેશોદ સ્ટેશનો પર ઉભી રહેશે.

મુસાફરોને વિનંતી છે કે ટ્રેનના સ્ટોપેજ, સમયપત્રક અને કોચની રચના સંબંધિત વિગતવાર માહિતી માટે ભારતીય રેલવેની સત્તાવાર વેબસાઈટ www. enquiry. indianrail. gov.in ની મુલાકાત લેવા જણાવાયું છે.

વિશ્વમાં પ્રથમવાર

# અમુલ એઆઇઃ ૩૬ લાખ પશુપાલકોને ગુજરાતીમાં મળશે પશુપાલન-કૃષિ અંગે માહિતી

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમુલ એ.આઇ.નું કરાયું લોકાર્પણ



### "અમુલ એઆઈ" થકી પશુપાલકોને દુધના ફેટ, એસએનએફ અને દૈનિક હિસાબો મોબાઈલ એપ પર મળશે

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ દ્વારા ડેરી ક્ષેત્રને નવી દિશા આપતા અમૂલ એ.આઈ.નું લોકાર્પણ કરતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, આ અમૂલ એ.આઈ. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કૃષિ, પશુપાલન અને ડેરી ક્ષેત્રને આધુનિક અને આત્મનિર્ભર બનાવવાનો માઈલ સ્ટોન બનશે.

રાજ્યના ૧૮,૫૦૦થી વધુ ગામડાઓમાં ૩૬ લાખ દૂધ ઉત્પાદકોની સહકારી સંસ્થા અને વિશ્વની અગ્રણી સહકારી સંસ્થાની તથા ડેરી બ્રાન્ડની ખ્યાતિ પ્રાપ્ત અમૂલ દ્વારા ખેડૂતથી ટેક્નોલોજી સુધી સહકારને સ્માર્ટ બનાવતી નવિન અમૂલ એ.આઈ. ક્રાંતિનો પ્રારંભ અવસર આણંદમાં યોજવામાં આવ્યો હતો.

વડાપ્રધાને ૨૧મી સદીના અદ્યતન ટેકનોલોજી યુગમાં એ.આઈ. આધારિત વિકાસ માટે અનેક પહેલો હાથ ધરી છે. સરકાર, સહકાર અને ટેકનોલોજીની ત્રિવેણીથી આધુનિક વિકાસની ગતિ અનેક ગણી વધી ગઈ છે તેને હવે એ.આઈ. વધુ સંગીન બનાવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાનએ હંમેશા નાના માણસો, ગ્રામીણ ખેડૂતો, પશુપાલકોનું હિત વિચારીને તેમને વિકાસની મુખ્ય ધારામાં લાવવાનો જ ધ્યેય રાખ્યો છે. તેમના નેતૃત્વમાં ત્રણ કર્તવ્ય પર આધારિત આ વર્ષના કેન્દ્રીય બજેટમાં પણ દૂધ ઉત્પાદકોના હિતને કેન્દ્રમાં રાખીને અનેક મહત્વપૂર્ણ જોગવાઈઓ કરવામાં આવી છે.

એટલું જ નહીં, ડેરી ઈકો સિસ્ટમને મજબૂત કરવા ૨૦ હજાર વેટરનરી પ્રોફેશનલ્સ તૈયાર કરવા માટે વિશેષ ફંડની પણ કેન્દ્રીય બજેટમાં જોગવાઈ કરી છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, અમૂલે પોતાના સભાસદો, દૂધ ઉત્પાદકોને વધુ આવક મળે તેવી નવિનતમ ટેકનોલોજીનો ઉપયોગ ડિજિટલ ક્રાંતિથી કર્યો છે. પોતાની સુવિકસિત આગવી આઈ.ટી. સિસ્ટમમાં પશુપાલકો, દૂધ ઉત્પાદકો, સભાસદોનો જે ડેટાબેઝ છે તેને ઈન્ટીગ્રેટ કરીને હવે અમૂલ એ.આઈ.થી એડવાન્ટેજ ઈન્ડિયા માટે સજ્જ થયું છે.

વડાપ્રધાનના વિઝનથી તાજેતરમાં અમેરિકા અને યુરોપિયન યુનિયન સાથે થયેલી ટ્રેડ ડિલ ડેરી ક્ષેત્ર માટે લાભદાયી થશે. તેનો પણ મુખ્યમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો. તેમણે આ અંગેની વિસ્તૃત ભૂમિકા આપતા કહ્યું કે, આ ડીલમાં ડેરી

(અનુ. આઠમા પાને)

પાવગઢમાં મહાકાળીના ચરણોમાં શીશ ઝુકાવ્યું

# મારા માટે એક આંખ જિલ્લા પ્રમુખ અને બીજી આંખ બુથ પ્રમુખઃ જગદીશ વિશ્વકર્મા

### ભાજપના બુથ કાર્યકરોને સરકારી યોજનાના લાભ ઘર – ઘર સુધી પહોંચાડવા 'વિશ્વકર્મા'ની હાંકલ



**અબતક, રાજકોટઃ** ભાજપના બુથ કાર્યકરોને સરકારી યોજનાના લાભ ઘર-ઘર સુધી પહોચાડવાની હાંકલ ગુજરાત પ્રદેશભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા દ્વારા કરવામાં આવી છે.

ભાજપા પ્રદેશ અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળ્યા બાદ પ્રથમ વખત પંચમહાલ જિલ્લાના પ્રવાસે પધારેલા જગદીશભાઈ વિશ્વકર્માએ પાવાગઢ ખાતે મહાકાળી માતાજીના પ્રાચીન અને પવિત્ર મંદિરમાં દર્શન અને પૂજા- અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. કાર્યકર્તા સર્વોપરીની વિચારધારાના

(અનુ. આઠમા પાને)

# કચ્છના નાના રણમાં ચોમાસામાં વહી જતાં ૧.૩૫ કરોડ લીટર પાણીનું વન્ય જીવો માટે સંગ્રહ કરાશે

## ચોમાસામાં સંગ્રહેલું પાણી શિયાળામાં વન્ય પ્રાણીઓને કુદરતી રિતે મળી રહેશે

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં કચ્છના નાના રણ વિસ્તારમાં વન વિભાગ દ્વારા નવતર પહેલ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત શુષ્ક વાતાવરણ માટે જાણીતા આ વિસ્તારમાં પાણીનો સંગ્રહ કરી, જમીનનું ધોવાણ અટકાવી તેમજ વન્યપ્રાણીઓ-પક્ષીઓ માટે આવાસની ગુણવત્તા સુધારવા માટે મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે, તેમ વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું હતું.

તેઓએ વિગતો આપતા કહ્યું હતું કે, કચ્છના નાના રણ વિસ્તારમાં વન્યજીવોના સંરક્ષણ, સંવર્ધન તેમજ પર્યાવરણીય સંતુલન જાળવવા માટે માટી-ભેજ સંરક્ષણ સંબંધિત કામગીરી કરવામાં આવી રહી છે. જે અન્વયે આશરે એક કિ.મી.ના વિસ્તારમાં ત્રણ જેટલા ખાસ પ્રકારના પાળા તૈયાર કરવામાં આવી રહ્યા છે, જેમાં ભવિષ્યમાં વધારો કરવામાં આવશે. આ કામગીરીના પરિણામે ચોમાસામાં વહી જતા આશરે ૧.૩૫ કરોડ લિટર વરસાદી પાણીનો સંગ્રહ થશે, જેથી શિયાળા સુધી વન્યપ્રાણીઓને કુદરતી રીતે પીવાનું પાણી મળી રહેશે. આગામી બીજા-ત્રીજા વર્ષથી આ પાણી પીવાલાયક બની જશે, જે રણના શુષ્ક વાતાવરણમાં જીવસૃષ્ટિ માટે 'અમૃત' સમાન સાબિત થશે.

મંત્રી મોઢવાડીયાએ ઉમેર્યું હતું કે, આ પ્રોજેક્ટ માત્ર પાણી બચાવવા પૂરતો નથી, પરંતુ કચ્છના રણમાં એક સંપૂર્ણ ઈકો સિસ્ટમ વિકસાવવાનો પ્રયાસ છે. અહી માટીમાં ભેજનું પ્રમાણ વધવાથી જમીનની ફળદ્રુપતા સુધરશે અને વિવિધ સ્થાનિક ઘાસનો કુદરતી રીતે વિકાસ થશે. જેના પરિણામે વધુ ઘાસચારો ઉપલબ્ધ થશે, તૃણહારી પ્રાણીઓને પૂરતો ખોરાક મળશે અને તેમની સંખ્યામાં સતત વૃદ્ધિ થશે. આ આયોજનથી તળાવ અને જળાશયો એ વન્યજીવો, સ્થાનિક પક્ષીઓ અને દેશ-વિદેશથી આવતા યાયાવર પક્ષીઓ માટે ઉત્તમ આવાસ સાબિતરૂપ થશે. આ ઉપરાંત તળાવની વચ્ચે બનાવવામાં આવેલા 'માઉન્ટ' - ટેકરા પક્ષીઓ-પ્રાણીઓ માટે સુરક્ષિત અને આરામદાયક વિશ્રામ સ્થાન બની રહેશે.

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી પ્રવિણ માળીએ આ સંદર્ભે કહ્યું હતું કે, વૈજ્ઞાનિક રીતે તૈયાર કરવામાં આવેલા આ પાળાઓ જમીનનું ધોવાણ અટકાવશે

(અનુ. આઠમા પાને)

# ધો.૧૦-૧૨ની પરીક્ષાનો એક્શન પ્લાન જાહેરઃ ગત વર્ષ કરતા ૧ લાખ વિદ્યાર્થીઓ વધ્યાં

## ૨૬ ફેબ્રુઆરીથી ૧૫.૨૮ લાખથી વધુ વિદ્યાર્થી પરીક્ષા આપશે સામાન્ય પ્રવાહમાં સૌથી વધુ ૭૭,૩૭૭ વિદ્યાર્થી વધ્યા ધો.૧૦માં ૯,૦૭,૧૭૫ વિદ્યાર્થીઓ, ધો.૧૨ સાયન્સમાં ૧,૧૯,૨૬૩ અને સામાન્ય પ્રવાહમાં ૫,૦૧,૨૮૬ વિદ્યાર્થીઓ નોંધાયા

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૨૬મી ફેબ્રુઆરીથી લેવામાં આવનારી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા માટેનો એક્શન પ્લાન જાહેર કરી દેવાયો છે. એક્શન પ્લાનમાં જાહેર કરવામાં આવેલી આંકડાકીય વિગતો પ્રમાણે ચાલુ વર્ષ ૧૫.૨૮ લાખથી વધુ વિદ્યાર્થી આ બન્ને પરીક્ષામાં ઉપસ્થિત રહેશે. આ સિવાય સંસ્કૃત, પ્રથમા અને મધ્યમાના ૧૩૪૧ વિદ્યાર્થીઓ પણ પરીક્ષા આપવા માટે નોંધણી કરાવી છે. ગત વર્ષ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ કરતાં ચાલુ વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યામાં અંદાજે ૧ લાખ જેટલો વધારો થયો છે. ગત વર્ષે ૧૪.૨૮ લાખ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. ચાલુ વર્ષે રાજ્યના જિલ્લા અને તાલુકા કક્ષાના કુલ ૫૩,૭૬૪ બ્લોકમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવશે.

શિક્ષણ બોર્ડ દ્વારા ૨૬મી ફેબ્રુઆરીથી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાનો પ્રારંભ કરવામાં આવશે આ પરીક્ષા ૧૮મી માર્ચ સુધી ચાલુ રહેશે. એક્શન પ્લાનમાં જાહેર આંકડાકીય વિગતો પ્રમાણે બોર્ડની પરીક્ષા માટે કુલ ૧૫,૨૭,૭૨૪ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી છે. જે પૈકી ધો.૧૦માં કુલ ૯,૦૭૧૭૫ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જેમાં પણ નિયમિત વિદ્યાર્થીઓની સંખ્યા ૭,૬૯,૯૯૪ અને ખાનગી ૧૯૮૨૫ અને ૭૦૭૦૨ રીપીટર વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં કુલ ૫,૦૧૨૮૬ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી છે. આજ રીતે ધો.૧૨ સાયન્સમાં ૧,૧૯,૨૬૩ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી છે જેમાં ૧,૧૧,૨૯૪ નિયમિત, ૭૬૯૦ રીપીટર અ ૨૭૯ પૃથ્થક વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. મહત્વની વાત એ કે, ચાલુવર્ષે ૭૩૬૩ દિવ્યાંગ વિદ્યાર્થીઓએ પણ પરીક્ષા આપવા માટે નોંધણી કરાવી છે. જેમાં ધો.૧૦માં સૌથી વધારે ૪૮૭૭ અને ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૨૨૯૨ અને ધો.૧૨ સાયન્સમાં ૧૯૩ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. પરીક્ષાનું આયોજન કરવા માટે બોર્ડ દ્વારા કુલ ૧૭૦૧ કેન્દ્રોની પસંદગી કરવામાં આવી છે. ધો.૧૦ની પરીક્ષા માટે ૮૭ ઝોનના ૧૦૦૬ કેન્દ્ર અને ૩૨૪૩ બિલ્ડિંગના ૩૧૦૦૧ બ્લોકમાં પરીક્ષા લેવામાં આવશે. આ જ રીતે ધો.૧૨માં ૫૯ ઝોનમાં ૬૯૫ કેન્દ્રો નિર્ધારિત કરવામાં આવ્યા છે. જયારે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૫૩૯ કેન્દ્રના ૧૭૨૮ બિલ્ડિંગના ૧૬૬૬૪ બ્લોકમાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવશે. આજ રીતે ધો.૧૨ સાયન્સમાં ૧૫૬ કેન્દ્રના ૫૯૪ બિલ્ડિંગના ૬૦૯૯ વ્યવસ્થા ગોઠવવામાં આવશે. વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે ગણતરી કરીએ તો ધો.૧૦માં ૪,૯૮,૩૦૫ વિદ્યાર્થીઓની સામે ૪,૦૮,૮૭૦ વિદ્યાર્થિનીની નોંધણી થઈ છે. આજ રીતે ધો.૧૨ સામાન્યમાં ૬૨,૬૦૯ વિદ્યાર્થીઓની સામે ૫૬,૬૫૪ વિદ્યાર્થિનીઓએ નોંધણી કરાવી છે. આજ રીતે સામાન્ય પ્રવાહમાં ૨,૬૧,૬૯૭ વિદ્યાર્થીઓ અને ૨,૩૯,૫૮૯ વિદ્યાર્થિનીઓનો સમાવેશ થાય છે. એક્શન પ્લાનની સાથે જ પરીક્ષા કેન્દ્રો પર કેવા પ્રકારની વ્યવસ્થા રાખવી, વિદ્યાર્થીઓએ પરીક્ષા દરમિયાન કઇ વસ્તુ ન લઇ જવી, સ્કૂલો અને ઝોનલ કચેરીઓએ કેવી તકેદારી રાખવી તે સહિતની ગાઈડલાઈન પણ જાહેર કરી દેવામાં આવી છે.

### ધો.૧૦ અને ૧૨માં કુલ ૯૯ કેદીઓ પરીક્ષા આપશે

ધો.૧૦માં કુલ ૫૯ અને ધો.૧૨માં કુલ ૪૦ કેદીઓ પરીક્ષા આપશે. જિલ્લા પ્રમાણે જોઈએ તો અમદાવાદ જિલ્લામાં ધો.૧૦માં ૩૦ અને ધો.૧૨માં ૧૫ કેદીઓ પરીક્ષા આપશે. જેના માટે અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવશે. આજ રીતે વડોદરામાં ધો.૧૦માં ૧૦ અને ધો.૧૨માં ૭ કેદીઓ, રાજકોટમાં ધો.૧૦માં ૬ અને ધો.૧૨માં ૬ કેદીઓ પરીક્ષા આપશે. સુરતમાં ધો.૧૦માં ૧૩ અને ધો.૧૨માં ૧૨ કેદીઓ પરીક્ષા આપશે. જેની બેઠક વ્યવસ્થા લાજપોર મધ્યસ્થ જેલ, સુરત ખાતે કરવામાં આવશે. ગતવર્ષે કુલ ૧૧૩ કેદીઓએ બોર્ડની પરીક્ષા આપી હતી.